Visit Dwarkadheeshvastu.com For

FREE Vastu Consultancy, Music, Epics, Devotional Videos
Educational Books, Educational Videos, Wallpapers

****

All Music is also available in CD format. CD Cover can also be print with your Firm Name

****

We also provide this whole Music and Data in PENDRIVE and EXTERNAL HARD DISK.

Contact : Ankit Mishra (+91-8010381364, dwarkadheeshvastu@gmail.com)

GHAR SANSARMA KEVI RITE RAHEVU

(GUJRATI)

અનુક્રમણિકા

વિષય	પાના નં.
૧. ગૃહસ્થધર્મ	૦૧
૨. વ્યવહાર	૧૫
૩. બાળક સંબંધી વાતો	૩૨
૪. સંતાનનું કર્તવ્ય	૪૨
૫. સ્ત્રી-સંબંધી વાતો	૫૯
૬. મહાપાપોથી બચો	૭૯
૭. લડાઈ-ઝઘડાનું સમાધાન	૧૧૧

॥ ઉઁ શ્રીપરમાત્મને નમઃ ॥

ઘરસંસારમાં કેવી રીતે રહેવું ?

રુદ્રો મુણ્ડધરો ભુજગંસહિતો ગૌરી તુ સદ્‌ભૂષણા

સ્કંદઃ શમ્ભુસુતઃ ષડાનનયુતસ્તુણ્ડી ચ લમ્બોદરઃ ।

સિંહક્રેલિમમૂષકં ચ વૃષભસ્તેષાં નિજં વાહન-

મિત્થં શમ્ભુગૃહે વિભિન્નમતિષુ ચૈક્યં સદા વર્તતે ॥

ભગવાન શંકર મુંડમાળા અને સર્પ ધારણ કરીને રહે છે અને પાર્વતી સુંદર સુંદર આભૂષણ ધારણ કરીને રહે છે. શંકરના પુત્ર કાર્તિકેય છ મુખવાળા તથા ગણેશ લાંબી સૂંઢવાળા અને મોટા પેટવાળા છે. ભગવાન શંકર વગેરેનાં પોત પોતાનાં વાહન બળદ, સિંહ, મોર અને ઉંદર એકબીજાંને ખાવાવાળા છે. આવું પરસ્પરનું વિરોધાભાસી વાતાવરણ હોવા છતાં ભગવાન શંકરના પરિવારમાં હમેશાં એકતા રહેલી છે. [આવી રીતે ગૃહસ્થાશ્રમમાં અલગ અલગ સ્વભાવવાળા લોકોની સાથે પોતાનું અભિમાન અને સુખભોગનો ત્યાગ કરીને બીજાના હિત અને સુખનો ભાવ રાખીને અંદરોઅંદર પ્રેમપૂર્વક એકતા રહેવી જોઈએ.]

(૧) ગૃહસ્થ-ધર્મ

સાનન્દં સદનં સુતાશ્ચ સુધિયઃ કાન્તા ન દુર્ભાષિણી

સન્મિત્રં સુધનં સ્વયોષિતિ રતિશ્ચાજ્ઞાપરાઃ સેવકાઃ।

આતિથ્યં શિવપૂજનં પ્રતિદિનં મૃષ્ટાન્નપાનં ગૃહે

સાધોઃ સંગમુપાસતે હિ સતતં ધન્યો ગૃહસ્થાશ્રમઃ ॥

'ઘરમાં બધા સુખી છે, પુત્ર બુદ્ધિમાન છે, પત્ની મધુરભાષી છે, સારા મિત્રો છે, પોતાની પત્નીનો જ સંગ છે, નોકર કહ્યાગરા છે, રોજ અતિથિ-સત્કાર અને ભગવાન શંકરનું પૂજન થાય છે, પવિત્ર અને સુંદર ખાવા-પીવાનું છે, અને રોજ સંતોનો સંગ કરવામાં આવે છે આવો જે ગૃહસ્થાશ્રમ છે, તે ધન્ય છે !'

પ્રશ્ન: લગ્ન શા માટે કરવું ? શું લગ્ન કરવું જરૂરી છે ?

ઉત્તર : આપણે ત્યાં બે પ્રકારના બ્રહ્મચારીઓ હોય છે. નૈષ્ઠિક અને ઉપકુર્વાણ. જે આજીવન બ્રહ્મચર્યનું પાલન કરે છે તે 'નૈષ્ઠિક બ્રહ્મચારી' કહેવાય છે અને જે વિચાર દ્વારા ભોગેચ્છાનું નિવારણ કરી શકતા નથી અને માત્ર ભોગેચ્છાના નિવારણ માટે જ લગ્ન કરે છે તેઓ 'ઉપકુર્વાણ બ્રહ્મચારી' કહેવાય છે. તાત્પર્ય એ છે કે તેઓ લગ્ન કરીને જોઈ લે, તેથી અનુભવ થઈ જાય કે ભોગ ભોગવવાથી ભોગેચ્છાનું નિવારણ થતું નથી. તેથી ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમમાં જવાનું વિધાન કરવામાં આવેલું છે. સદા ગૃહસ્થાશ્રમમાં રહીને ભોગ ભોગવવામાં મનુષ્યતા નથી.

જેના મનમાં ભોગેચ્છા છે અથવા જે વંશ-પરંપરા ચલાવવા ચાહે છે અને (વંશપરંપરા ચલાવવાને માટે) તેના કોઈ ભાઈ નથી, તેણે માત્ર ભોગેચ્છા નિવારણના ઉદ્દેશ્યથી અથવા પરંપરા ચલાવવાને માટે લગ્ન કરી લેવાં જોઈએ. જો આવી ઈચ્છાઓ ન હોય તો લગ્ન કરવાની જરૂર નથી. શાસ્ત્રોમાં નિવૃત્તિને સર્વશ્રેષ્ઠ બતાવી છે— **'નિવૃત્તિસ્તુ મહાફલા'.**

પ્રશ્ન : કળિયુગમાં તો સંન્યાસ લેવાની મનાઈ કરવામાં આવેલ છે તો પછી મનુષ્ય નિવૃત્તિ કેવી રીતે લે ?

ઉત્તર : કળિયુગમાં સંન્યાસ ધર્મનું પાલન કરવામાં ઘણી કઠણાઈ છે તેથી મનુષ્ય સંન્યાસ-ધર્મ સારી રીતે નહીં નિભાવી શકે, તેથી કળિયુગમાં સંન્યાસ લેવાની મનાઈ કરવામાં આવે છે. તેથી જેવી રીતે સરકારી કર્મચારીઓ નોકરીમાંથી નિવૃત્ત થાય છે એવી જ રીતે ગૃહસ્થીઓએ નિવૃત્ત થઈ જવું જોઈએ અને પોતાના પુત્રો-પૌત્રોને

કામ-ધંધો સોંપીને ઘરમાં રહીને ભજન-સ્મરણ કરવું જોઈએ. જો પુત્રો ઈચ્છે તો ઘર સાથે માત્ર ભોજન, વસ્ત્ર વગેરેના નિર્વાહમાત્રનો સંબંધ રાખવો જોઈએ. જો પુત્રો નહીં ઈચ્છે તો નિર્વાહમાત્રનો સંબંધ પણ છોડી દેવો જોઈએ. નિર્વાહ કેવી રીતે થશે, તેની ચિંતા નહીં કરવી જોઈએ, કારણ કે–

प्रारब्ध पहले रचा, पीछे रचा सरीर ।
तुलसी चिंता क्यों करे, भज ले श्रीरघुबीर ॥

પ્રશ્ન : ગૃહસ્થનો ખાસ ધર્મ કયો છે ?

ઉત્તર : બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ– આ ચારેય આશ્રમોની સેવા કરવી એ ગૃહસ્થનો ખાસ ધર્મ છે, કારણ કે ગૃહસ્થ જ દરેકના મા-બાપ છે, પાલક છે, સંરક્ષક છે અર્થાત્ ગૃહસ્થમાંથી જ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી પેદા થાય છે અને તેમનું પાલન અને સંરક્ષણ થાય છે. તેથી ચારે ચાર આશ્રમોનું પાલન-પોષણ કરવું એ ગૃહસ્થનો ખાસ ધર્મ છે.

અતિથિ-સત્કાર કરવો, ગાય-ભેંસ, ઘેટાં-બકરાં વગેરેને સુખ-સગવડ આપવી; ઘરમાં રહેતા ઉંદર વગેરેને પણ ઘરના સભ્ય માનવા. એ બધાંનું પાલન-પોષણ કરવું એ ગૃહસ્થનો ખાસ ધર્મ છે. તેવી જ રીતે દેવતા, ઋષિ-મુનિની સેવા કરવી, પિતૃઓને પિંડ-પાણી આપવું, ભગવાનની વિશેષ પ્રકારે સેવા (ભજન-સ્મરણ) કરવી એ ગૃહસ્થનો ખાસ ધર્મ છે.

પ્રશ્ન : ગૃહસ્થાશ્રમમાં કેવી રીતે રહેવું જોઈએ ?

ઉત્તર : આ મનુષ્ય-શરીર અને તેમાં પણ ગૃહસ્થ-આશ્રમ ઉદ્ધાર કરવાની પાઠશાળા છે. ભોગ ભોગવવા અને આરામ કરવા માટે આ મનુષ્ય-શરીર નથી. '**એહि तन कर फल विषय न भाई**' (માનસ, ઉત્તર૰ ૪૪ । ૧). શાસ્ત્રવિહિત યજ્ઞ વગેરે કર્મ કરીને બ્રહ્મલોક વગેરે લોકોની પ્રાપ્તિ કરવી એ પણ ખાસ વાત નથી, કારણ કે ત્યાં

જઈને પાછા આવવું જ પડે છે– **'आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनः'** (ગીતા ૮ । ૧૬). તેથી પ્રાણીમાત્રના હિતની ભાવના રાખીને ગૃહસ્થાશ્રમમાં રહેવું જોઈએ અને પોતાની શક્તિ અનુસાર તન, મન, બુદ્ધિ, યોગ્યતા, અધિકાર વગેરે દ્વારા બીજાઓને સુખ પહોંચાડવું જોઈએ. બીજાઓની સુખ-સુવિધા માટે પોતાના સુખ-આરામનો ત્યાગ કરવામાં જ મનુષ્યની મનુષ્યતા છે.

પ્રશ્ન : ગૃહસ્થ-જીવનમાં કામ-ધંધો કરતાં જે હિંસા થાય છે તેનાથી છૂટકારો કેવી રીતે મળે ?

ઉત્તર : ગૃહસ્થ-જીવનમાં રોજ આ પાંચ હિંસાઓ થાય છે, (૧) જ્યાં રસોઈ બને છે, ત્યાં અગ્નિમાં કીડી વગેરે નાનાં નાનાં જીવો મરે છે, લાકડામાં રહેવાવાળા જીવો મરે છે વગેરે. (૨) જ્યાં પાણી રાખો છો ત્યાં ઘડો-માટલું આમ-તેમ કરવાથી પણ ઘણા જીવો મરે છે. (૩) ઝાડું કાઢતાં પણ ઘણા જીવો મરે છે. (૪) ઘંટીમાં અનાજ દળતી વેળા પણ ઘણા જીવો પીસાઈ જાય છે. (૫) ખાંડણીયાંમાં ડાંગર વગેરે કૂટવાથી પણ ઘણા જીવો મરી જાય છે. આ હિંસાઓથી છૂટવાને માટે રોજ બલિવૈશ્વદેવ, પંચમહાયજ્ઞ કરવા જોઈએ. જે સર્વ રીતે ભગવાનને શરણે થઈ જાય છે તેને આ હિંસા લાગતી નથી. તે સંપૂર્ણ પાપોથી મુક્ત થઈ જાય છે.

પ્રશ્ન : આપણે ઘંટી નહીં ચલાવીએ, ડાંગર નહીં કૂટીએ તો આપણને હિંસા નહીં લાગે ?

ઉત્તર : તમે દળેલી, કૂટેલી ડાંગર તમારા કામમાં લો છો તો તે લોટ દળવામાં, ડાંગર ખાંડવામાં જે હિંસા થઈ છે તે તમને લાગશે જ.

પ્રશ્ન : ખેતીમાં અનેક જીવોની હિંસા થાય છે તો શું ખેડૂત ખેતી નહીં કરે ?

ઉત્તર : ખેતી જરૂર કરે પણ ખ્યાલ રાખે કે હિંસા ન થાય. ખેડૂત માટે ખેતી કરવાનું વિધાન છે તેથી તેને પાપ ઓછું લાગે છે. તેથી તેણે પાપથી ડરીને પોતાના કર્તવ્યનો ત્યાગ નહીં કરવો જોઈએ. હા, જ્યાં સુધી બને ત્યાં સુધી હિંસા ના થાય તેવી સાવચેતી જરૂર રાખવી જોઈએ.

પ્રશ્ન : આજકાલ ખેડૂતો પાકની સુરક્ષા માટે ઝેરી દવાઓ છાંટે છે તો શું આ યોગ્ય છે ?

ઉત્તર : ખેડૂતે આ કામ ક્યારેય નહીં કરવું જોઈએ. પહેલાં લોકો હિંસા નહીં કરતા હતા તો અનાજ સસ્તું મળતું હતું. આજકાલ હિંસા કરે છે તો અનાજ મોંઘું મળે છે. દેખીતી રીતે તો એવું લાગે છે કે જીવ-જંતુઓને મારવાથી અનાજ વધુ પેદા થાય છે પણ તેનું પરિણામ સારું નહીં હોય.

પ્રશ્ન : શાસ્ત્રમાં ગૃહસ્થ પર પાંચ ઋણ બતાવ્યાં છે. પિતૃઋણ, દેવઋણ, ભૂતઋણ, ઋષિઋણ અને મનુષ્ય-ઋણ. આમાંથી પિતૃઋણ શું છે અને તેનાથી છૂટવાનો ઉપાય શું છે ?

ઉત્તર : માતા-પિતા, દાદા-દાદી, પરદાદા-પરદાદી, નાના-નાની, પરનાના-પરનાની વગેરે મરે છે ત્યારે જે કાર્ય કરવામાં આવે છે તે બધાં 'પ્રેતકાર્ય' છે, અને પરંપરાથી શ્રાદ્ધ-તર્પણ કરવું, પિંડ-પાણી દેવું વગેરે જે કાર્યો પિતરોના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે તે બધાં 'પિતૃકાર્ય' છે. મર્યા પછી પ્રાણી, દેવતા, મનુષ્ય, પશુ-પક્ષી, ભૂત-પ્રેત, વૃક્ષ-લતા વગેરે કોઈ પણ યોનિમાં જાય તો તેની સંજ્ઞા 'પિતર' હોય છે.

માતા-પિતાના રજ-વીર્યથી શરીર બને છે, માતાના દૂધથી અને પિતાના કમાયેલા અન્નથી શરીરનું પાલન-પોષણ થાય છે. પિતાના ધનથી શિક્ષણ અને લાયકાત પ્રાપ્ત થાય છે. માતા-પિતાના પરિશ્રમથી વિવાહ-લગ્ન થાય છે. આવી રીતે પુત્ર પર માતા-પિતાનું, માતા-પિતા પર દાદા-દાદીનું

અને દાદા-દાદી પર પરદાદા-પરદાદીનું ઋણ રહે છે. પરંપરાથી રહેનારા આ પિતૃઋણથી મુક્ત થવા માટે પિતરોની સદ્‌ગતિ માટે તેમના નામથી પિંડ-પાણી દેવાં જોઈએ. શ્રાદ્ધ-તર્પણ કરવાં જોઈએ. પુત્ર જન્મભર માતા-પિતા વગેરના નામથી પિંડ-પાણી આપે છે, પરંતુ આગળ પિંડ-પાણી આપવા માટે સંતાન ઉત્પન્ન નથી કરતો તો તે પિતૃઋણથી મુક્ત થતો નથી અર્થાત્ તેના પર પિતરોનું ઋણ રહે છે. પરંતુ સંતાન ઉત્પન્ન થવાથી તેના પર પિતૃઋણ રહેતું નથી, કારણ કે તે પિતૃ-ઋણ સંતાન પર આવી જાય છે. પિતર પિંડ-પાણી ચાહે છે, તેથી પિંડ-પાણી મળવાથી તેઓ સુખી રહે છે અને નહીં મળવાથી દુઃખી થઈ જાય છે. પુત્રને સંતાન નહીં થવાથી પણ તેઓ દુઃખી થઈ જાય છે કે આગળ એમને કોણ પિંડ-પાણી આપશે !

પ્રશ્ન : શું પિતરોના નામથી દીધેલું તેમને મળી જાય છે ?

ઉત્તર : પિતરોના નામથી જે કાંઈ પણ આપવામાં આવે છે તે બધું તેમને મળી જાય છે. ભલેને તેઓ કોઈ પણ યોનિમાં હોય, તેમના નામથી દીધેલું પિંડ-પાણી તેમની યોનિ અનુસાર ખાવાના યા પીવાના પદાર્થરૂપે મળી જાય છે. જેવી રીતે પિતર પશુયોનિમાં હોય તો તેમના નામથી દીધેલું અન્ન તેમને ઘાસ બનીને મળી જશે અને દેવયોનિમાં હોય તો અમૃત બનીને મળી જશે. તાત્પર્ય એ છે કે જે વસ્તુથી તેમનો નિર્વાહ થાય છે તેવી વસ્તુ તેમને મળી જાય છે. જેવી રીતે આપણે અહીંથી અમેરિકામાં કોઈને મનીઓર્ડર દ્વારા રૂપિયા મોકલીએ છીએ તો ત્યાં ડોલર બનીને તેમને મળી જાય છે એવી જ રીતે આપણે પિતરોના નામથી પિંડ-પાણી દઈએ છીએ, દાન-પુણ્ય કરીએ છીએ તો તે જે યોનિમાં પિતર છે તે યોનિ અનુસાર ખાવા અથવા પીવાના પદાર્થના રૂપમાં પિતરોને મળી જાય છે.

આજે આપણને ખૂબ માન-પાનથી જે અનાજ-કપડાં વગેરે મળે છે તે આપણાં પૂર્વકૃત પુણ્યોનું ફળ પણ હોઈ શકે છે અને આપણા પૂર્વ-જન્મના પુત્ર-પૌત્ર વગેરે દ્વારા કરવામાં આવેલાં શ્રાદ્ધ-તર્પણનું ફળ હોઈ શકે છે પરંતુ છે આ આપણું પ્રારબ્ધ જ.

જેવી રીતે કોઈએ બેંકમાં એક લાખ રૂપિયા જમા કર્યા. તેમાંથી થોડા પોતાના નામે, થોડા પત્નીના નામે અને થોડા પુત્રના નામે જમા કર્યા, તો તે પોતાના નામે જમા કરેલા પૈસા જ ઉપાડી શકે છે, પોતાની પત્ની અને પુત્રના નામથી જમા કરેલા પૈસા નહીં ઉપાડી શકે. તે પૈસા તો તેની પત્ની અને પુત્રને જ મળશે. એવી રીતે જ પિતરોના નામે જે પિંડ-પાણી દેવામાં આવે છે, તે પિતરોને જ મળે છે, આપણને નહીં. હા, આપણે જીવતે-જીવત ગયામાં જઈને આપણા નામથી પિંડ-પાણી દઈએ તો મર્યા પછી તે આપણને જ મળી જશે. ગયામાં તો પશુ-પક્ષીના નામથી દીધેલાં પિંડ-પાણી પણ તેમને મળી જાય છે. એક સજ્જનને તેમની ગાય પર બહુ સ્નેહ હતો. તે ગાય મરી ગઈ તો તેને સ્વપ્નમાં તે ગાય બહુ દુઃખી દેખાઈ. તેણે ગયામાં જઈને તે ગાયના નામથી પિંડ-પાણી દીધાં પછી તે ગાય સ્વપ્નમાં દેખાઈ તો તે ખૂબ પ્રસન્ન હતી.

જેવી રીતે આપણી પાસે એક તો આપણી કમાણીનું ધન હોય છે અને એક પિતા. દાદા, પરદાદાનું કમાયેલું ધન હોય છે. તો આપણી કમાણીના ધન પર જ આપણો અધિકાર છે. પિતા, દાદા વગેરેના કમાયેલા ધન પર આપણો એટલો અધિકાર નથી. વંશ-પરંપરા અનુસાર પિતા, દાદા વગેરના ધન પર આપણા પુત્ર-પૌત્રનો અધિકાર છે, એવી જ રીતે પિતરોને વંશ-પરંપરા અનુસાર પુત્ર-પૌત્રો દ્વારા દીધેલ પિંડ-પાણી મળે છે. તેથી પુત્ર-પૌત્રો પર પિતા, દાદા વગેરેને પિંડ-પાણી દેવાની જવાબદારી છે.

એક પિતૃલોક પણ છે, પરંતુ મરણ બાદ બધા પિતૃલોકમાં જ

જાય–આ કાંઈ નિયમ નથી. કારણ કે પોત-પોતાનાં કર્મો અનુસાર જ બધાંની ગતિ થાય છે.

પ્રશ્ન : અગર કોઈકના માતા-પિતા (પિતર) મુક્ત થઈ ગયા છે, ભગવત્‌ધામમાં ચાલ્યા ગયા છે તો તેમના નામથી દીધેલ પિંડ-પાણીનું શું થાય છે ?

ઉત્તર : પુત્રને તો એ જાણ હોતી નથી કે મારા માતા-પિતા મુક્ત થઈ ગયા છે, ભગવત્-ધામમાં ચાલ્યા ગયા છે, પરંતુ તે તેમના નામથી આદરપૂર્વક જે પિંડ-પાણી દે છે, દાન-પુણ્ય કરે છે, તે બધું તેના નામ પર જમા થઈ જાય છે અને મરણ બાદ તેને મળી જાય છે. જેવી રીતે આપણે કોઈના નામે મુંબઈ પૈસા મોકલીએ છીએ, પરંતુ તે વ્યક્તિ ત્યાં નહીં હોય તો તે પૈસા પાછા આપણને જ મળી જાય છે.

પ્રશ્ન : શું સંતાન ઉત્પન્ન કર્યા વિના પણ મનુષ્ય પિતૃઋણથી છૂટી શકે છે ?

ઉત્તર : હા, છૂટી શકે છે. જે ભગવાનને સર્વ રીતે શરણે થઈ જાય છે, તેના પર કોઈ પણ ઋણ નથી રહેતું –

દેવર્ષિભૂતાપ્તનૃણાં પિતૃણાં ન કિંકરો નાયમૃણી ચ રાજન્ ।
સર્વાત્મના યઃ શરણં શરણ્યં ગતો મુકુંદં પરિહૃત્ય કર્તમ્ ॥

(શ્રીમદ્‌ભા॰ ૧૧।૫।૪૧)

'હે રાજન! જે બધાં કાર્યોને છોડીને સંપૂર્ણરૂપથી શરણાગતવત્સલ ભગવાનના શરણે આવી જાય છે, તે દેવ, ઋષિ, પ્રાણી, કુટુંબીજન તથા પિતૃગણ આમાંથી કોઈનો પણ ઋણી અને સેવક (ગુલામ) નથી રહેતો.'

પ્રશ્ન : દેવઋણ શું છે અને તેનાથી છૂટવાનો ઉપાય શું છે ?

ઉત્તર : વર્ષા થાય છે, તાપ તપે છે, હવા ચાલે છે, પૃથ્વી બધાને ધારણ કરે છે, રાત્રે ચંદ્ર તથા દિવસે સૂર્ય પ્રકાશે છે જેનાથી બધાંનો જીવન-નિર્વાહ થાય છે– આ બધું આપણા પર દેવઋણ છે, હવન, યજ્ઞ કરવાથી

દેવતાઓની પુષ્ટિ થાય છે અને આપણે દેવઋણથી મુક્ત થઈ જઈએ છીએ.

પ્રશ્ન : ઋષિઋણ શું છે અને તેનાથી છૂટવાનો ઉપાય શું છે ?

ઉત્તર : ઋષિ-મુનિઓ, સંત-મહાત્માઓએ જે ગ્રંથો રચ્યા છે, સ્મૃતિઓ બનાવી છે, તેનાથી આપણને પ્રકાશ-જ્ઞાન મળે છે, તાલીમ મળે છે, કર્તવ્ય-અકર્તવ્યનું ભાન થાય છે, તેથી આપણા પર તેમનું ઋણ છે. તેમના ગ્રંથો વાંચવાથી, સ્વાધ્યાય કરવાથી, પઠન-પાઠન કરવાથી, સંધ્યા-ગાયત્રી કરવાથી આપણે ઋષિઋણથી મુક્ત થઈ જઈએ છીએ.

પ્રશ્ન : ભૂતઋણ શું છે અને તેનાથી છૂટવાનો ઉપાય શું છે ?

ઉત્તર : ગાય-ભેંસ, ઘેટાં-બકરાં , ઊંટ-ઘોડા વગેરે જેટલાં પ્રાણીઓ છે, તેમનાથી આપણે આપણું કામ ચલાવીએ છીએ, આપણો જીવન-નિર્વાહ કરીએ છીએ. વૃક્ષ-લતા વગેરે પાસેથી ફળ, ફૂલ,પાંદડાં. લાકડાં વગેરે લઈએ છીએ. આ આપણાં પર બીજાઓનું, પ્રાણીઓનું ઋણ છે. પશુ-પક્ષીઓને ઘાસ, અનાજ વગેરે આપવાથી, પાણી પીવડાવવાથી, ઝાડ-પાન વગેરેને ખાતર આપવાથી આપણે આ ભૂતઋણથી મુક્ત થઈ જઈએ છીએ.

પ્રશ્ન : મનુષ્યઋણ શું છે અને તેનાથી છૂટવાનો ઉપાય શું છે ?

ઉત્તર : કોઈની પણ મદદ વિના આપણો જીવન-નિર્વાહ થતો નથી. આપણે બીજાઓના બનાવેલા રસ્તા પર ચાલીએ છીએ, બીજાઓના બનાવેલા કૂવાઓનું પાણી પીએ છીએ, બીજાઓએ ઉગાડેલાં ઝાડ-પાન કામમાં લઈએ છીએ, બીજાઓ દ્વારા ઉગાડેલું અનાજ વગેરે ખાદ્ય-પદાર્થો કામમાં લઈએ છીએ– આ આપણા પર ઋણ છે. બીજાઓની સુખ-સુવિધા માટે કૂવા ખોદાવવાથી, પરબ માંડવાથી, બાગ-બગીચા બનાવવાથી, રસ્તાઓ બનાવવાથી, ધર્મશાળાઓ બનાવવાથી, અન્ન-ક્ષેત્ર બનાવવાથી આપણે

મનુષ્યઋણથી મુક્ત થઈ શકીએ છીએ.

પિતૃઋણ, દેવઋણ, ઋષિઋણ, ભૂતઋણ અને મનુષ્યઋણ આ પાંચ ઋણ ગૃહસ્થને જ લાગુ પડે છે. જે સર્વ રીતે ભગવાનને શરણે જાય છે, તે પિતર, દેવતા વગેરે કોઈનો પણ ઋણી રહેતો નથી, બધાં ઋણોથી મુક્ત થઈ જાય છે.

પ્રશ્ન : અગર કોઈને સંતાન ન હોય તો પોતાનાં સંબંધીઓનાં અથવા અનાથ છોકરા-છોકરીઓને દત્તક લેવાં જોઈએ કે નહીં ?

ઉત્તર : આજકાલના જમાનામાં દત્તક ના લેવા તે જ સારું છે, કારણ કે આપણાં પેદા કરેલા પુત્રો પણ સેવા નથી કરતા, આજ્ઞા માનતા નથી તો દત્તક લીધેલા પુત્રો શું ન્યાલ કરશે ! જો કે પિંડ-પાણી દેવા માટે દત્તક લેવાનું વિધાન તો છે, પરંતુ તે પિંડ-પાણી જ ન દે તો તેને દત્તક લેવાનું શું કામનું ? અગર આપણા માટે પુત્રની જરૂરિયાત હોય તો ભગવાન જરૂર આપી દેત. આપણા માટે પુત્રની જરૂરિયાત નથી માટે ભગવાને આપેલ નથી, તેથી આપણે દત્તક લઈને શું કામ મુશ્કેલી ઊભી કરવી ? ખાસ કરીને એવું જોવામાં આવ્યું છે કે દત્તક લીધેલા પુત્રો મા-બાપને દુઃખ-જ-દુઃખ આપે છે, તેમની સેવા કરતા નથી. તેથી અનાથ બાળકોને ભણાવવા જોઈએ, તેમની સેવા કરવી જોઈએ, તેમના શરીર-નિર્વાહનો પ્રબંધ કરવો જોઈએ.

પ્રશ્ન : અગર કોઈ પુત્ર નહીં હોય તો વૃદ્ધાવસ્થામાં આપણી સેવા કોણ કરશે ?

ઉત્તર : જેમને પુત્રો છે, શું તે બધાં પોતાના મા-બાપની સેવા કરે છે ? આજકાલના પુત્રો તો મા-બાપની ધન-સંપત્તિ પોતાને નામે કરવા ચાહે છે અને શ્રાદ્ધ-તર્પણને નકામું સમજે છે તો એવા પુત્રો શું સેવા કરશે ? તેઓ તો માત્ર દુઃખદાયી હોય છે. વાસ્તવમાં પ્રારબ્ધથી જેવી સેવા થવાની છે, જેટલાં સુખ-આરામ મળવાના છે,

તે તો મળશે જ, ભલે પુત્ર હોય કે નહીં હોય. અમે પ્રત્યક્ષ જોયું છે કે વિરક્ત સંતોની જેટલી સેવા થાય છે, તેટલી સેવા ગૃહસ્થોના પુત્રો કરતા નથી. તાત્પર્ય એ છે કે પુત્ર હોવાથી જ સેવા થાય છે તે વાત સાચી નથી.

પ્રશ્ન : અગર કોઇ પુત્ર નહીં હોય તો મરણ બાદ આપણને પિંડ-પાણી કોણ આપશે અને પિંડ-પાણી ન મળવાથી આપણી ગતિ કેવી રીતે થશે ?

ઉત્તર : પિંડ-પાણી દેવાથી પિંડ-પાણી દેવાવાળાના આગળના જન્મ-મરણ ચાલુ થાય છે. જેવી રીતે રસ્તે ચાલવાવાળા વ્યક્તિ ભૂખ-તરસને કારણે કોઇક ઠેકાણે થોભી જાય છે, રસ્તામાં અટકી જાય છે અને અનાજ-પાણી મળ્યા પછી પાછા પોતાના રસ્તા પર ચાલવા માંડે છે, એવી રીતે મૃતાત્માઓને પિંડ-પાણી ન મળવાથી તેઓ એક જગ્યાએ અટકી જાય છે, થોભી જાય છે અને પિંડ-પાણી મળવાથી તેઓ ત્યાંથી ચાલી જાય છે અર્થાત્ તેમની આગળની ગતિ શરુ થઇ જાય છે, તેમના જન્મ-મરણ ચાલુ થઇ જાય છે, પરંતુ તેમની મુક્તિ, કલ્યાણ થતાં નથી.

વાસ્તવમાં મુક્તિ થવી, કલ્યાણ થવું સંતાનને આધીન બિલકુલ નથી. અગર મુક્તિ સંતાનને આધીન હોય તો મુક્તિ પરાધીન જ થઇ ! પછી મનુષ્ય-જન્મની સ્વતંત્રતા જ ક્યાં રહી ? કલ્યાણમાં, મુક્તિમાં જ્યારે શરીરની આસક્તિ પણ બાધક છે, તો પછી મરણ બાદ પણ પુત્ર દ્વારા પિંડ-પાણીની આશા કલ્યાણ કેવી રીતે થવા દેશે ? તે તો બંધનમાં જ નાખશે. તેથી જે પોતાનું કલ્યાણ ચાહતા હોય, તેમણે પુત્રેષણા(પુત્રની ઇચ્છા) લોકૈષણા(સંસારમાં આદર-સત્કાર, માન-મોટાઇની ઇચ્છા) અને વિત્તૈષણા (ધનની ઇચ્છા) આ ત્રણનો ત્યાગ

કરી દેવો જોઈએ,કારણ કે આ ત્રણ જ પરમાત્મા પ્રાપ્તિમાં બાધક છે.

જેને સંતાનના, પિંડ-પાણીની ઈચ્છા છે, તે તો જન્મ-મરણના ચક્કરમાં પડી રહેવા ચાહે છે, કારણ કે ક્યાંય પણ જન્મ થશે ત્યારે તો તે પિંડ-પાણી ઈચ્છશે. અગર જન્મ જ ના થાય તો પિંડ-પાણી કોને જોઈએ !

પુત્ર નહીં હોવાથી કલ્યાણ નહીં થાય– આ વાત બિલકુલ ખોટી છે. અગર સંતાન હોવાથી જ કલ્યાણ થાય છે તો ડુક્કરીને અગિયાર અને સર્પિણીને એકસો આઠ બચ્ચાં હોય છે, પછી તેનું કલ્યાણ થઈ જ જવું જોઈએ ! એવી જ રીતે વધુ સંતાનવાળાઓનું કલ્યાણ જલદી થવું જોઈએ પરંતુ તે થતું નથી.

સંતાન હોય અથવા ન હોય, મનુષ્યએ માત્ર ભગવાનમાં જ લાગવું જોઈએ, ભગવતપરાયણ થઈને ભગવાનનું ભજન કરવું જોઈએ. જો પુત્રની ઈચ્છા મટતી ના હોય તો નિઃસંતાન મનુષ્યએ શ્રીરામલલાને, શ્રીકૃષ્ણલલાને પોતાના પુત્ર માની લેવા જોઈએ અને પુત્ર-ભાવથી તેમને લાડ-પ્રેમ કરે. તે પુત્ર (ભગવાન) જેવી સેવા કરશે તેવી સેવા પેદા કરેલા પુત્ર કરી જ નહીં શકે ! તે પુત્ર તો લોક-પરલોકનું બધું કામ કરી દેશે.

પ્રશ્ન : ગૃહસ્થમાં બાળ-બચ્ચાંનાં ભરણ-પોષણ, લગ્ન-વિવાહ વગેરેને લીધે અનેક ચિંતાઓ રહે છે, તે ચિંતાઓથી છૂટકારો કેવી રીતે મેળવી શકાય ?

ઉત્તર : પ્રત્યેક પ્રાણી પોતાના પ્રારબ્ધ અનુસાર જ જન્મે છે. પ્રારબ્ધમાં ત્રણ ચીજ હોય છે– જન્મ, આયુષ્ય અને ભોગ. * આ ત્રણમાં પ્રાણીનો 'જન્મ' તો થઈ ચુક્યો છે, તેનું જેટલું 'આયુષ્ય' છે, તેટલું તો તે જીવશે જ અને અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિઓનું આવવું 'ભોગ' છે.

---

* સતિ મૂલે તદ્વિપાકો જાત્યાયુર્ભોગાઃ । (યોગદર્શન ૨ । ૧૩)

વાસ્તવમાં પરિસ્થિતિ કોઈને પણ સુખી-દુઃખી કરતી નથી, પરંતુ મનુષ્ય જ અજ્ઞાનવશ પરિસ્થિતિઓથી સુખી-દુઃખી થઈ જાય છે.

કન્યા મોટી થઈ જાય તો એવી પરિસ્થિતિમાં તેના વિવાહની ચિંતા નહીં કરવી જોઈએ, કારણ કે કન્યા પોતાનું પ્રારબ્ધ (ભાગ્ય) લઈને જ આવી છે. તેથી તેને અનુકૂળ અથવા પ્રતિકૂળ પરિસ્થિતિ તેના પ્રારબ્ધ અનુસાર જ મળશે. માતા-પિતાએ તો વિવાહની બાબતમાં એક વિચાર કરવો જોઈએ કે જ્યાં અમારી કન્યા સુખી રહે, ત્યાં તેને આપવી છે. આવો વિચાર કરવાનું માતાપિતાનું કર્તવ્ય છે. પરંતુ અમે તેને સુખી કરી જ દઈશું, તેને સારું કુટુંબ મળી જ જશે, આ તેમના હાથની વાત નથી. તેથી કર્તવ્યનું પાલન તો થવું જોઈએ, પણ ચિંતા નહીં થવી જોઈએ.

એક ચિંતા હોય છે ને એક વિચાર હોય છે. ચિંતા અજ્ઞાન (મૂર્ખતા)થી પેદા થાય છે અને તેનાથી અંતઃકરણ મેલું બને છે અને વિકાસ થતો નથી. પરંતુ વિચારથી બુદ્ધિનો વિકાસ થાય છે. તેથી દરેક કામ કેવું કરવું, કેવી રીતે કરવું છે વગેરે વિચાર તો કરવો જોઈએ, પરંતુ કદી પણ ચિંતા નહીં કરવી જોઈએ. જો ચિંતારહિત થઈને વિચાર કરવામાં આવે તો કોઈ ને કોઈ ઉપાય જરૂર મળી જાય છે.

પ્રશ્ન : અગર પુત્રો વૃદ્ધાવસ્થામાં સેવા ન કરે તો શું કરવું જોઈએ ?

ઉત્તર : પુત્રો તરફથી આપણી મમતા કાઢી નાંખવી જોઈએ. એવું માનવું જોઈએ કે આ અમારા પુત્રો નથી. કોઈ પણ સેવા ન કરે તો તેવી અવસ્થામાં કુટુંબીઓ તરફથી સુખ-સગવડ મેળવવાની આશા હોય છે, તેનાથી દુઃખ થાય છે– **'આશા હિ પરમં દુઃખં નૈરાશ્યં પરમં સુખમ્'.** તેથી આશાનો ત્યાગ કરી દેવો જોઈએ અને અગવડમાં તપની ભાવના

કરવી જોઈએ કે 'ભગવાનની મોટી કૃપાથી આપણને આપોઆપ તપ કરવાનો અવસર મળ્યો છે. જો પરિવારવાળા આપણી સેવા કરવા મંડી પડત તો આપણે તેમના મોહ-મમતામાં ફસાઈ જાત પણ ભગવાને કૃપા કરીને આપણને ફસાવા દીધા નથી !'

મનુષ્ય મોહ-મમતામાં ફસાઈ જાય છે– આ જ તેની આધ્યાત્મિક પ્રગતિમાં બંધનકર્તા છે. આ બંધનને જે હઠાવે છે, તેમનો તો ઉપકાર જ માનવો જોઈએ કે આ અમને બંધનરહિત કરી રહ્યા છે, અમારું કલ્યાણ કરી રહ્યા છે, તેમની અમારા પર ભારે, મોટી કૃપા છે.

જીવનભર સેવા લેતા રહેવાથી વૃદ્ધાવસ્થામાં અસમર્થતાને કારણે કુટુંબીજનોથી સેવાની ઇચ્છા વધુ થઈ જાય છે. તેથી મનુષ્યએ પહેલેથી જ સાવધાન રહેવું જોઈએ કે હું સેવા લેવા માટે અહીં આવ્યો નથી, હું તો બધાંની સેવા કરવા માટે જ અહીં આવ્યો છું, કારણ કે મનુષ્ય, દેવતા, ઋષિ-મુનિ, પિતર, પશુ-પક્ષી, ભગવાન વગેરે બધાંની સેવા કરવાને માટે જ આ મનુષ્ય-શરીર છે. તેથી કોઈ દ્વારા પણ સુખ-સગવડ નહીં જોઈએ. અગર આપણે પહેલેથી જ કોઈ દ્વારા સુખ-સગવડ, સેવા નહીં ઇચ્છીએ તો વૃદ્ધાવસ્થામાં સેવા નહીં થાય તોપણ દુઃખ નહીં થાય. હા, આપણા મનમાં સેવા લેવાની ઇચ્છા નહીં રહેવાથી બીજાઓનાં મનમાં સેવા કરવાની ઇચ્છા જાગ્રત થઈ જશે !

દરેક ક્ષેત્રમાં ત્યાગની આવશ્યકતા છે. ત્યાગથી તત્કાળ શાંતિ મળે છે. પ્રતિકૂળ પરિસ્થિતિ આવવા છતાં પણ પ્રસન્ન રહેવું એ ભારે મોટું તપ છે. અંતઃકરણની શુદ્ધિ તપથી થાય છે, સુખ-સગવડથી નહીં. સુખ-સગવડ ચાહવાથી અંતઃકરણ અશુદ્ધ થાય છે. તેથી મનુષ્ય ક્યારેય પણ સુખ ઇચ્છે જ નહીં, પરંતુ પોતાના મન, વાણી, શરીરથી બીજાઓને સુખ પહોંચાડે.

પ્રશ્ન : જો પરિવારમાં કોઈ મરણ પામે તો મૃતાત્માની શાંતિને માટે તથા પોતાનો શોક દૂર કરવાને માટે શું કરવું જોઈએ ?

ઉત્તર : (૧) મૃતાત્માને માટે વિધિવત્ નારાયણબલિ, શ્રાદ્ધ-તર્પણ વગેરે કરવાં જોઈએ. (૨) જ્યારે જ્યારે તેની યાદ આવે ત્યારે ત્યારે તેને ભગવાનના ચરણમાં જોવા જોઈએ. (૩) તેના નિમિત્તે ગીતા-પાઠ, ભાગવત-સપ્તાહ, શ્રીરામચરિતમાનસનું નવાહ્નપારાયણ, નામ-જપ, કીર્તન વગેરે કરવું જોઈએ. (૪) તેના નિમિત્તે ગરીબ બાળકોને મીઠાઈ વહેંચવી જોઈએ. મીઠાઈ મળવાથી બાળક પ્રસન્ન થઈ જાય છે. તેમની પ્રસન્નતાથી મૃતાત્માને પણ શાંતિ મળે છે અને પોતાને પણ.

સત્સંગ, કથા-કીર્તન, મંદિર, તીર્થ વગેરેમાં જવાની બાબતોમાં શોક નહીં રાખવો જોઈએ, ઊલટાનું ત્યાં જરૂર જવું જોઈએ. આમાં પણ સત્સંગનો વિશેષ મહિમા છે, કારણ કે સત્સંગથી દરેક પ્રકારના શોક દૂર થાય છે.

(૨) વ્યવહાર

પ્રશ્ન : કુટુંબના વડીલ-વૃદ્ધોની સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ ?

ઉત્તર : વડીલોને સુખ-આરામ આપવાં, તેમની સેવા કરવી, તેમને મોટાઈ આપવી, તેમનો આદર કરવો, તેમની આજ્ઞાનું પલન કરવું, તેમના શિષ્ટાચારમાં રહેવું– આ નાનાંઓનું કર્તવ્ય છે. પરંતુ આ ખુદ વડીલોનું કર્તવ્ય નથી– અર્થાત્ અમે મોટા છીએ, પૂજનીય છીએ, આદરણીય છીએ– એવું માનવાનું વડીલોનું કામ નથી. કારણ કે એવો ભાવ રહેવાથી બીજાઓના હૃદયમાં તેમના પ્રતિ આદરભાવ ઓછો થાય છે અને આગળ જતાં તેમનો નિરાદર થવા લાગે છે. તેથી વડીલોનો ભાવ તો બધાનું પાલન-પોષણ કરવાનો જ હોવો જોઈએ. નાનાં અને મોટાઓનો આ પ્રકારનો ભાવ હોવાથી સઘળો પરિવાર અને સમાજ સુખી થાય છે.

પ્રશ્ન : વિધવા સ્ત્રીની સાથે સાસુ-સસરા, માતા-પિતા વગેરનો કેવો વ્યવહાર હોવો જોઈએ ?

ઉત્તર : વહુ અથવા દીકરી વિધવા થઈ જાય તો સાસુ-સસરા, માતા-પિતા વગેરેએ તેનો હૃદયથી આદર કરવો જોઈએ અને બહારથી રક્ષણ અને કાબૂ કરવો જોઈએ. જેથી તે બગડી ન જાય. તાત્પર્ય એ છે કે તેનું હિત ચાહીને તેની સાથે એવો વર્તાવ કરવો જોઈએ કે જેથી તે દુઃખી ના થાય અને તેનું આચરણ પણ ના બગડે.

વહુ અથવા દીકરી વિધવા થાય તો સાસુ અને માની ફરજ છે કે તે પોતાનું જીવન સાદાઈથી વીતાવે, ઘરેણાં-કપડાં, ભોજન વગેરેનું ભોગબુદ્ધિથી સેવન નહીં કરવું, પરંતુ નિર્વાહ માટે કરવું. આમ કરવાથી વહુ અને દીકરીમાં સુધારો થશે. કારણ કે સાસુ અને મા ભોગ ભોગવશે તો તેની અસર વહુ અને દીકરી પર સારી નહીં પડે. જો સાસુ અને મા સંયમ રાખશે તો તેની અસર વહુ અને દીકરી પર પણ સારી પડશે જેથી તેનું જીવન સુધરશે. સાસુ અને માએ એ જ વિચાર કરવો જોઈએ કે આ અવસ્થામાં અમે સંયમ નહીં રાખીએ તો પછી સંયમ ક્યારે કરીશું ? સંસારમાં સંયમી અને ત્યાગીઓનો જ મહિમા છે. ભોગીઓ અને સંગ્રહખોરોનો કોઈ મહિમા નથી.

પ્રશ્ન : વિધવા સ્ત્રી સાથે ભાઈઓ અને ભોજાઈઓ (ભાભીઓ)નો વ્યવહાર કેવો હોવો જોઈએ ?

ઉત્તર : ભાઈઓ અને ભાભીઓએ વિધવાઓનો હૃદયથી આદર કરવો જોઈએ. તેમનો તિરસ્કાર નહીં કરવો જોઈએ. તેમના ચારિત્ર્ય અને ભાવના રક્ષણની સાથે આદર-માનનો વર્તાવ કરવો જોઈએ. તેમના હિતની દૃષ્ટિથી તેમના પર પ્રેમભાવ અને કાબૂ બન્ને કરવા જોઈએ.

પ્રશ્ન : માતા-પિતાએ કન્યાના ઘરનું અન્ન ખાવું જોઇએ કે નહીં ?

ઉત્તર : માતા-પિતાએ કન્યાનું દાન કરી દીધું તો તે તેના ઘરની માલકણ બની ગઈ. હવે માતા-પિતાને તેના ઘરનું અન્ન લેવાનો અધિકાર

નથી. દાન કરેલી વસ્તુ પર દાતાનો અધિકાર નથી. અમે એક કથા સાંભળેલી છે. બરસાનાનો એક મોચી સવારે કોઇ કામ માટે નંદગાઁવ ગયો, ત્યાં બપોર થઇ ગઇ. કશું ખાધું-પીધું ન હતું. તરસ લાગી હતી, પરંતુ દીકરીના ગામનું પાણી કેવી રીતે પીવાય ? * કારણ કે અમારા વૃષભાનુજીએ અહીં કન્યા આપી છે. એવું વિચારીને ત્યાંનું પાણી પીધું નહીં અને બરસાના જવા નીકળી પડયો. ચાલતાં ચાલતાં તરસને કારણે રસ્તામાં પડી ગયો. તે સમયે રાધાજીએ તે મોચીની પાસે કન્યાનું રૂપ ધારણ કરીને તેમની પાસે આવીને કહ્યું કે પિતાજી ! હું તમારે માટે પાણી લાવી છું, પીઓ. મોચીએ કહ્યું કે દીકરી, હું હજુ નંદગાઁવની સીમામાં છું, તેથી અહીંનું પાણી નહીં પી શકું. રાધાજીએ કહ્યું કે પિતાજી ! હું તો બરસાનાનું પાણી લાવી છું. મોચીએ તે પાણી પી લીધું અને કહ્યું કે દીકરી ! હવે તું જા, હું આવું છું, રાધાજી ચાલ્યાં ગયાં. મોચીએ પોતાના ઘરે પહોંચીને દીકરીને ખોળામાં બેસાડીને કહ્યું કે દીકરી ! તેં પાણી પીવડાવીને મારા પ્રાણ બચાવી લીધા. જો તું પાણી લઇને નહીં આવી હોત તો મારા પ્રાણ ચાલ્યા જાત. દીકરીએ કહ્યું કે પિતાજી હું પાણી લઇને આવી ન હતી. ત્યારે મોચી સમજી ગયો કે રાધાજી જ મારી દીકરીનું રૂપ ધારણ કરીને મને પાણી પીવડાવી ગયાં. તાત્પર્ય એ છે કે પહેલાંના લોકો પોતાની દીકરીના ગામનાં અન્ન-પાણી લેતા ન હતા.

જ્યાં સુધી કન્યાને ત્યાં સંતાન ન થાય ત્યાં સુધી તેના ઘરનાં અનાજ-પાણી નહીં લેવાં જોઇએ. પરંતુ કન્યાને સંતાન થાય પછી માતા-પિતા કન્યાને ત્યાં અનાજ-પાણી લઇ શકે છે. કારણ કે જમાઇએ માત્ર પિતૃઋણથી મુક્ત થવાને માટે જ બીજાની કન્યા સ્વીકારેલી છે. તેથી કન્યા પર માતા-પિતાનો અધિકાર થઇ જાય છે, ત્યારે તો દોહિત્ર

---

* બરસાનના લોકો રાધાજીને પોતાની દીકરી માને છે.

પોતાના નાના-નાનીનું શ્રાદ્ધ-તર્પણ કરે છે, તેમને પિંડ-પાણી દે છે, અને પરલોકમાં નાના-નાની પોતાના દોહિત્ર દ્વારા કરેલા શ્રાદ્ધ-તર્પણ પિંડ-પાણી સ્વીકાર પણ કરે છે. જો કન્યાને સંતાનમાં પુત્રી હોય, પુત્ર ના હોય તોપણ તેના ઘરનાં અનાજ-પાણી લઈ શકે છે, કારણ કે સંતાન થવાથી કન્યાદાન સફળ થઈ જાય છે.

પ્રશ્ન : માતા-પિતા અને પુત્ર-પુત્રી વચ્ચે કેવો વહેવાર હોવો જોઈએ ?

ઉત્તર : માતા-પિતાનો એ જ ભાવ હોવો જોઈએ કે પુત્ર-પુત્રીએ અમારે ઘરે જન્મ લીધો છે, તેથી અમારે તેમના લોક-પરલોકનો સુધારો કરવો જોઈએ. અમારે માત્ર અમારા સુખ-આરામ નહીં જોવા જોઈએ. પરંતુ 'આ લોકોનો સુધારો કેવી રીતે થાય' તે ભાવથી પુત્ર-પુત્રી પર કાબૂ રાખવો જોઈએ. તેને સારી કેળવણી આપવાની છે અને સમયસર કાંઈ શિક્ષા કરવી પડે તો તે પણ તેમના હિતને માટે જ કરવી જોઈએ.

પુત્ર-પુત્રીનો એ ભાવ હોવો જોઈએ કે જે શરીરથી અમે પરમાત્માની પ્રાપ્તિ કરી શકીએ છીએ, મહાન આનંદની પ્રાપ્તિ કરી શકીએ છીએ તે શરીર અમને મા-બાપ પાસેથી મળેલું છે, અમારા દ્વારા એમને ક્યારેય પણ દુઃખ ન થાય. અમારા કારણે તેમને અપજશ ના મળે. અમારું આચરણ એવું હોય, કે જેનાથી લોકોમાં તેમનું માન-સન્માન વધે. અમે તીર્થ, વ્રત વગેરે જે કાંઈ શુભ કાર્ય કરીએ, તેનું ફળ (પુણ્ય) માતા-પિતાને જ મળે. એવા ભાવથી એકબીજામાં પ્રેમ વધશે, વર્તમાનમાં કુટુંબ સુખી થશે અને ભવિષ્યમાં સૌનું કલ્યાણ થશે.

પ્રશ્ન : પતિ અને પત્ની વચ્ચે કેવો વ્યવહાર હોવો જોઈએ ?

ઉત્તર : પતિનો એવો ભાવ હોવો જોઈએ કે આ પોતાના માતા-પિતા,

ભાઈ વગેરે સૌને છોડીને મારી પાસે આવી છે, તો તેણે કેટલો મોટો ત્યાગ કર્યો છે ! તેથી તેને કોઈ પણ રીતે કષ્ટ ના થાય, શરીર-નિર્વાહ માટે તેને ખોરાક, કપડાં, ઘર વગેરેની કમી ના રહે અને મારાં કરતાં તેને વધારે સુખ મળે. આવા ભાવ રાખવાની સાથે સાથે તેના પતિવ્રત-ધર્મનો પણ ખ્યાલ રાખવો જોઈએ જેથી તે ઉદ્દંડ નહીં બને અને તેનું કલ્યાણ પણ થઈ જાય.

પત્નીનો ભાવ એવો રહેવો જોઈએ કે હું મારું ગોત્ર અને સૌ કુટુંબીજનો વગેરેનો ત્યાગ કરીને આમની પાસે આવી છું તો સમુદ્ર પાર કરીને હવે કિનારે આવીને ડૂબી ના જાઉં અર્થાત્ હું આટલો ત્યાગ કરીને આવી છું તો હવે મારે કારણે એમને દુઃખ ના થાય, એમનું અપમાન, નિંદા, તિરસ્કાર ન થાય. અગર મારે કારણે એમની નિંદા વગેરે થશે તો ઘણી અનુચિત બાબત થઈ જશે. મારા પર ભલે ગમે તેટલું દુઃખ આવે પણ એમને જરા પણ કષ્ટ ના પડે. આવી રીતે તે પોતાના સુખ-આરામનો ત્યાગ કરીને પતિના સુખ-આરામનો ખ્યાલ રાખે, તેમનું લોક-પરલોક કેવી રીતે સુધરે તેનો ખ્યાલ રાખે.

પ્રશ્ન : સાસુ અને વહુ વચ્ચે કેવો વહેવાર હોવો જોઈએ ?

ઉત્તર : સાસુનો તો એવો ભાવ હોવો જોઈએ કે આ પોતાની માને છોડીને અમારા ઘરે આવી છે અને મારા દીકરાનું જ અંગ છે, તેથી મારો કોઈ વ્યવહાર એવો નહીં હોવો જોઈએ કે જેના કારણે તેને પોતાની મા યાદ આવે.

વહુનો એવો ભાવ હોવો જોઈએ કે મારો જે સુહાગ છે તેની આ માતા છે. જે મારું સર્વસ્વ છે, તે આ વૃક્ષનું ફળ છે. તેથી એમનો આદર ભાવ જોઈએ, પ્રતિષ્ઠા કરાવી જોઈએ. કષ્ટ હું ભોગવું અને સુખ એમને મળે. તે મારી સાથે કડવો વ્યવહાર કરે, તે મારા હિત માટે જ છે. એવું પ્રત્યક્ષ જોવામાં આવે છે કે મારી બીમારીમાં મારી સાસુ જેટલી સેવા કરે

છે તેટલી સેવા બીજું કોઇ કરી શકતું નથી. વાસ્તવમાં મારી સાથે ભલમનસાઈપૂર્વક જેવો સાસુનો વ્યવહાર છે તેવો વ્યવહાર બીજા કોઇનો દેખાતો નથી અને સંભવ પણ નથી. એમણે મને વહુરાણી કહી છે અને પોતાનો ઉત્તરાધિકાર મને જ આપ્યો છે. આવા અધિકાર બીજા કોણ આપી શકે ! એમનું ઋણ કોઇ જન્મોમાં હું નહીં ઉતારી શકું . તેથી મારા દ્વારા તેમને કોઇ પણ પ્રકારનું બિલકુલ કષ્ટ ના થાય. આવી રીતે જેઠ-જેઠાણી, દિયેર-દેરાણીનો આદર પોતાના ભાઈ-બહેન કરતાં પણ વધારે કરવાનો છે. જેઠ-જેઠાણી માતા-પિતા જેવાં અને દિયર-દેરાણી પુત્ર-પુત્રી જેવાં છે. તેથી એવો જ ભાવ રાખવો જોઇએ કે તેઓ કેવી રીતે સુખી થાય. હું માત્ર સેવા કરવા માટે જ આ ઘરમાં આવી છું, તેથી મારી નાનામાં નાની અને મોટામાં મોટી ક્રિયા આ લોકોના હિતને માટે, સુખ-આરામને માટે જ હોવી જોઇએ. મારી સાથે તે લોકોનો ગમે તેવો વ્યવહાર હોય– તે તરફ મારે ખ્યાલ કરવાનો જ નથી, કારણ કે તેમના કડવા વ્યવહારમાં પણ મારું ભલું જ છે.

પ્રશ્ન : ભાભી અને દિયેર વચ્ચે કેવો વ્યવહાર હોવો જોઇએ ?

ઉત્તર : ભાભી સીતાજીની જેમ અને દિયેર ભરતની જેમ વ્યવહાર કરે. સીતાજી ભરતને પુત્ર તરીકે જ માનતા હતા. કૈકેયીએ વિના કારણે વનમાં મોકલી દીધાં, પરંતુ સીતાજીએ ક્યારેય પણ ભરત પર દોષારોપણ કર્યું નથી, ભરતનો નિરાદર કર્યો નથી, પણ ચિત્રકૂટમાં જ્યારે ભરતજીએ સીતાજીની ચરણ-રજ પોતાને માથે ચઢાવી ત્યારે સીતાજીએ તેમને આશીર્વાદ આપ્યા ! એવી જ રીતે ભાભીનું વર્તન એવું હોવું જોઇએ કે દિયેર ગમે તેટલો નિરાદર, અપમાન કરે પણ તે પોતાનો માતૃભાવ, ભલમનસાઈનો ભાવ ક્યારેય પણ નહીં છોડે અને દિયેરે પણ ભાભીનો માનીજેમ આદર કરવો જોઇએ. જોકે સીતાજી

ઉમરમાં એટલાં મોટાં ન હતાં છતાં પણ ભરત, લક્ષ્મણ વગેરેનો સીતાજીમાં માતૃભાવ હતો.

પ્રશ્ન : બનેવી અને સાળાનો એકબીજા સાથે કેવો વ્યવહાર હોવો જોઈએ ?

ઉત્તર : બનેવીનો એવો ભાવ હોવો જોઈએ કે જેવી રીતે મને મારી પત્ની વહાલી લાગે છે, એવી રીતે મારી પત્નીનો વહાલો ભાઈ હોવાથી સાળો વહાલને પાત્ર છે. તેના ઘરેથી સમય સમયે કાંઈને કાંઈ મળ્યા જ કરે છે, તેથી લૌકિક દૃષ્ટિએ જોવા જઈએ તોપણ લાભ જ લાભ છે. પારમાર્થિક ભાવમાં તો ત્યાગની પ્રધાનતા છે જ.

સાળાનો એવો ભાવ હોવો જોઈએ કે આ મારી બહેનનું જ આદરણીય અંગ છે, તેથી પણ તે મારા આદરને પાત્ર છે. જેવી રીતે બહેન અને દીકરીને આપવાનું માહાત્મ્ય છે, એવી જ રીતે બહેનનું અંગ હોવાથી બનેવીને પણ આપવાનું માહાત્મ્ય છે. તે વહાલને, દાનને લાયક છે, તેથી દિલથી આદર કરતાં તેમને આપતા રહેવું જોઈએ.

પ્રશ્ન : ભાઈ અને બહેનનો એકબીજા સાથે કેવો વ્યવહાર હોવો જોઈએ ?

ઉત્તર : ખાસ કરીને ભાઈના તરફથી જ ભૂલ થાય છે. બહેન તરફથી ઓછી ભૂલ થાય છે. તેથી ભાઈનો એવો ભાવ રહેવો જોઈએ કે આ સુહાસિની છે, દયાની મૂર્તિ છે, તેને વધુ આદર, વહાલ કરવું જોઈએ. બ્રાહ્મણને ભોજન કરાવવાથી જેવી રીતે પુણ્ય થાય છે, તેવું પુણ્ય બહેન-દીકરીને આપવાથી થાય છે.

સરકારે પિતાની સંપત્તિમાં બહેનના ભાગનો જે કાયદો બનાવ્યો છે, તેનાથી ભાઈ-બહેનમાં ઝઘડા થઈ શકે છે, મનદુઃખ થવું એ તો બહુ મામૂલી બાબત છે. તે પોતાનો ભાગ માંગશે ત્યારે ભાઈ-બહેનમાં પ્રેમ નહીં રહેશે. ભાગ મેળવવામાં જ્યારે ભાઈ-ભાઈ વચ્ચે ખટપટ થઈ જાય છે, તો

પાછા ભાઈ-બહેન વચ્ચે ખટપટ થઈ જાય તેમાં તો કહેવું જ શું ? આથી આમાં બહેનોએ આપણા જૂના રિવાજને (પિતાની સંપત્તિમાં ભાગ ન લેવો) જ પકડી રાખવો જોઈએ, જે ધાર્મિક અને શુદ્ધ છે. ધન વગેરે પદાર્થ કોઈ મહત્ત્વની વસ્તુઓ નથી. આ માત્ર વ્યવહારને માટે જ છે. વ્યવહાર પણ પ્રેમને મહત્ત્વ આપવાથી સારો જ થશે, ધનને મહત્ત્વ આપવાથી નહીં. ધન વગેરે પદાર્થોનું મહત્ત્વ હાલમાં ઝઘડા કરાવવાવાળું અને પરિણામે નરકમાં લઈ જવાવાળું છે. આમાં મનુષ્યતા નથી. જેવી રીતે કૂતરાં એકબીજાં સાથે પ્રેમથી રમે છે. પરંતુ તેમની રમત ત્યાં સુધી જ છે, જ્યાં સુધી તેમની સામે રોટલી નથી આવતી. રોટલી સામે આવતાંની સાથે જ તેમની વચ્ચે ઝગડો શરૂ થઈ જાય છે. જો મનુષ્ય પણ તેમ કરે તો પછી તેમાં મનુષ્યતા ક્યાં રહી ?

ધર્મને પોતાના કર્તવ્યને ભગવાન અને ઋષિઓની આજ્ઞાને અને ત્યાગને મહત્ત્વ આપવાથી લોક-પરલોક આપોઆપ સિદ્ધ થઈ જાય છે. પરંતુ માન, મોટાઈ, સ્વાર્થ વગેરેને મહત્ત્વ આપવાથી લોક-પરલોક બન્ને બગડી જાય છે.

પ્રશ્ન : ગૃહસ્થે અતિથિ સાથે કેવો વર્તાવ કરવો જોઈએ ?

ઉત્તર : અતિથિનો અર્થ– જેના આવવાની કોઈ તિથિ, નિશ્ચિત સમય ના હોય. અતિથિ-સેવા મુખ્યત્વે ગૃહસ્થાશ્રમમાં જ છે. બીજા ક્રમે આની મુખ્યતા વાનપ્રસ્થ-આશ્રમમાં છે. બ્રહ્મચારી અને સંન્યાસીને માટે આની મુખ્યતા નથી.

જ્યારે બ્રહ્મચારી સ્નાતક બને છે અર્થાત્ બ્રહ્મચર્ય-આશ્રમના નિયમોનું પાલન કરીને બીજા આશ્રમમાં જવાની તૈયારી કરે છે, ત્યારે તેને આ દીક્ષાંત ઉપદેશ આપવામાં આવે છે–'**માતૃદેવો ભવ । પિતૃદેવો ભવ । આચાર્યદેવો ભવ । અતિથિદેવો ભવ ।**' (તૈતિરીયોપનિષદ્, શિક્ષા૧૧ । ૨) અર્થાત્ માતા, પિતા, આચાર્ય અને અતિથિને ઈશ્વર માનીને સેવા

કરો. ગૃહસ્થાશ્રમમાં જવાવાળાઓ માટે આ ખાસ નિયમો છે. તેથી ગૃહસ્થે અતિથિનો યથાયોગ્ય આદર-સત્કાર કરવો જોઈએ.

અતિથિ-સેવામાં આસન આપવું, ભોજન કરાવવું, પાણી પીવડાવવું વગેરે ઘણી બાબતો છે, પરંતુ મુખ્ય બાબત અન્ન આપવાની છે. જ્યારે રસોઈ બની જાય, ત્યારે પહેલાં વિધિ સહિત બલિવૈશ્વદેવ કરવો. બલિવૈશ્વદેવ કરવાનો અર્થ છે– વિશ્વમાત્રને ભોજન અર્પણ કરવું. પછી ભગવાનને ભોગ ધરવો. પછી કોઈ અતિથિ, ભિક્ષુક આવી જાય તો તેને ભોજન કરાવવું. ૧૭ પ્રકારના ભિક્ષુક કહેવામાં આવ્યા છે–

બ્રહ્મચારી યતિશ્ચૈવ વિદ્યાર્થી ગુરુપોષકઃ ।
અધ્વગઃ ક્ષીણવૃત્તિશ્ચ ષડેતે ભિક્ષુકાઃ સ્મૃતાઃ ॥

'બ્રહ્મચારી, સાધુ-સન્યાસી, વિદ્યા-અધ્યયન કરવાવાળા, ગુરુની સેવા કરવાવાળા અને ક્ષીણવૃત્તિવાળા (જેના ઘરમાં આગ લાગી હોય, ચોર-ડાકુ લઈ ગયા હોય, કોઈ આજીવિકા ના રહી હોય વગેરે)– આ છ ભિક્ષુક કહેવાય છે' તેથી આ છને અનાજ આપવું જોઈએ.

જો બલિવૈશ્વદેવ કરતાં પહેલાં જ અતિથિ, ભિક્ષુક આવી જાય તો ? સમય હોય તો બલિવૈશ્વદેવ પહેલાં કરી લેવો, નહીં તો પહેલાં ભિક્ષુકને અન્ન આપી દેવું જોઈએ. બ્રહ્મચારી અને સંન્યાસી તો બનેલી રસોઈના માલિક છે. તેમને અનાજ ન આપીને પહેલાં ભોજન કરી લઈએ તો પાપ લાગે છે, જેની શુદ્ધિ ચાંદ્રાયણવ્રત * કરવાથી થાય છે. અતિથિ ઘર

---

* ચાંદ્રાયણવ્રતની વિધિ આ પ્રકારે છે– અમાસ પછી પડવાનો એક ગ્રાસ, બીજનો બે ગ્રાસ એમ ક્રમથી એક એક ગ્રાસ વધારતા પૂર્ણિમાએ પંદર ગ્રાસ અનાજ લેવું. પૂનમ બાદ પડવાથી એક એક ગ્રાસ ઓછો કરવો અર્થાત્ પડવાના દિવસે ચૌદ, બીજના દિવસે તેર વગેરે. તાત્પર્ય એ છે કે ચંદ્રની કળા વધવાના સમયે ગ્રાસ વધારવા અને કળા ઘટવાના સમયે ગ્રાસ ઘટાડવા એ 'ચાંદ્રાયણવ્રત' છે. ગ્રાસ સિવાય બીજું કાંઈ પણ નહીં લેવું જોઈએ.

પર આવીને ખાલી હાથે પાછો જાય તો ઘરના માલિકનું પુણ્ય લઈ જાય છે, તેથી અતિથિને અન્ન આપવું જોઈએ.

ગૃહસ્થે ભીતરથી તો અતિથિને પરમાત્માનું સ્વરૂપ માનવું જોઈએ અને તેનો આદર કરવો જોઈએ, તેને ભોજન-પાણી આપવાં જોઈએ, પરંતુ બહારથી સાવધાન રહેવું જોઈએ. અર્થાત તેને ઘરનો ભેદ નહીં કહેવો જોઈએ, ઘર બતાવવું નહીં જોઈએ વગેરે. તાત્પર્ય એ છે કે ભીતરથી આદર કરીને પણ તેના પર વિશ્વાસ નહીં કરવો જોઈએ કારણ કે આજકાલ અતિથિના વેશમાં કોણ જાણે કોણ આવી જાય !

પ્રશ્ન : ગૃહસ્થનો ધર્મ તો પહેલાં સન્યાસી વગેરેને ભોજન આપવાનો છે અને સંન્યાસીનો ધર્મ ગૃહસ્થ ભોજન કરી લે પછી ભિક્ષા લેવા જવાનો છે, તો આ બે બાબત કેવી રીતે બને ?

ઉત્તર : ગૃહસ્થે એવું કરવું જોઈએ કે રસોઈ તૈયાર થઈ જાય એટલે પહેલાં બલિવૈશ્વદેવ કરી લે, પછી અતિથિ આવી જાય તો તેને યથાશક્તિ ભોજન આપે અને અતિથિ ના આવે તો એક ગાય દોહવામાં જેટલો સમય લાગે છે, તેટલો સમય દરવાજાની બહાર ઊભા રહીને રાહ જોવી. અતિથિ ના આવે તો તેનો ભાગ અલગ રાખીને ભોજન કરી લે.

સંન્યાસી કંઈ પણ સંગ્રહ કરતા નથી. તેથી જ્યારે તેને ભૂખ લાગે ત્યારે ભિક્ષાને માટે ગૃહસ્થના ઘરે જાય. જ્યારે ગૃહસ્થ ભોજન કરી લે અને વાસણ માંજીને અલગ રાખી લે તે સમયે તે ભિક્ષા લેવા માટે જાય. તાત્પર્ય એ છે કે ગૃહસ્થ પર ભાર નહીં પડે, તેને રસોઈ ઓછી ના પડે. ઘરમાં એક-બે માણસની રસોઈ બની હોય અને ભિક્ષુક આવી જાય તો રસોઈ ઓછી પડી જાય. હા, ઘરમાં પાંચ-સાત માણસોની રસોઈ બની હોય તો કોઈ ફરક નહીં પડશે, પરંતુ તે ઘરે ભિક્ષુકો વધારે આવી જાય તો તેમના પર પણ ભાર પડશે. તેથી ગૃહસ્થ ભોજન કરી લે તે બાદ જ

સંન્યાસીએ ભિક્ષા લેવા જવું જોઈએ અને જે વધેલું હોય તે લેવું જોઈએ સંન્યાસી જ્યારે ગૃહસ્થને ત્યાં ભિક્ષા લેવા જાય ત્યારે તેના ઘર પર વધુ રોકાવું ન જોઈએ. અગર ગૃહસ્થ મનાઈ ના કરે તો એક ગાય દોહવામાં જેટલો સમય લાગે છે તેટલો સમય ગૃહસ્થના ઘરે રોકાઈ શકે છે. જો ગૃહસ્થના મનમાં આપવાની ભાવના ના હોય તો ત્યાંથી ચાલી નીકળવું જોઈએ, પરંતુ ક્રોધ નહીં કરવો જોઈએ. એવી રીતે ગૃહસ્થે પણ ક્રોધ નહીં કરવો જોઈએ.

પ્રશ્ન : ગૃહસ્થે પોતાના પડોશી સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ ?

ઉત્તર : પડોશીને પોતાના કુટુંબનો સભ્ય જ માનવો જોઈએ. આ આપણો છે અને આ પરાયો છે– એવો ભાવ તુચ્છ હૃદયવાળાઓનો હોય છે. ઉદાર દિલવાળાઓને માટે તો આખી પૃથ્વી પોતાનું જ કુટુંબ છે *. ભગવાનના સંબંધે બધાં જ આપણા ભાઈઓ છે. તેથી ખાસ ઘરના માણસોની જેમ જ પડોશી સાથે વર્તાવ કરવો જોઈએ. ઘરમાં ક્યારેક મીઠાઈ અથવા ફળ આવી જાય તો અને સામે આપણા અને પડોશીના બાળકો હોય તો મીઠાઈ વગેરે વહેંચતા પહેલાં પડોશીનાં બાળકોને થોડી વધારે અને સારી મીઠાઈ વગેરે આપવી. ત્યાર બાદ બહેન-દીકરીના બાળકોને વધુ પ્રમાણમાં અને સારી મીઠાઈ વગેરે આપવી. પછી કુટુંબના તથા મોટા કાકા વગેરેનાં બાળકો હોય તો તેમને આપવી. છેલ્લે વધેલી મીઠાઈ વગેરે પોતાના બાળકોને આપવી એમાં કોઈ શંકા કરે કે અમારા બાળકોને ઓછી અને સાધારણ ચીજ મળે તો અમે નુકસાનમાં જ રહ્યાં ? આમાં નુકસાન નથી. આપણે પડોશી અથવા બહેન-દીકરીનાં બાળકો સાથે એવો વર્તાવ કરીશું તો તેઓ પણ આપણા બાળકો સાથે એવો જ વર્તાવ કરશે. જેનાથી માપ-તોલ બરાબર જ રહેશે. ખાસ બાબત એ છે કે આવો વર્તાવ કરવાથી એકબીજા વચ્ચે

---

* અયં નિજઃ પરો વેતિ ગણના લઘુચેતસામ્ ।
ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુંબકમ્ ॥ (પંચતંત્ર, અપરીક્ષિત° ૩૭)

પ્રેમ ખૂબ વધી જશે. પ્રેમની જે કિંમત છે, તે વસ્તુ-પદાર્થોની નથી.

પડોશીની કોઇ ગાય-ભેંસ ઘરે આવી જાય તો પડોશી સાથે ઝઘડો નહીં કરવો અને તેનાં પશુઓને પણ મારવાં નહીં, પરંતુ પ્રેમપૂર્વક પડોશીને કહેવું કે 'ભાઇ ! તમારી ગાય-ભેંસ અમારા ઘરે આવી ગઇ છે તે પાછી ના આવી જાય તેનો ખ્યાલ રાખજો'. આપણે આવો સૌમ્ય વર્તાવ કરીશું તો આપણી ગાય-ભેંસ પડોશીને ત્યાં જશે તો તેઓ પણ આવો જ વર્તાવ કરશે. જો પડોશી ક્રૂર રીતે વર્તાવ કરે તો આપણે તેના પર ક્રોધ નહીં કરવો જોઇએ, પરંતુ એ બાબતની વિશેષ સાવચેતી રાખવી જોઇએ કે આપણી ગાય-ભેંસ વગેરે દ્વારા પડોશીને કોઇ નુકસાન ન થાય.

આપણા ઘરે કોઇ ઉત્સવ હોય, વિવાહ-લગ્ન વગેરે હોય અને ત્યારે સારામાં સારાં પકવાન બને તો પડોશીના બાળકોને પણ આપવાં જોઇએ, કારણ કે પડોશી હોવાથી તે આપણા કુટુંબીઓ જ છે. આથી પણ વધુ પ્રેમાળ વર્તન રાખવાનું હોય તો જેમ આપણે આપણી બહેન-દીકરીનાં લગ્ન-વિવાહમાં આપીએ છીએ એ રીતે પડોશીની બહેન-દીકરીનાં લગ્ન-વિવાહમાં પણ આપવું જોઇએ, જેવી રીતે આપણા જમાઇ સાથે વર્તાવ કરીએ છીએ તેવી જ રીતે પડોશીના જમાઇ સાથે પણ વર્તાવ કરવો જોઇએ.

પ્રશ્ન : નોકરની સાથે કેવો વહેવાર કરવો જોઇએ ?

ઉત્તર : નોકરની સાથે આપણા બાળકના જેવો વહેવાર કરવો જોઇએ. નોકરને બે રીતે રાખી શકાય છે. (૧) નોકરને પગાર પણ અપાય અને ભોજન પણ (૨) નોકરને માત્ર પગાર અપાય, ભોજન તે પોતાને ઘરે કરે છે. જે નોકર પગાર લે છે અને ભોજન પણ કરે છે, તેની સાથે ભોજનમાં ભેદભાવ નહીં કરવો જોઇએ. ખાસ કરીને ઘરોમાં નોકરને માટે ત્રીજા નંબરનું, ઘરના સભ્યોને બીજા નંબરનું અને પોતાના પતિ-પુત્રને માટે પહેલા નંબરનું ભોજન બનાવવામાં

આવે છે તો આ ત્રણ પ્રકારનાં ભોજન ન બનાવતાં બધાંને માટે એક જ પ્રકારનું ભોજન બનાવવું જોઈએ. ભોજન મધ્યમ વર્ગનું બનાવવું જોઈએ અને બધાને આપવું જોઈએ. સમય પર કોઈ ભિક્ષુક આવી જાય તો તેને પણ આપવું જોઈએ.

જે નોકર માત્ર પગાર લે છે, ભોજન નથી કરતો, તે જે યોગ્ય સમજે તેવું બનાવે અને ખાઈ શકે. પરંતુ આપણા ઘરે ક્યારેક ખાસ પ્રસંગોએ મીઠાઈ વગેરે બને તો નોકરના બાળ-બચ્ચાંઓને આપવું જોઈએ. લગ્ન-વિવાહના પ્રસંગે તેને કપડાં વગેરે આપવાં જોઈએ, ઉપરાંત સમયે સમયે તેને ઈનામ, કપડાં, મીઠાઈ વગેરે પણ આપતા રહેવું જોઈએ. વધુ પગારની એટલી અસર નથી પડતી જેટલી ઈનામ વગેરેની પડે છે. નોકરને ઇનામ વગેરે આપવાથી આપવાવાળાના દિલમાં ઉદારતા આવે છે અને એકબીજા વચ્ચે પ્રેમ વધે છે, તેથી કોઈક વેળા ચોર, ડાકુ વગેરેથી આપણું રક્ષણ કરશે, વિવાહ વગેરેના પ્રસંગે તે ઉત્સાહથી કામ કરશે.

પ્રશ્ન : ઘરમાં ઉંદર, ગરોળી, મચ્છર, માંકડ વગેરે જીવો સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ ?

ઉત્તર : ઘરમાં રહેનારાં ઉંદર વગેરેને પણ આપણા ઘરના સભ્ય માનવા જોઈએ, કારણ કે તેઓ પણ પોતાનું ઘર આપણા ઘરમાં બનાવીને રહે છે. તેથી તેઓનો પણ આપણા ઘરમાં રહેવાનો અધિકાર છે. તાત્પર્ય એ છે કે આપણું રક્ષણ કરતા રહીને જ્યાં સુધી બને ત્યાં સુધી તેમનું પાલન કરવું જોઈએ. પરંતુ આજકાલ લોકો તેમને મારી નાંખે છે, આ બરાબર નથી. મનુષ્યને પોતાનું રક્ષણ કરવાનો અધિકાર છે, કોઈને મારી નાખવાનો અધિકાર નથી. જેવી રીતે મનુષ્ય પૃથ્વી પર પોતાનું ઘર બનાવીને રહે છે, એવી જ રીતે ઉંદર વગેરે પણ પોતાનું ઘર બનાવીને રહે છે, તેથી તેમને મારવા નહીં જોઈએ. ઘરમાં સાપ, વીંછી વગેરે ઝેરી જીવો હોય તો તેને યુક્તિથી પકડીને દૂર સુરક્ષિત જગા પર છોડી દેવા જોઈએ.

આપણી અસ્વચ્છતાથી, ગંદકીથી જ મચ્છર, માંકડ વગેરે પેદા થાય છે. તેથી ઘરમાં પહેલેથી જ સ્વચ્છતા, નિર્મળતા રાખવી જોઈએ, જેથી આવા જીવજંતુ પેદા થાય જ નહીં. સ્વચ્છતા રાખવા છતાં થાય તોપણ તેમને મારવાનો અધિકાર આપણને નથી.

પ્રશ્ન : ઘરમાં કૂતરાં પાળવાં જોઈએ કે નહીં ?

ઉત્તર : ઘરમાં કૂતરાં નહીં રાખવાં જોઈએ. કૂતરાં પાળનાર નરકમાં જાય છે. મહાભારતમાં લખેલું છે કે જ્યારે પાંડવ અને દ્રૌપદી વીરસંન્યાસ લઈને ઉત્તર તરફ ચાલ્યાં તો ચાલતાં ચાલતાં ભીમસેન વગેરે પડી ગયાં. અંતમાં જ્યારે યુધિષ્ઠિર પણ ગબડયા ત્યારે ઈન્દ્રની આજ્ઞાથી માતલિ રથ લઈને ત્યાં આવ્યા અને યુધિષ્ઠિરને કહ્યું કે આપ આ શરીર સાથે સ્વર્ગમાં પધારો. યુધિષ્ઠિરે જોયું કે એક કૂતરો તેમની પાસે ઊભો છે. તેમણે કહ્યું કે આ કૂતરો મારે શરણે આવ્યો છે, તેથી એ પણ મારી સાથે સ્વર્ગમાં આવશે. ઈન્દ્રે યુધિષ્ઠિરને કહ્યું–

સ્વર્ગે લોકે શ્વવતાં નાસ્તિ ધિષ્ણ્યમિષ્ટાપૂર્તં ક્રોધવશા હરંતિ ।
તતો વિચાર્ય ક્રિયતાં ધર્મરાજ ત્યજ શ્વાનં નાત્ર નૃશંસમસ્તિ ॥

(મહાભારત, મહાપ્ર૰ ૩ । ૧૦)

'ધર્મરાજ ! કૂતરાં રાખવાવાળાઓ માટે સ્વર્ગમાં સ્થાન નથી. તેમના યજ્ઞ કરવા અને કૂવા, વાવ વગેરે બનાવવાનું જે પુણ્ય હોય છે, તેને ક્રોધવશ નામનો રાક્ષસ હરી લે છે. તેથી સમજી વિચારીને કામ કરો અને આ કૂતરાને છોડી દો એવું કરવામાં કોઈ નિર્દયતા નથી.'

યુધિષ્ઠિરે કહ્યું કે મેં આ કૂતરો પાળેલો નથી, આ મારે શરણે આવ્યો છે, હું તેને મારું અડધું પુણ્ય આપું છું, જેથી આ મારી સાથે આવશે. યુધિષ્ઠિરે એવું કહ્યું એટલામાં તે કૂતરામાંથી ધર્મરાજ પ્રગટ થઈ ગયા અને કહ્યું કે મેં તારી પરીક્ષા લીધી હતી.

આપણી અસ્વચ્છતાથી, ગંદકીથી જ મચ્છર, માંકડ વગેરે પેદા થાય છે. તેથી ઘરમાં પહેલેથી જ સ્વચ્છતા, નિર્મળતા રાખવી જોઈએ, જેથી આવા જીવજંતુ પેદા થાય જ નહીં. સ્વચ્છતા રાખવા છતાં થાય તોપણ તેમને મારવાનો અધિકાર આપણને નથી.

પ્રશ્ન : ઘરમાં કૂતરાં પાળવાં જોઈએ કે નહીં ?

ઉત્તર : ઘરમાં કૂતરાં નહીં રાખવાં જોઈએ. કૂતરાં પાળનાર નરકમાં જાય છે. મહાભારતમાં લખેલું છે કે જ્યારે પાંડવ અને દ્રૌપદી વીરસંન્યાસ લઈને ઉત્તર તરફ ચાલ્યાં તો ચાલતાં ચાલતાં ભીમસેન વગેરે પડી ગયાં. અંતમાં જ્યારે યુધિષ્ઠિર પણ ગબડયા ત્યારે ઈન્દ્રની આજ્ઞાથી માતલિ રથ લઈને ત્યાં આવ્યા અને યુધિષ્ઠિરને કહ્યું કે આપ આ શરીર સાથે સ્વર્ગમાં પધારો. યુધિષ્ઠિરે જોયું કે એક કૂતરો તેમની પાસે ઊભો છે. તેમણે કહ્યું કે આ કૂતરો મારે શરણે આવ્યો છે, તેથી એ પણ મારી સાથે સ્વર્ગમાં આવશે. ઈન્દ્રે યુધિષ્ઠિરને કહ્યું–

स्वर्गे लोके श्वतां नास्ति धिष्ण्यमिष्टापूर्तं क्रोधवशा हरंति ।
ततो विचार्य क्रियतां धर्मराज त्यज श्वानं नात्र नृशंसमस्ति ॥

(મહાભારત, મહાપ્ર૰ ૩ । ૧૦)

'ધર્મરાજ ! કૂતરાં રાખવાવાળાઓ માટે સ્વર્ગમાં સ્થાન નથી. તેમના યજ્ઞ કરવા અને કૂવા, વાવ વગેરે બનાવવાનું જે પુણ્ય હોય છે, તેને ક્રોધવશ નામનો રાક્ષસ હરી લે છે. તેથી સમજી વિચારીને કામ કરો અને આ કૂતરાને છોડી દો એવું કરવામાં કોઈ નિર્દયતા નથી.'

યુધિષ્ઠિરે કહ્યું કે મેં આ કૂતરો પાળેલો નથી, આ મારે શરણે આવ્યો છે, હું તેને મારું અડધું પુણ્ય આપું છું, જેથી આ મારી સાથે આવશે. યુધિષ્ઠિરે એવું કહ્યું એટલામાં તે કૂતરામાંથી ધર્મરાજ પ્રગટ થઈ ગયા અને કહ્યું કે મેં તારી પરીક્ષા લીધી હતી.

તો ગૃહસ્થનું ખાસ કર્તવ્ય છે. પરંતુ કૂતરાની સાથે હળી-મળીને રહેવું, તેને સાથે રાખવો, તેનામાં આસક્તિ રાખવી એ પતનનું કારણ છે, કારણ કે અંત સમયે જો કૂતરાની યાદ આવી જશે તો આગળના જન્મમાં કૂતરો જ બનવું પડશે *.

પ્રશ્ન : ઘરની છત ઉપર અથવા દિવાલમાં પીપળો ઉગી જાય તો તેને હઠાવવો જોઈએ કે નહીં ?

ઉત્તર : તેને ઊખેડીને ચાર રસ્તા યા મંદિરની સામે અથવા ગલીમાં સારી રીતે રોપી દેવો જોઈએ અને તેને પાણી આપતા રહેવું જોઈએ. છત અથવા દિવાલ તોડવી પડે તો કોઇ ખાસ વાત નથી, તે ફરીથી સમારી લેવાય, પરંતુ બને ત્યાં સુધી પીપળાને કાપવો નહીં જોઈએ. પીપળો, વડ, ઉમરડો, આંબળા, તુલસી વગેરે પવિત્ર વૃક્ષોનો વિશેષ આદર કરવો જોઈએ, જે મનુષ્યને પવિત્ર કરવાવાળાં છે.

પ્રશ્ન : ગૃહસ્થે જીવન-નિર્વાહ માટે ધન કેવી રીતે કમાવું જોઈએ ?

ઉત્તર : ગૃહસ્થે શરીરથી પરિશ્રમ કરીને અને 'બીજાનો હક્ક ન લાગી જાય' એવી સાવધાની રાખીને ધન કમાવું જોઈએ, જેટલું ધન કમાય તેમાંથી દસમો, પંદરમો અથવા વીસમો ભાગ દાન-પુણ્ય માટે કાઢી લેવો જોઈએ. ધન કમાવામાં કાંઇ દોષ આવી જ જાય છે. તેથી તે દોષોના પ્રાયશ્ચિતને માટે ધન અલગ રાખવું જોઈએ.

પ્રશ્ન : આજકાલ સરકારી કાયદા એવા છે કે આપણે સચ્ચાઈથી ધન કમાઈ શકતા નથી, તેથી શું કરવું જોઈએ ?

---

* यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥ (ગીતા ૮ । ૬)

'હે કુંતીપુત્ર અર્જુન ! મનુષ્ય અંતકાળે જે પણ ભાવનું સ્મરણ કરતો કરતો શરીર છોડે છે તે તેવા ભાવથી સદા ભાવિત થઈને તેને-તેને જ મેળવે છે. અર્થાત્ તે તે યોનિમાં જ ચાલ્યો જાય છે.'

ઉત્તર : સરકારી કાયદાથી બચવાનો ઉપાય છે– પોતાનો ખર્ચ ઓછો કરવો, મોજ-શોખ, ભપકા-દેખાવ વગેરેમાં ખરચ નહીં કરવો, સાધારણ રીતે જીવન-નિર્વાહ કરવો, એકદમ સાદાઈથી સાત્ત્વિક જીવન વીતાવવું, કારણ કે ધન કમાવું આપણા હાથની વાત નથી. ધન તો જેટલું મળવાનું હશે તેટલું જ મળશે, પરંતુ ખર્ચ ઓછો કરવાનું આપણા હાથમાં છે, આ બાબતમાં આપણે સ્વતંત્ર છીએ.

પ્રશ્ન : એ વાત તો પ્રત્યક્ષ છે કે આપણે પૂરો ટેક્ષ આપીએ તો ધન ચાલ્યું જાય છે, અને પૂરો ટેક્ષ નથી આપતા ટેક્ષ છૂપાવીએ તો ધન બચે છે, તો ટેક્ષ છૂપાવવો એ સારું છે ?

ઉત્તર : દેખીતી રીતે એવું લાગે છે કે ટેક્ષ નહીં આપવાથી પૈસા બચી જાય છે પરંતુ અંતે તે પૈસા રહેતા નથી *. બચાવેલા પૈસા કામમાં પણ નહીં આવે. પરંતુ તે માટે જે જૂઠાણું, કપટ, દગાબાજી, અન્યાય વગેરે કર્યા છે તેનો દંડ તો ભોગવવો જ પડશે અને અન્યાયપૂર્વક કમાયેલું ધન છોડીને મરવું જ પડશે. તાત્પર્ય એ છે કે અન્યાયપૂર્વકની કમાણી કદાચ ડૉક્ટરો, વકીલો વગેરે પાસે ચાલી જાય, કદાચ ચોર-ડાકુ લઈ જાય, કદાચ બેંકોમાં પડી રહે, પરંતુ તમારા કામમાં નહીં આવે. તેથી જે ધન તમારા કામમાં નહીં આવે, તેને માટે પાપ, અન્યાય શા માટે કરવાં ?

સચ્ચાઈ દ્વારા કમાવાથી પૈસા ઓછા મળશે એવી વાત પણ નથી. જે પૈસા આવવાના છે તે તો આવશે જ. હા, કેવી રીતે આવશે તેની ખબર નથી, પણ આવવાવાળા જરૂર આવશે. એવા કેટલાક દાખલા જોવામાં

---

* अन्यायोपार्जितं द्रव्यं दशवर्षाणि तिष्ठति ।
प्राप्ते चैकादशे वर्षे समूलं तद्विनश्यति ॥

'અન્યાયથી કમાયેલું ધન દશ વર્ષ સુધી રહે છે અને અગિયારમા વર્ષે તે મૂળસહિત નષ્ટ થઈ જાય છે.'

આવે છે, કે ધનનો ત્યાગ કરી દે છે, ધન લેતા નથી તેમની સામે, ધન આવી જાય છે. મતલબ એ છે કે જેવી રીતે ખોટ-નુકસાન, બીમારી, દુઃખ વગેરે આપણી ઇચ્છા વિના આવે છે, કોઈ પરિશ્રમ વિના આવે છે, એવી જ રીતે જે ધન, સુખ આવવાનાં છે, મળવાનાં છે, તે પણ આપણી ઈચ્છા વિના, પરિશ્રમ વિના જ મળશે–

સુખમૈન્દ્રિયકં રાજન્ સ્વર્ગે નરક એવ ચ ।
દેહિનાં યદ્ યથા દુઃખં તસ્માન્નેચ્છેત તદ્ બુધઃ ॥

(શ્રીમદ્‌ભા° ૧૧ । ૮ । ૧)

'રાજન્ ! પ્રાણીઓની ઈચ્છા વિના જેવી રીતે પ્રારબ્ધ અનુસાર દુઃખી થાય છે એવી જ રીતે ઈન્દ્રિયજન્ય સુખ સ્વર્ગમાં અને નરકમાં પણ મળે છે. તેથી બુદ્ધિમાન મનુષ્યએ તે સુખોની ઈચ્છા ન કરવી જોઈએ.'

—— ——:: X X :: —— ——

(3) બાળક–સંબંધી વાતો

પ્રશ્ન : આદર્શ સંતાન કેવી રીતે ઉત્પન્ન થાય ?

ઉત્તર : આદર્શ સંતાન ત્યારે જ ઉત્પન્ન થઈ શકે છે, જ્યારે માતા-પિતાનું આચરણ, ભાવ આદર્શ હોય અને સંતાનની ઉત્પત્તિ માત્ર પિતૃઋણથી મુક્ત થવા માટે જ હોય, પોતાના સુખને માટે ન હોય, કારણ કે પોતાની સુખાસક્તિથી ઉત્પન્ન કરેલાં સંતાન ઘણું કરીને ઓછાં શ્રેષ્ઠ હોય છે. કુંતીનું આચરણ, ભાવ આદર્શ હતા તો ધર્મરાજ જાતે તેના ખોળામાં આવ્યા.

માતાઓએ એવું કરવું જોઈએ કે જ્યારે તેઓ ગર્ભવતી થઈ જાય, ત્યારે તેમણે પોતાના સંતાનને શ્રેષ્ઠ, સારાં બનાવવાની ઈચ્છાથી ભગવાનની કથાઓ તથા પ્રભુભક્તોનાં જીવન-ચરિત્રો સાંભળવાં, તેમનું જ ચિંતન કરે અને તેવાં જ ચિત્રો જોવાં. આવી રીતે મા પર સારા સંગની અસર હોવાથી શ્રેષ્ઠ સંતાન પેદા થાય છે. જેમ, જ્યારે પ્રહ્લાદજીની મા ગર્ભવતી હતી, ત્યારે નારદજીએ ગર્ભસ્થ બાળકને લક્ષ્ય કરીને તેમને ભગવાનની

કથા સંભળાવી, ઉપદેશ આપ્યો, જેથી રાક્ષસકુળમાં હોવા છતાં પણ પ્રહ્લાદજી શ્રેષ્ઠ બન્યા.

સત્કર્મ (સદાચાર) સત્ચિંતન, સત્-ચર્યા અને સત્સંગ– આ ચાર છે. સારાં કર્મ કરવાં 'સત્કર્મ' છે. બીજાના હિતનું અને ભગવાનનું ચિંતન કરવું 'સત્-ચિંતન' છે. એકબીજા વચ્ચે ભગવાન અને ભક્તોનાં ચરિત્રોનું વર્ણન કરવું અને સાંભળવું એ 'સત્-ચર્યા' છે. હું ભગવાનનો છું અને ભગવાન જ મારા છે– આવી રીતે ભગવાનની સાથે અટલરૂપે સ્થિત રહેવું 'સત્સંગ' છે. આ ચારથી સંતાન આદર્શ અને શ્રેષ્ઠ બની શકે છે.

મનુષ્ય-શરીરમાં જ આ સ્વતંત્રતા છે કે મનુષ્ય નવું નિર્માણ કરી શકે છે, પોતાની ઉન્નતિ કરી શકે છે, પોતાને શ્રેષ્ઠ બનાવી શકે છે. તેથી મનુષ્યએ સંત-મહાત્માઓનો સંગ કરવો જોઈએ. સંત-મહાત્મા ન મળે તો સાધનામાં તત્પરતાથી લાગેલા સાધકોનો સંગ કરવો. આવા સાધકો પણ ના મળે તો ગીતા, રામાયણ વગેરે સત્-શાસ્ત્રો વાંચે અને મનન કરે અને પોતાના કલ્યાણનો વિચાર કરે. આથી તે શ્રેષ્ઠ પુરુષ બની શકે છે.

પ્રશ્ન : માતા-પિતાનાં આચરણ, ભાવ વગેરે તો ઘણાં સારાં હોય છે, છતાં તેમનાં સંતાન સારાં નથી હોતાં– આનું શું કારણ ?

ઉત્તર : આમાં ખાસ કારણ સંગ-દોષ અર્થાત્ બાળકને સારો સંગ ના મળ્યો હોય. ઋણાનુબંધથી પૂર્વ-જન્મનો બદલો લેવા માટે પણ આવા સંતાન પેદા થાય છે. જે પુત્ર કુસંગથી બગડે છે, તે સત્-સંગથી સુધરી શકે છે. પરંતુ જે પૂર્વ-જન્મનો બદલો લેવા આવે છે, તે તો દુઃખ જ આપવાવાળો હોય છે. તેથી પોતાના આચરણ, ભાવ સારા હોવા છતાં પણ જો આવાં સંતાન પેદા થઈ જાય તો પૂર્વનું ઋણાનુબંધ સમજીને પ્રસન્ન રહેવું જોઈએ કે અમારું ઋણ ચૂકાઈ જાય છે.

વિશ્રવા બ્રાહ્મણ કુળના હતા; પરંતુ તેમની પત્ની કૈકસી રાક્ષસ-કુળની હતી, જેને કારણે રાવણ પેદા થયો. ઉગ્રસેન ધર્માત્મા પુરુષ હતા, પરંતુ એક દિવસ એક રાક્ષસે ઉગ્રસેનનું રૂપ ધારણ કરીને તેમની પત્નીનો સહવાસ કર્યો જેથી કંસ પેદા થયો.

પ્રશ્ન : માતા-પિતાનાં આચરણ સારાં નથી હોતાં, છતાં તેમનાં સંતાન સારાં હોય છે– આનું શું કારણ છે ?

ઉત્તર : ખાસ કરીને મા-બાપનો સ્વભાવ જ સંતાનમાં આવે છે. પરંતુ ઋણાનુબંધથી અથવા ગર્ભાધાનના સમયે કોઈ સારા સંસ્કાર પડવાને કારણે અથવા ગર્ભવસ્થામાં કોઈ સંત-મહાત્માનો સંગ મળવાથી ઉત્તમ સંતાન પેદા થઈ જાય છે. જેમ હિરણ્યકશિપુને ત્યાં પ્રહલાદજી પેદા થયા. પ્રહલાદજીની બાબતમાં આવે છે કે તપશ્ચર્યામાં બાધા પડવાથી હિરણ્યકશિપુ પત્નીને મળવા ઘરે આવે છે તો ગર્ભાધાનના સમયે તેના મુખેથી ઘણીવાર 'વિષ્ણુ' નામનું ઉચ્ચારણ થયું. જ્યારે તેની પત્ની ગર્ભવતી હતી, ત્યારે ગર્ભસ્થ બાળકને લક્ષ્ય કરીને નારદજીએ તેને ભક્તિની વાતો સંભળાવી. જેવી રીતે જળનો રસ મધુર જ હોય છે, પરંતુ જમીનના સંગથી રસ બદલાઈ જાય છે, અલગ-અલગ થઈ જાય છે (પ્રત્યેક કૂવાનું પાણી અલગ-અલગ હોય છે) તેવી જ રીતે સંગને કારણે મનુષ્યના ભાવ બદલાઈ જાય છે.

પ્રશ્ન : પિતાનો આત્મા જ પુત્ર રૂપે આવે છે– આનું શું તાત્પર્ય છે ?

ઉત્તર : જેમ કોઈ કોઈક બ્રાહ્મણને પોતાનો કુલગુરુ માને છે, કોઈ યજ્ઞોપવિત આપનારાને ગુરુ માને છે, પરંતુ તેનું શરીર ન રહે તો તેના પુત્રને ગુરુ માનવામાં આવે છે અને તેનો જેવો આદર-સત્કાર કરવામાં આવતો હતો, તેવો જ તેના પુત્રનો આદર-સત્કાર કરવામાં

આવે છે *. જેવી રીતે પિતા ધનના માલિક હોય છે અને પિતા મરી જાય તો પુત્ર ધનનો માલિક બની જાય છે. એવી જ રીતે પુત્ર ઉત્પન્ન થાય છે તો તે પિતાનો પ્રતિનિધિ થાય છે, પિતાની જગાએ કામ કરનારો હોય છે.

અહીં 'આત્મા'નો અર્થ ગૌણાત્મા છે, અર્થાત્ 'આત્મા' શબ્દ શરીરનો વાચક છે. શરીરથી શરીર (પુત્ર) પેદા થાય છે, તેથી વ્યવહારમાં પુત્ર પિતાનો પ્રતિનિધિ થાય છે, પરંતુ પરમાર્થ (કલ્યાણ)માં પુત્ર કોઈ કારણ નથી.

પ્રશ્ન : બાળકોને તાલીમ કેવી રીતે આપવી કે તેઓ ઉત્તમ બને ?

ઉત્તર : બાળક ખાસ કરીને જોઈને જ શીખે છે. તે માટે માતા-પિતાએ તેમની સામે સારું આચરણ કરવું જોઈએ, પોતાનું જીવન સંયમિત અને પવિત્ર રાખવું. આવું કરવાથી બાળક સારી વાતો શીખશે અને ઉત્તમ બનશે.

બાળકોની ઉન્નતિને માટે એક નંબરમાં તો માતા-પિતાએ પોતાનું આચરણ સારું રાખવું અને બીજા નંબરે તેમને સારી વાતો સંભળાવવી, ઊંચા પ્રકારનું શિક્ષણ આપવું, ભક્તો અને ભગવાનનાં ચરિત્રો સંભળાવવાં. સારું શિક્ષણ-કેળવણી તે છે, કે જેનાથી બાળક વ્યવહારમાં પરમાર્થની કળા શીખી જાય. આ અંગે થોડી બાબતો જણાવવામાં આવશે.

મા-બાપ ક્યાંક બહાર જવા ચાહે છે તો તેઓ બાળકોને કહે છે કે 'તમે અહીં રહો' આવું કહેવાથી બાળકો માનતાં નથી, જિદ કરે છે, જેથી મા-બાપને પણ વિક્ષેપ થઈ જાય છે. અને બાળકો પણ

---

* જ્યારે અર્જુન અશ્વત્થામાને બાંધીને દ્રૌપદીની સામે લાવે છે, ત્યારે દ્રૌપદી અશ્વત્થામાને છોડી દેવાનો આગ્રહ કરતાં અર્જુનને કહે છે કે જેની કૃપાથી તમે સંપૂર્ણ શસ્ત્રો-અસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે તમારા આચાર્ય દ્રોણ જ પુત્ર (અશ્વત્થામા)ના રૂપમાં તમારી સામે ઊભા છે—'સ એષ ભગવાન્ દ્રોણઃ પ્રજારૂપેણ વર્તતે' ।

(શ્રીમદ્ભા૰ ૧ । ૭ । ૪૫)

દુઃખી થઈ જાય છે તથા ઘરમાં અશાંતિ થઈ જાય છે. તેથી બાળકોને પહેલેથી જ આ કહી દેવું જોઈએ કે 'અમે ક્યાંક જઈએ તો જિદ નહીં કર્યા કરો, જેમ કહીએ તેમ કર્યા કરો'. રોજ દિવસમાં બે-ત્રણ વાર આવું કહી દેવાથી બાળકો આ વાતનો સ્વીકાર કરી લેશે. પછી ક્યાંક જવાના સમયે બાળકોને કહી દેવું કે 'જિદ નહીં કરવી, અમે જેમ કહીએ તેવું કરવું' તો તેઓ તમારી વાત માની લેશે.

ઘરમાં મીઠાઈ આવે છે, ફળ આવે છે, સારી વસ્તુઓ ખાવાની આાવે છે તો બાળકો તેને લેવા માટે જિદ કરે છે. તેથી જે સમયે ખાવાની ચીજો સામે ના હોય ત્યારે દિવસમાં બે ત્રણ વાર બાળકોને કહી દેવું જોઈએ કે 'કોઈ ખાવાની ચીજ હોય તો પહેલાં બીજાને આપવી જોઈએ, વધી હોય તે પોતે ખાવી જોઈએ.' પછી જ્યારે સારી ચીજ સામે આવે ત્યારે જિદ કરે તો તે સમયે તેને કહેવું કે 'જો બેટા ! જિદ નહીં કરવી અને બીજાને ખવડાવીને ખાવું, વહેંચીને ખાવું, તો વૈકુંઠમાં જવાશે'. પછી તે જિદ નહીં કરે. આવી રીતે તમે બાળકોને જે જે વાતો શીખવાડવા ચાહો તે વાતો દિવસમાં બે-ત્રણ વાર બાળકોને કહ્યાં કરો અને તેમની પાસે વહાલથી સ્વીકારી લેવડાવો.

બાળકોને સારી-સારી વાતો શીખવાડવી જોઈએ, જેમ કે—'જો બેટા ! ક્યારેય પણ કોઇ ચીજની ચોરી નહીં કરવી. મા પાસેથી માંગીને લેવું, ના આપે તો રડીને લેવું, પરંતુ ચોરી ના કરવી. નાનાં ભાઈ-બહેનોને વહાલ કરો. તેમને ખવડાવો-પીવડાવો જેવી રીતે ભગવાન રામ ભરત વગેરે સાથે વહાલ કરતા હતા, એવી જ રીતે તું પણ તારા ભાઈ-બહેનો સાથે પ્યારથી-વહાલથી રહે. તેમની સાથે લડાઈ નહીં કરવી. એકબીજા વચ્ચે વાદ-વિવાદ થઈ જાય તો તેમની વાત માની લેવી. પોતાની વાત મનાવવાની જિદ નહીં કરવી. મા-બાપ જેમ કહે, તે અનુસાર ઘરનું કામ, ધંધો કરો. નકામો સમય નહીં ગુમાવવો, સારા કામમાં લાગી રહેવું. બીજાઓનો હક્ક ડૂબાડવો નહીં, બીજાની ચીજને પોતાની માનવી નહીં. ચીજોનો સારામાં સારી રીતે ઉપયોગ કરવો વગેરે'. આવી રીતે બાળકોને

જે જે તાલીમ આપવી હોય તે રોજ દિવસમાં બે ત્રણ વખત કહી દેવી જોઈએ. આનાથી તેમની અંદર આ વાતોની સારી અસર પડી જશે.

તાત્પર્ય એ છે કે બાળકોને એક તો સારું આચરણ કરીને બતાવવું જોઈએ અને બીજું તેમને સારી રીતે કેળવવા જોઈએ. આ બાબતમાં માતા-પિતાએ ભગવાનનાં આ વચનોનું મનન કરવું જોઈએ–

ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન।
નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ॥
યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ।
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ॥
ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્।
સંકરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ॥ (ગીતા ૩।૨૨-૨૪)

'હે પાર્થ! મારે ત્રણે લોકમાં નથી કાંઈ કર્તવ્ય અને ન તો કોઈ કરવા પ્રાપ્ત યોગ્ય વસ્તુ અપ્રાપ્ત છે, તેમ છતાં પણ હું કર્તવ્ય-કર્મમાં જ લાગી રહું છું. જો હું કોઈ સમયે સાવચેત થઈને કર્તવ્ય-કર્મ ન કરું તો મોટી હાનિ થઈ જાય, કારણ કે મનુષ્ય બધાં પ્રકારે મારા જ માર્ગનું અનુસરણ કરે છે. જો હું કર્મ ન કરું તો આ બધાં મનુષ્યો નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય અને હું સંકરતા કરવાવાળો તથા આ સમસ્ત પ્રજાનો નાશ કરવાવાળો બનું'.

પ્રશ્ન : આજકાલ સ્કૂલોનું વાતાવરણ સારું નથી, તેથી બાળકોના શિક્ષણ માટે શું કરવું જોઈએ ?

ઉત્તર : બાળકોને રોજ ઘરમાં શિક્ષણ આપવું જોઈએ. તેમને એવી વાર્તાઓ સંભળાવવી જોઈએ કે જેમાં આ વાત આવે કે જેમણે માતા-પિતાનું કહેલું કર્યું, તેમની ઉન્નતિ થઈ અને જેમણે માતા-પિતાનું કહેલું નહીં કર્યું, તેમનું જીવન ખરાબ થયું. જ્યારે બાળક વાંચવા લાગે ત્યારે તેને ભક્તોનાં ચરિત્ર વાંચવા માટે આપવાં જોઈએ. બાળકોને કહેવું જોઈએ કે 'બેટા! દરેક બાળક સાથે સ્વતંત્ર સંબંધ નહીં રાખવો, બહુ હળી-

મળીને વાત નહીં કરવી. ભણીને સીધા ઘરે આવી રહેવું વડીલોની પાસે રહો. બજારની કોઇ ચીજ ખાવી નહીં, કારણ કે દુકાનદારનો હેતુ પૈસા કમાવાનો હોય છે કે કેમ કરીને પૈસા વધારે મળે, ચીજ ભલે ગમે તેવી હોય. તેથી તે સારી ચીજો બનાવતો નથી. બચપણમાં તો અગ્નિ તેજ હોવાથી બજારની ચીજો પચી જશે, પરંતુ તેનો વિકાર (અસર) આગળ ઉપર માલમ પડશે'.

ગૃહસ્થએ પૈસા કમાવા કરતાં બાળકોનાં ચરિત્રનો વધુ ખ્યાલ રાખવો, કારણ કે કમાયેલું ધન બાળકો જ કામમાં લેશે. જો બાળકો બગડી જશે તો ધન તેમને વધુ બગાડશે ! આ અંગે સજ્જનોનું કહેવું છે– **'પૂત સપૂત તો ક્યોં ધન સંચૈ ? પૂત કપૂત તો ક્યોં ધન સંચૈ'** ? અર્થાત્ પુત્ર સપૂત હશે તો તેને પૈસાની કમી રહેશે નહીં અને કપૂત હશે તો સંચય કરેલું બધું ધન નષ્ટ કરી દેશે તો પછી ધનનો સંચય શા માટે કરવો ?

પ્રશ્ન : બાળકોને ખ્રિસ્તી સ્કૂલોમાં શિક્ષણ આપવું જોઈએ કે નહીં ?

ઉત્તર : બાળકોને ખ્રિસ્તી સ્કૂલોમાં ભણાવશો તો તેઓ ઘરમાં રહેવા છતાં પણ ખ્રિસ્તી બની જશે અર્થાત્ આપણાં બાળકો ઉપરથી હિન્દુ અને અંદરથી ખ્રિસ્તી બની જશે. એ ઘણી શરમની વાત છે કે હજારો માઈલ દૂર રહેવાવાળા અહીં આવીને તમારાં બાળકોને ખ્રિસ્તી બનાવી દે છે અને તમે પોતાનાં ઘરનાં બાળકોને પણ હિન્દુ બનાવી શકતા નથી ! બાળકો આપણા દેશની ખાસ સંપત્તિ છે, તેમનું રક્ષણ કરો.

સમાજના આગળ પડતા માણસોની ફરજ છે કે તેઓ પોતાની સ્કૂલ, કોલેજ બનાવે, જ્યાં સારું શિસ્તપાલન હોય અને બાળકોને સારા શિક્ષણ માટેની વ્યવસ્થા હોય. ભણાવવાવાળા શિક્ષકોનું આચરણ પણ સારું હોય. જો કે સારું આચરણ કરવાવાળા શિક્ષકો મળવા કઠણ છે, તોપણ મહેનત કરવાથી મળી તો શકે છે. આવી સ્કૂલ-કોલેજોમાં આપણાં ધર્મનું અને

ગીતા, રામાયણ વગેરે ગ્રંથોનું શિક્ષણ પણ બાળકોને આપવું જોઈએ. ધાર્મિક શિક્ષણ માટે એક કલાક તો જરૂર રાખવો જ જોઈએ.

તમારે પોતે પણ સાદાઈ રાખવી અને બાળકોને પણ સાદાઈ શીખવવી. તમારે મોજ-શોખ, ઐશ-આરામનો ત્યાગ કરવો અને સારાં સારાં કામોમાં લાગી રહો તો આની બાળકો પર સારી અસર પડશે. ઘરમાં ભગવાનનું મંદિર હોય, ભગવાનનું પૂજન હોય. ભગવાનનું ચરણામૃત હોય, ભગવાનનું નામ-સંકીર્તન હોય, સારાં-સારાં ભક્તિનાં પદોનું ગાન હોય, તમે જેટલા સારા બનશો, બાળકો પણ તેટલાં જ સારાં બનશે. કહેવા કરતાં આચરણની અસર વધુ પડે છે.

પ્રશ્ન : પુત્ર-પુત્રીનાં લગ્ન માટે માતા-પિતાએ શું કરવું જોઈએ ?

ઉત્તર : મુખ્ય વાત તો એ છે કે પુત્ર અને પુત્રીનું જેવું ભાગ્ય હશે તેવું જ થશે. પરંતુ માતા-પિતાનું કર્તવ્ય છે કે જો પુત્રનાં લગ્ન કરવાનાં હોય તો કન્યાનો સ્વભાવ જોવો જોઈએ, કારણ કે જીવનભર તેની સાથે કામ પડવાનું છે. તેના શરીરમાં કોઈ ભંયકર રોગ ના હોય, તેની માનો સ્વભાવ સારો હોય વગેરે જેટલી તપાસ કરી શકાય, તેટલી કરવી જોઈએ. જો કન્યાનાં લગ્ન કરવાનાં હોય તો ઘર પણ સારું હોય, વર પણ સારો હોય, તેનામાં યોગ્યતા પણ હોય વગેરે બાબતોનો વિચાર કરીને કન્યા આપવી જોઈએ. શાસ્ત્રમાં વરની બાબતમાં સાત વાતો જોવાને માટે કહેવામાં આવ્યું છે–

કુલં ચ શીલં ચ વપુર્યશશ્ચ વિધાં ચ વિત્તં ચ સનાથતાં ચ ।
એતાન્ગુણાન્સપ્ત પરીક્ષ્ય દેયા કન્યા બુધૈઃ શેષમચિન્તનીયમ્ ॥

'વરનાં કુળ, શીલ, શરીર, યશ, વિદ્યા, ધન અને સનાથતા (વડીલોનો સહારો)– આ સાત ગુણોની પરીક્ષા કરીને પોતાની કન્યા આપવી જોઈએ.'

વાસ્તવમાં વર સારો હોય, વરની મા સારી હોય તો ત્યાં કન્યા સુખથી

રહે છે, કન્યાને એકદમ નજીક પણ નહીં આપવી જોઈએ અને બહુ દૂર પણ ન આપવી જોઈએ, કારણ કે નજીક આપવાથી ખટપટ વધુ થઈ શકે છે * અને દૂર આપવાથી મળવાનું કઠણ બને છે.

તાત્પર્ય એ છે કે પોતાનું સંતાન સુખ પામે, તે સુખ-સુવિધાથી રહે, તેને કોઈ રીતનું કષ્ટ ના થાય અને વંશની વૃદ્ધિ થાય– એવા ભાવથી સંતાનનાં લગ્ન કરવાં.

પ્રશ્ન : શું દહેજ લેવું પાપ છે ?

ઉત્તર : હા, પાપ છે.

પ્રશ્ન : જો પાપ છે તો પછી શાસ્ત્રોમાં આનું વિધાન કેમ છે ?

ઉત્તર : શાસ્ત્રોમાં માત્ર દહેજ આપવાનું વિધાન છે, લેવાનું વિધાન નથી. દહેજ લેવું નહીં જોઈએ અને ન લેવાનો જ મહિમા છે, કારણ કે દહેજ આપવાનું આપણા હાથની વાત છે, જ્યારે દહેજ લેવાનું આપણા હાથની વાત નથી.

ચાહના બે પ્રકારની હોય છે– (૧) આપણી ચીજ આપણને મળી જાય– આ ચાહના ન્યાયયુક્ત છે, પરંતુ પરમાત્માની પ્રાપ્તિમાં આ ચાહના પણ બાધક છે. (૨) બીજાઓની ચીજ આપણને મળી જાય– આ ચાહના નરકમાં લઈ જવાવાળી છે. દહેજ ઓછું મળે, વધારે મળે અને ન પણ મળે– એ તો પ્રારબ્ધ પર નિર્ભર છે,

---

* નજીક હોવાથી કન્યા પોતાના દરેક દુઃખની વાત આવીને પોતાની માને કહી દેશે, અને મા તે વાતને સહન નહીં કરીને કન્યાની સાસુ વગેરેને કોઈ એવી વાત કહી દેશે, જેથી કન્યાના સાસરામાં ખટપટ થઈ જશે. કન્યાએ પોતાના દુઃખની વાત કોઈને પણ ન કહેવી, પરંતુ ઘરની વાત ઘરમાં જ રાખવી, નહીં તો તેની પોતાની જ બેઈજ્જતી થશે, તેના પર આફત આવશે. જ્યાં તેને રાત-દિવસ રહેવાનું છે ત્યાં અશાંતિ થઈ જશે.

પણ અન્યાયપૂર્વક બીજાઓનું ધન લેવાની જે ઇચ્છા છે, તે ઘોર નરકમાં લઈ જનારી છે. મનુષ્યશરીર મેળવીને ઘોર નરકમાં જવું કેટલું મોટું નુકસાન છે, પતન છે ! તેથી મનુષ્યએ ઓછામાં ઓછું ઘોર નરકમાં લઈ જવાવાળી ઇચ્છાનો, પરાયા ધનની ઇચ્છાનો તો ત્યાગ કરવો જ જોઈએ.

વાસ્તવમાં ધન પ્રારબ્ધ અનુસાર જ મળે છે, ઇચ્છામાત્રથી નહીં. જો ધન ઇચ્છામાત્રથી મળતું હોત તો કોઈ પણ નિર્ધન નહીં રહેત. ધનની ઇચ્છા ક્યારેય કોઈની પૂરી થઈ નથી, થશે નહીં અને થઈ શકશે પણ નહીં. તેનો તો ત્યાગ કરવો જ પડશે. ધન મળવાનું હશે તો ઇચ્છા ન રાખવાથી સુગમતાપૂર્વક મળે છે અને ઇચ્છા રાખવાથી કઠણાઈપૂર્વક , પાપ, અન્યાયપૂર્વક મળે છે. ગીતામાં અર્જુને પૂછ્યું કે મનુષ્ય પાપ કરવા ચાહતો નથી છતાં કેમ પાપ કરી બેસે છે ? તો ભગવાને ઉત્તર આપ્યો કે કામના જ બધાં પાપોનું મૂળ છે. (૩ । ૩૬-૩૭)

જૂના જમાનામાં દીકરાના સાસરેથી દહેજમાં આવેલું ધન બહાર જ વહેંચી દેતા હતા, પોતાના ઘરમાં રાખતા ન હતા અને 'બીજાની કન્યા દાનમાં લીધી છે'– તેને માટે પ્રાયશ્ચિત રૂપે યજ્ઞ, દાન, બ્રહ્મ-ભોજન વગેરે કર્યા કરતા હતા, કારણ કે બીજાની કન્યા દાનમાં લેવી એ ભારે મોટું કરજ (ઋણ) છે. પરંતુ ગૃહસ્થાશ્રમમાં કન્યા દાનમાં લેવી પડે છે, તેથી આ ભાવ રહેતો હતો કે અમારે ઘરે કન્યા થશે તો અમે પણ કન્યાદાન કરીશું.

જે બ્રાહ્મણ વિધિ-વિધાનથી ગાય વગેરે દાનમાં લે છે, તે પણ તેને માટે પ્રાયશ્ચિતરૂપે યજ્ઞ, ગાયત્રી-જપ કરે છે– એવું અમે જોયું છે. જ્યારે બીજાનું ધન લેવું તે પણ દોષ છે, તો પછી દહેજમાં ધન લેવું દોષ છે જ. જો ક્યાંક દહેજ લેવું પડે તો માત્ર આપવાવાળાની ઇચ્છાપૂર્તિ, પ્રસન્નતાને માટે જ લેવું જોઈએ. આપણી તલમાત્ર પણ ઇચ્છા નહીં હોય અને માત્ર

આપવાવાળાની પ્રસન્નતાને માટે જ થોડું લેવામાં આવે, તો તેવું લેવું પણ આપવા સમાન જ છે.

—— ——:: X X :: —— ——

(૪) સંતાનનું કર્તવ્ય

માતા ચ કમલા દેવી પિતા દેવો જનાર્દનઃ ।
બાન્ધવા વિષ્ણુભક્તાશ્ચ સ્વદેશો ભુવનત્રયમ્ ॥

વાસ્તવમાં લક્ષ્મી-નારાયણ જ સૌના માતા-પિતા છે. આ દૃષ્ટિએ સંસારમાં અમારા જે માતા-પિતા છે, તે સાક્ષાત્ લક્ષ્મી-નારાયણનું જ સ્વરૂપ છે. તેથી પુત્રનું કર્તવ્ય છે તે માતા-પિતાની જ સેવામાં લાગેલા રહે. અસલી પુત્ર તે હોય છે કે જે શરીર વગેરેને પોતાનું નથી માનતો, પણ માતા-પિતાનું જ માને છે, કારણ કે શરીર માતા-પિતાથી જ પેદા થયેલું છે. શરીર ભલે સ્થૂળ, સૂક્ષ્મ અથવા કારણ કેમ ન હોય, તે બધાં પર માતા-પિતાનો જ અધિકાર માને છે, પોતાનો નહીં. મનુજીએ પણ કહ્યું છે કે પુત્ર તીર્થ, વ્રત, ભજન, સ્મરણ વગેરે જે કાંઇ શુભ કાર્ય કરે, તે બધું માતા-પિતાને જ અર્પણ કરે *. માતા-પિતા જીવતા હોય તો તત્પરતાથી તેમની આજ્ઞાનું પાલન કરે, તેમનાં ચિત્તને પ્રસન્ન કરે અને મર્યા પછી તેમને પિંડ-પાણી આપે, શ્રાદ્ધ-તર્પણ કરે, તેમના નામથી તીર્થ, વ્રત વગેરે કરે. એવું કરવાથી તેમના આશીર્વાદ મળે છે, જેનાથી લોક-પરલોક બન્ને સુધરે છે.

શ્રીભીષ્મજીએ પિતાની સુખ-સુવિધા, પ્રસન્નતાને માટે પોતાની સુખ-સુવિધાનો ત્યાગ કરી દીધો અને બાલ-બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા લઇ લીધી. તેમણે કનક-કામિની બન્નેનો ત્યાગ કરી દીધો. તેથી પ્રસન્ન

---

* તેષામનુપરોધેન પારત્ર્યં યદ્યદાચરેત્ ।
તત્તન્નિવેદયેત્તેભ્યો મનોવચનકર્મભિઃ ॥

(મનુસ્મૃતિ ૨ । ૨૩૬)

ભાઈને પિતાએ તેમને ઇચ્છામૃત્યુનું વરદાન આપ્યું તેઓ ઇચ્છામૃત્યુ પામી ગયા કે જ્યારે ચાહે, ત્યારે મરે. તેમને આવું સામર્થ્ય પિતાની સેવાથી પ્રાપ્ત થયું. શ્રીરામે પિતાજીની આજ્ઞાનું પાલન કરવાને માટે રાજ્ય, વૈભવ, સુખ-આરામ વગેરે બધાનો પરિત્યાગ કરી દીધો. વાલ્મીકિ રામાયણમાં શ્રીરામે સ્વયં કહ્યું છે કે પિતાજીના કહેવાથી હું અગ્નિમાં પણ પ્રવેશ કરી શકું છું, ઝેરનું પણ ભક્ષણ કરી શકું છું અને સમુદ્રમાં પણ કૂદી શકું છું, પરંતુ હું પિતાની આજ્ઞા નથી ટાળી શકતો *. શ્રીરામ વિચારક ન હતા, આજ્ઞાપાલક હતા અર્થાત્ પિતાજીએ શું કહ્યું છે, ક્યારે કહ્યું છે, કઈ અવસ્થામાં અને કઈ પરિસ્થિતિમાં કહ્યું છે વગેરેનો વિચાર નહીં કરીને તેમણે પિતાજીની આજ્ઞાનું પાલન કર્યું અને વનવાસમાં ચાલ્યા ગયા. તેથી માતા-પિતાના આજ્ઞાના પાલનમાં શ્રીરામ સૌના આદર્શ બન્યા. ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે–

અનુચિત ઉચિત બિચારુ તજિ જે પાલહિં પિતુ બૈન ।
તે ભાજન સુખ સુજસ કે બસહિં અમરપતિ ઐન ॥

તાત્પર્ય એ છે કે પુત્રએ શ્રીરામની જેમ પોતાનું આચરણ બનાવવું જોઈએ અને વિચારવું જોઈએ કે આ પરિસ્થિતિમાં, આ અવસ્થામાં મારી જગ્યાએ શ્રીરામ હોત તો શું કરત ? આવી રીતે તેમનું ધ્યાન કરીને કામ કરવું જોઈએ.

પુત્ર માતા-પિતાની ગમે તેટલી સેવા કરે તોપણ તે માતા-પિતાનું ઋણ ચૂકવી શકતો નથી. કારણ કે મનુષ્ય-શરીરથી પોતાનું કલ્યાણ થઈ શકે છે, જીવનમુક્તિ મળી શકે છે, ભગવત્-પ્રેમ પ્રાપ્ત થઈ શકે

---

* અહં હિ વચનાદ્ રાજ્ઞઃ પતેયમપિ પાવકે ।
ભક્ષયેયં વિષં તીક્ષ્ણં પતેયમપિ ચાર્ણવે ॥
(વાલ્મીકિ॰ અયોધ્યા॰ ૧૮ । ૨૮-૨૯)

છે, ભગવાનના મુકુટમણિ બનાય– એટલું ઊંચુ પદ પ્રાપ્ત થઇ શકે છે, તે મનુષ્ય-શરીર આપણને માતા-પિતાએ આપેલું છે. તેનો બદલો પુત્ર કેવી રીતે ચૂકવી શકે ? નથી ચૂકવી શકાતો.

પ્રશ્ન : માતા-પિતાની સેવાનો આશય શું છે ?

ઉત્તર : માતા-પિતાની સેવાનો આશય કૃતજ્ઞતામાં છે. માતા-પિતા બાળકને માટે જ કષ્ટ સહન કરે છે તેનું પુત્ર પર ઋણ હોય છે. તે ઋણ પુત્ર ક્યારેય ઉતારી શકતો નથી. માએ પુત્રની જેટલી સેવા કરી છે, તેટલી સેવા પુત્ર કરી જ શકે નહીં. જો કોઇ પુત્ર એમ કહેતો હોય કે હું મારી ચામડીથી માને માટે જોડા બનાવી આપું તો તેને એમ પૂછીએ છીએ કે આ ચામડી તું ક્યાંથી લાવ્યો ? આ પણ તો માએ જ આપેલી છે. તે ચામડીનાં જોડાં બનાવીને માને આપ્યાં તો કયું મોટું કામ કર્યું ? માત્ર આપવાનું અભિમાન જ કર્યું છે ! આવી જ રીતે શરીર ખાસ પિતાનો અંશ છે. પિતાના પરિશ્રમથી જ પુત્ર ભણી-કરીને યોગ્ય બને છે, તેને ખોરાક-કપડાં મળે છે. તેનો બદલો કેવી રીતે ચૂકવી શકાય ! તેથી માત્ર માતા-પિતાની સેવા કરવાથી, તેમની પ્રસન્નતા મેળવવાથી તે ઋણ અદા તો થતું નથી, પણ માફ થઇ જાય છે.

પ્રશ્ન : મારો પુત્ર આાવો થઇ જાય, તેનું કલ્યાણ થઇ જાય— તેવા ઉદ્દેશ્યથી મા-બાપે થોડો સંગ કર્યો છે ! તેઓએ તો પોતાના સુખને માટે સંગ કર્યો ! અમે પેદા થઇ ગયા તો અમારા પર તેમનું ઋણ કેવી રીતે ?

ઉત્તર : માત્ર સુખાસક્તિથી સંગ કરવાથી સ્ત્રી-પુરુષને ઘણું કરીને ઉત્તમ પુત્રો ઉત્પન્ન થતા નથી. જે સ્ત્રી-પુરુષ શાસ્ત્રની આજ્ઞા અનુસાર માત્ર પિતૃ-ઋણથી મુક્ત થવાને માટે સંતાન ઉત્પન્ન કરે છે, પોતાના સુખનો ઉદ્દેશ્ય નથી રાખતા તેઓ જ અસલી માતા-પિતા છે. પરંતુ પુત્રને માટે તો માતા-પિતા ગમે તેવા હોય તેઓ પૂજ્ય છે, કારણ કે તેમણે જ માનવ-શરીર આપીને પુત્રને પરમાત્માની પ્રાપ્તિનો અધિકારી બનાવી

દીધો છે! ઉપનિષદોમાં આવે છે કે વિદ્યાર્થી જ્યારે વિદ્યા ભણીને, સ્નાતક થઈને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાને માટે ગુરુજીથી આજ્ઞા લે છે, ત્યારે ગુરુજી તેને આજ્ઞા આપે છે કે– **'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'** અર્થાત્ તારે માતા-પિતાને સાક્ષાત્ ઈશ્વરરૂપ માનીને તેમની આજ્ઞાનું પાલન કરવું અને તેમની સેવા કરવી. આ ઋષિઓની દીક્ષાંત શિક્ષા છે અને આના પાલનમાં જ આપણું કલ્યાણ છે. જેથી પુત્રએ જેમનાથી શરીર મળેલું છે, તેમના કૃતજ્ઞ થવું જોઈએ.

પ્રશ્ન : માતા-પિતાએ અમને જન્મ આપીને સંસાર-બંધનમાં નાખી દીધા, આફતમાં મૂકી દીધા, તો પછી અમારા પર તેમનું ઋણ કેવી રીતે ?

ઉત્તર : આ વાત બિલકુલ ખોટી છે. માતા-પિતાએ તો મનુષ્ય-શરીર દઈને સંસાર-બંધનથી, જન્મ-મરણથી છૂટવાને માટે ભારે મોટો અવસર આપ્યો છે. માતા-પિતાએ પુત્રને નથી બંધનમાં નાખ્યો, કે નથી બંધનમાં યા આફતમાં નાખવાનો ઉદ્દેશ્ય. તેઓ પ્રત્યેક અવસ્થામાં જાણે-અજાણે પુત્રનું હમેશાં ભલું જ ચાહે છે અને ભલું જ કરે છે. પરંતુ આપણે પદાર્થોમાં, ભોગોમાં, પરિસ્થિતિમાં, વ્યક્તિઓમાં મમતા કરીને તેના સુખ-ભોગની ઈચ્છાથી જ બંધનમાં અને આફતમાં પડીએ છીએ. તાત્પર્ય એ છે કે પોતાના સુખની ઈચ્છા, સુખનો ભોગ, સુખની આશાનો ત્યાગ કરીને જો પુત્ર માતા-પિતાની સેવાને પરમાત્માની પ્રાપ્તિનું સાધન માનીને તત્પરતાથી તેમની સેવા કરે તો તેનો સંસારથી સંબંધ-વિચ્છેદ થઈને પરમાત્માની પ્રાપ્તિ થઈ જશે.

પુત્રએ માતા-પિતાનાં કર્તવ્ય તરફ દૃષ્ટિ રાખવી જ ન જોઈએ. તેણે તો માત્ર પોતાનું જ કર્તવ્ય જોવું જોઈએ. જે પોતાનું કર્તવ્ય જોતો નથી અને માતા-પિતાનું જ કર્તવ્ય જુએ છે, તે પોતાના કર્તવ્યથી ચ્યુત થઈ જાય છે, અર્થાત્ કર્તવ્યપાલનથી પતિત થઈ જાય છે. કોઈ પણ શાસ્ત્રમાં કોઈને પણ માતા-પિતાનાં, ગુરુજનોનાં કર્તવ્યને જોવાનો અધિકાર આપવામાં આવ્યો

નથી. પહેલાં મનુષ્યો કોઈનાં કર્તવ્ય જોતાં ન હતાં, પણ પોતાનું કર્તવ્ય જોતાં હતાં, જેથી તેઓ જીવનમુક્ત, ભગવત્-ભક્ત બનતા હતા. જો તેઓ બીજાઓનાં કર્તવ્ય જોતાં હોત, પોતાનો જ સ્વાર્થ જોતા હોત તો આજની જેમ જ મનુષ્ય-સમુદાય હોત. જેમણે માત્ર પોતાનું કર્તવ્ય જોયું છે, તેનું પાલન કર્યું છે. તે સંત-મહાત્માઓ, ધર્માત્માઓને ભારતીય જનતા કેટલી આદર્શ દૃષ્ટિથી જુએ છે ! તેથી મનુષ્યએ પોતાનાં કર્તવ્યનો ક્યારેય પરિત્યાગ નહીં કરવો જોઈએ.

કર્તવ્ય બાબતમાં એક માર્મિક વાત એ છે કે માત્ર કર્તવ્ય સમજીને તેનું પાલન કરવાથી સંબંધ-વિચ્છેદ થાય છે. જેમ કે– જે માતા-પિતાની સેવામાત્ર પોતાનું કર્તવ્ય સમજીને કરે છે, તેમનો માતા-પિતા સાથે સંબંધ-વિચ્છેદ થાય છે, તેમનો માતા-પિતાના ચરણમાં પ્રેમ નથી થતો. પરંતુ જો પોતાના શરીરને માતા-પિતાનું જ માનીને તત્પરતાથી આદર અને પ્રેમપૂર્વક તેમની સેવા કરે, તો તેમનો માતા-પિતામાં પ્રેમ થઈ જાય છે. જેવી રીતે મનુષ્ય ભોજન કરવાને, પાણી પીવાને પોતાનું કર્તવ્ય નથી માનતો, બલ્કે પ્રાણનો આધાર માને છે, તે રીતે માતા-પિતાની સેવાને પ્રાણનો આધાર માનવો જોઈએ. તેમની સેવા જ પોતાનું જીવન માનવું જોઈએ, પોતાનું ખાસ કામ માનવું જોઈએ–

સેવહિં લખનુ સીય રઘુબીરહિ । જિમિ અબિબેકી પુરુષ સરીરહિ ॥

(માનસ, અયોધ્યા૰ ૧૪૨ । ૨)

આ પ્રકારે માતા-પિતાની સેવાને પોતાના પ્રાણનો, જીવનનો આધાર માનીને કરવાથી 'હું' અને 'મારા' પણું મટી જશે, કારણ કે શરીરને માતા-પિતાનું જ માનીને તેમની સેવામાં અર્પણ કરવાથી, શરીર પર પોતાનો કોઈ અધિકાર ન માનવાથી અહંતા, મમતા રહેતી નથી.

પ્રશ્ન : મનુષ્ય માતા-પિતાની સેવાને ભગવત્-પ્રાપ્તિનું સાધન માને છે, સાધ્ય માનતો નથી. જો તે માતા-પિતાની સેવાને જ સાધ્ય માનશે,

પોતાના પ્રાણનો આધાર માનશે તો તેનો માતા-પિતાના ચરણમાં જ પ્રેમ હોય, પછી તેને ભગવત્-પ્રેમ, ભગવત્-પ્રાપ્તિ કેવી રીતે થશે ?

ઉત્તર : આમાં ત્રણ બાબતો છે– (૧) જે માતા-પિતાની સેવાને જ સાધન અને સાધ્ય માનીને તેમની સેવા કરે છે, તેમની સેવાને પોતાના પ્રાણનો આધાર માને છે, તેને માતા-પિતાના ચરણોમાં પ્રેમ અને ભક્તિ થઈ જાય છે અને અંતમાં તેને પિતૃલોકની પ્રાપ્તિ થાય છે. (૨) જે પરમાત્મા પ્રાપ્તિનો ઉદ્દેશ્ય રાખીને માતા-પિતાની સેવાને પોતાનું કર્તવ્ય સમજીને કરે છે, તેનો માતા-પિતા સાથે સંબંધ-વિચ્છેદ થઈને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે. (૩) જે માતા-પિતાને સાક્ષાત્ ભગવત્-સ્વરૂપ માનીને તેમની સેવા કરે છે, તેને ભગવત્-પ્રાપ્તિ થઈ જાય છે. આ ત્રણમાંથી જેનો જેમાં ભાવ હોય, તે કરવું જોઈએ.

જેમ પતિવ્રતા સ્ત્રી ભગવાનની, શાસ્ત્રની, મહાપુરુષોની આજ્ઞા અનુસાર તન-મનથી પતિની સેવા કરે છે, તેને પતિલોકની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ જે લોક પતિનો છે, તે લોક પતિવ્રતાનો હોય છે. પરંતુ આનો અર્થ એ નથી કે જો પતિ દુરાચારી હોવાને કારણે પતિનો લોક નરક છે તો પતિવ્રતાનો લોક પણ નરક હોય ! જે સ્ત્રીએ પતિસેવાને પોતાનો ધર્મ (કર્તવ્ય) સમજીને પતિવ્રત ધારણ કર્યું છે, તેથી તેનો જે લોક હશે, તે લોક પતિનો પણ હશે. તાત્પર્ય એ છે કે પતિવ્રતના તપોબળથી તેનું અને પતિનું બન્નેનું કલ્યાણ થઈ જશે, એવી જ રીતે માતા-પિતાની સેવાને જ સાધન અને સાધ્ય માનીને તેમની સેવા કરે છે, તેને અને તેના માતા-પિતાને ભગવાનની પ્રાપ્તિ થઈ જાય છે, કારણ કે જે લોક પુત્રનો હશે તે લોક માતા-પિતાનો (પિતૃલોક) હશે.

પ્રશ્ન : કહેવામાં આવ્યું છે કે આ શરીર આપણાં કર્મોથી, ભાગ્યથી

મળેલું છે– '**બડે ભાગ માનુષ તનુ પાવા**' અને ભગવાને વિશેષ કૃપા કરીને મનુષ્ય-શરીર આપેલું છે– '**કબહુઁક કરિ કરુના નર દેહી । દેત ઈસ બિનુ હેતુ સનેહી**' તો પછી આ શરીર માતા-પિતાથી મળેલું છે– એમ કહેવું ક્યાં સુધી ઉચિત છે ?

ઉત્તર : આ શરીર મળવામાં પ્રારબ્ધ (કર્મ) અને ભગવત્-કૃપા તો નિમિત્ત-કારણ છે અને માતા-પિતા ઉપાદાન કારણ છે. જેમ ઘડો માટીથી બને છે તો માટી ઘડાનું ઉપાદાન છે અને કુંભાર ઘડો બનાવવામાં નિમિત્ત બને છે તો કુંભાર નિમિત્ત-કારણ છે. ઉપાદાન કારણ (ખાસ કારણ) તે કહેવાય છે, જે કાર્યરૂપમાં પરિણત થવામાં કારણ બને છે. નિમિત્ત કારણ કેટલાંય હોય છે, જેમ ઘડો બનાવવામાં કુંભાર, ચાકડો, ડંડો વગેરે કારણ છે. આમ જ શરીર પેદા થવામાં માતા-પિતા જ ખાસ ઉપાદાન કારણ છે; કારણ કે તેમના રજ-વીર્યથી જ શરીર બને છે.

જન્મ અને આયુષ્ય થવામાં તથા અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ બનવામાં કર્મ નિમિત-કારણ છે અને 'કયા કર્મનું ક્યારે, ક્યાં શું ફળ હશે, કેવી પરિસ્થિતિ બનશે'— આવી રીતે કર્મફળની વ્યવસ્થા કરવામાં, કર્મફળ આપવામાં ભગવત્-કૃપા નિમિત્ત કારણ છે. અર્થાત્ આ બધું ભગવત્-ઈચ્છાથી, વિધાનથી જ થાય છે, કારણ કે કર્મ જડ હોવાથી સ્વયં કર્મફળ આપી શકે નહીં. અગર કર્મફળનું વિધાન જીવોના હાથમાં હોત તો તેઓ શુભ કર્મનું જ ફળ લે, અશુભ કર્મનું ફળ લે જ શું કરવા ? જેમ સંસારમાં એ દેખાય છે કે મનુષ્ય શુભ કર્મનું ફળ સ્વયં સ્વીકાર કરે છે અને અશુભ કર્મ (ચોરી, લૂંટફાટ વગેરે)નું ફળ (દંડ) સ્વયં સ્વીકાર કરતો નથી તો તેને રાજ્ય-શાસન તરફથી દંડ આપવામાં આવે છે.

મા બાળકને માટે કેટલું કષ્ટ ઉઠાવે છે, તેને ગર્ભમાં ધારણ કરે છે, જન્મ આપતી વેળા અસહ્ય પીડા સહન કરે છે, પોતાનું દૂધ પીવડાવે છે, ખૂબ લાડ-પ્યારથી પાલન-પોષણ કરે છે, ખાવું-પીવું, ઉઠવું-બેસવું,

ચાલવું-ફરવું વગેરે શીખવે છે, આવી માનું ઋણ પુત્ર ચૂકવી ન શકે, તેથી પુત્રએ મા તરફ કૃતજ્ઞ રહેવું જ જોઈએ. એવી જ રીતે પિતા કોઈના કહ્યા વિના જ પુત્રના ભરણ-પોષણનો બધો પ્રબંધ કરે છે, વિદ્યા ભણાવી યોગ્ય બનાવે છે, આજીવિકા ચલાવવાની વિદ્યા શીખવે છે, લગ્ન કરાવે છે, આવા પિતાનું ઋણ થોડું જ ચૂકવી શકાય છે ! તેથી માતા-પિતાના કૃતજ્ઞ થઈ જીવતે જીવત તેમની આજ્ઞાનું પાલન કરવું, તેમની સેવા કરવી, તેમને પ્રસન્ન રાખવા અને મરણ પછી તેમને પિંડ-પાણી આપવાં, શ્રાદ્ધ-તર્પણ કરવું વગેરે પુત્રનું ખાસ કર્તવ્ય છે.

પ્રશ્ન : માતા-પિતાએ બચપણમાં જ બાળકોને સારી કેળવણી ન આપી, તેથી પુત્ર માતા-પિતાની સેવા ન કરે તો તેમાં પુત્રોનો શો દોષ ?

ઉત્તર : માતા-પિતા દ્વારા સારી કેળવણી ન આપવામાં આવી તો તેના દોષી માતા-પિતા થયા, કારણ કે તેમણે પોતાનાં કર્તવ્યનું પાલન કર્યું નહીં. પરંતુ માતા-પિતાનો દોષ જોવો એ પુત્રનું કર્તવ્ય નથી, તેણે તો પોતાનું કર્તવ્ય જોવું જોઈએ. બીજાનું કર્તવ્ય જોવાથી મનુષ્ય પોતાનાં કર્તવ્યથી પતિત થઈ જાય છે. બીજાનું કર્તવ્ય જોવું એ જ ભયંકર દોષ છે. ગીતાએ પણ પોતે-પોતાનાથી પોતાનો ઉદ્ધાર કરવાનો, પોતાનો સુધારો કરવાની વાત કહી છે *, કારણ કે સારી કેળવણી પણ બાળકને મળવાથી તે પ્રમાણે ન વર્તે, બગડી જાય તો આ દોષ બાળકનો પોતાનો જ છે. તેથી પોતાનો ઉદ્ધાર અને પતન મુખ્યત્વે પોતાના પર જ લાગુ પડે છે.

પ્રશ્ન : અગર માતા-પિતા પુત્રની સાથે કઠોર વર્તાવ કરે, પક્ષપાત

---

* **ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।**

આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥ (ગીતા ૩ । ૫)

'પોતાના દ્વારા પોતાનો ઉદ્ધાર કરે, પોતાનું પતન ન કરે, કારણ કે પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે.'

કરે તો તે પુત્રએ શું કરવું જોઈએ ?

ઉત્તર : તે પુત્રએ મા-બાપનું કર્તવ્ય ન જોવું જોઈએ. તેણે તો પોતાનું જ કર્તવ્ય જોવું જોઈએ અને મા-બાપની ઉત્સાહપૂર્વક વિશેષ સેવા કરવી જોઈએ. રામચરિતમાનસમાં તો દરેકને માટે કહેવામાં આવ્યું છે— **'મંદ કરત જો કરઈ ભલાઈ ॥'** (૫ । ૪૧ । ૭).

જો માતા-પિતા પુત્રનો આદર કરે છે તો આદરમાં પુત્રની સેવા વપરાઈ જાય છે, વેચાઈ જાય છે. પરંતુ તેઓ આદર ન કરીને પુત્રનો નિરાદર કરે છે તો પુત્રની સેવા પૂરી રહી જાય છે, વપરાતી નથી. તેઓ કષ્ટ આપે છે તો તેનાથી પુત્રની શુદ્ધિ થાય છે, સહનશીલતા વધે છે, તપ વધે છે. તેથી માતા-પિતાએ દીધેલ કષ્ટ પરમ તપ સમજીને સહેવું જોઈએ અને એમ સમજવું જોઈએ કે 'મારા પર મા-બાપની મોટી કૃપા છે, જેથી મારી સેવાનો બિલકૂલ પણ વ્યય ન થઈને મને શુદ્ધ સેવા, શુદ્ધ તપશ્ચર્યાનો લાભ મળી રહ્યો છે ! આવો અવસર તો કોઈ ભાગ્યશાળીને જ મળે છે અને મારું આ અહોભાગ્ય છે કે માતા-પિતા મારી સેવા સ્વીકાર કરી રહ્યા છે !' તેઓ સેવા સ્વીકાર ન પણ કરે તોપણ પુત્રનું કામ તો તેમની સેવા કરવાનું જ છે. સેવામાં કોઈ કસર, ખામી માલમ પડે તો તેને તાત્કાલિક સુધારી દેવી જોઈએ અને સેવામાં જ તત્પર રહેવું જોઈએ.

જે પુત્ર ધન, જમીન, મકાન વગેરે મેળવવાની આશામાં મા-બાપની સેવા કરે છે, તે વાસ્તવમાં ધન વગેરેની જ સેવા કરે છે, મા-બાપની નહીં. પુત્રએ તો માત્ર સેવાનો જ સંબંધ રાખવો જોઈએ. તેણે માતા-પિતાને એ કહેવું જોઈએ કે તમારી પાસે જે ધન-સંપત્તિ હોય તે ભલે મારા ભાઈને આપો, ભલે બહેનને આપો, જેને આપ ચાહો તેને આપી દો, પરંતુ સેવા મારી પાસેથી લો. માતા-પિતા આપણાથી– આપણી પાસેથી સેવા લે– તેમાં જ તેમની કૃપા માનવી.

પ્રશ્ન : માતા-પિતા અનુચિત, નિષિદ્ધ કર્મ કરવાની આજ્ઞા આપે તો પુત્રએ શું કરવું જોઈએ ?

ઉત્તર : અનુચિત આજ્ઞા બે જાતની હોય છે– (૧) 'અમુકને મારી દો' વગેરે બીજાઓનું અનિષ્ટ કરવાની આજ્ઞા આપવી અને (૨) 'તું ઘર છોડીને વનમાં જા' વગેરે આજ્ઞા આપવી. આમાં બીજી આજ્ઞાનું તો પાલન કરવું જોઈએ, પરંતુ પહેલી આજ્ઞાનું પાલન ન કરવું જોઈએ. તેમાં પિતાનું સામર્થ્ય જોવું જોઈએ. અગર પિતા સમર્થ હોય તો તે આજ્ઞાનું પાલન કરવામાં કોઈ હરકત નથી. જેમ, જમદગ્નિએ પોતાના પુત્ર પરશુરામજીને કહ્યું કે તારી મા વ્યભિચારિણી છે અને તારો ભાઈ મારી આજ્ઞાનું પાલન કરતો નથી, તેથી તેમને મારી નાખ, તો પરશુરામજીએ તેમનું ગળું કાપી નાખ્યું. જમદગ્નિએ પ્રસન્ન થઈને કહ્યું કે તું વરદાન માંગ. પરશુરામજીએ કહ્યું કે મા અને ભાઈને જીવતા કરી દો અને મારા દ્વારા મારી નાખવાની વાત યાદ ન રહે. જમદગ્નિએ 'તથાસ્તુ' કહ્યું અને બધા જીવતા થઈ ગયા.

જો પિતા સમર્થ ન હોય અને તે અનુચિત આજ્ઞા આપે તો પુત્રએ તે આજ્ઞાનું પાલન ન કરવું જોઈએ. કારણ કે જો પુત્ર તે અનુચિત આજ્ઞાનું પાલન કરશે તો પિતા નરકમાં જશે, જે આજ્ઞાના પાલનથી પિતા નરકમાં જાય, દુઃખ મળે, એવી આજ્ઞાનું પાલન ન કરવું જોઈએ. હું ભલે નરકમાં ચાલ્યો જાઉં, પણ પિતા નરકમાં ના જાય– એવો ભાવ હોવાથી પુત્ર કે પિતાને નરક મળશે નહીં. તાત્પર્ય એ છે કે પિતાને નરકથી બચાવવાને માટે તેમની આજ્ઞાનો ભંગ કરી દેવો, પરંતુ અનુચિત કામ કદી પણ ન કરવું.

જો પિતા સમર્થ ન હોય અને તે અનુચિત આજ્ઞા આપે, પરંતુ પુત્રએ ઉમરભર માતા-પિતાની કોઈ પણ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી તો પુત્ર તે આજ્ઞાના પાલનમાં ઉતાવળ ના કરે, તેના પર વિચાર કરે અને ભગવાનને યાદ કરે. જેવી રીતે, ગૌતમે એમના પુત્ર ચિરકારીને કહ્યું કે તારી મા વ્યભિચારિણી છે, તેને મારી નાંખ, આમ

કહીને તેઓ વનમાં ચાલ્યા ગયા. ચિરકારીએ તલવાર કાઢી અને પિતાની આજ્ઞા પર વિચાર કરવા લાગ્યો. ત્યાં ગૌતમના મનમાં વિચાર આવ્યો કે તેને શા માટે મારી નાખવી, તેઓ તેનો ત્યાગ પણ તો કરી શકે છે. એવો વિચાર કરીને તેઓ પાછા આવ્યા તો તેમણે જોયું કે ચિરકારી હાથમાં તલવાર લઈને ઊભો છે, તેથી તેમણે ચિરકારીને મનાઈ કરી દીધી કે માને મારીશ નહીં.

પ્રશ્ન : ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે–

જાકે પ્રિય ન રામ-બૈદેહી।
તજિયે તાહિ કોટિ બૈરી સમ, જદ્યપિ પરમ સનેહી ॥
તજ્યો પિતા પ્રહ્લાદ, બિભીષન બંધુ, ભરત મહતારી ।
બલિ ગુરુ તજ્યો, કંત બ્રજ-બનિતન્હિ, ભયે મુદ-મંગલકારી ॥

– પ્રહલાદે પિતાનો, વિભીષણે ભાઈનો, ભરતે માનો, બલિએ ગુરુનો અને ગોપીઓએ પતિનો ત્યાગ કરી દીધો, તો શું તેમને દોષ નહીં લાગે ?

ઉત્તર : અહીં આ વાત ખાસ ધ્યાન દેવાની છે કે તેમણે પિતા વગેરેનો ત્યાગ કઈ બાબતમાં, કેટલા અંશે કર્યો ? હિરણ્યકશિપુ પ્રહ્લાદજીને બહુ દુઃખ આપતા હતા, તેઓ આ વાતને માનતા હતા કે આ શરીર પિતાનું છે, તેથી આ શરીરને ફાવે તેવી રીતે રાખે, તેના પર તેમનો પૂરો અધિકાર છે, તેથી તેમણે પિતાજીને ક્યારેય નહીં કહ્યું કે આપ મને દુઃખ કેમ દઈ રહ્યા છો ? પરંતુ હું (સ્વયં) સાક્ષાત્ પરમાત્માનો અંશ છું, તેથી હું ભગવાનની સેવામાં, ભજનમાં લાગ્યો છું. પિતાજી મને તકલીફ આપે છે, મને રોકે છે– આ ઉચિત નથી , તેથી પ્રહ્લાદજીએ પિતાજીની તે આજ્ઞાનો ત્યાગ કર્યો, જેથી તેમની નરકગતિ ના થઈ જાય. જો તેઓ પિતાજીની આજ્ઞા માનીને પ્રભુભક્તિનો ત્યાગ કરી દેત તો તેનો દંડ પિતાજીને ભોગવવો પડત. પુત્ર દ્વારા એવું કોઈ પણ કામ ન થવું જોઈએ, જેથી પિતાજીને દંડ ભોગવવો પડે. આ દૃષ્ટિથી તેમણે

પિતાજીની આજ્ઞા નહીં માનીને પિતાજીનું હિત જ કર્યું. પિતાજીનો ત્યાગ નથી કર્યો.

રાવણે વિભીષણને લાત મારીને કહ્યું કે તું અહીંથી ચાલ્યો જા તો વિભીષણજી રામજી પાસે ચાલ્યા ગયા તેથી વિભીષણે ભાઈનો ત્યાગ કર્યો નથી પણ તેના અન્યાયનો ત્યાગ કર્યો. અન્યાયનું સમર્થન, અનુમોદન કર્યું નથી. વિભીષણે રાવણને તેના હિતની વાત જ કહી અને તેનું હિત જ કર્યું.

માએ રામજીને વનમાં મોકલી દીધા, દુઃખ દીધું– આ બાબતમાં જ ભરતે માનો ત્યાગ કર્યો છે. ભરતનું કહેવું હતું કે જેમ કૌશલ્યા અંબા મારા પર રામજીથી પણ વધારે સ્નેહ રાખે છે, એવી જ રીતે તારે પણ રામજી પર મારાથી પણ વધુ સ્નેહ રાખવો જોઈતો હતો, પરંતુ તેં તો રામજીને વનમાં મોકલી દીધા ! જ્યારે તું રામજીની પણ મા ન રહી તો પછી મારી મા કેવી રીતે હોય ? આ બાબતમાં તને દંડ દેવો મારે માટે ઉચિત નથી. હું તો એ કરી શકું છું કે તને મા નહીં કહું, બીજું હું શું કરું !

બલિએ ગુરુનો તે અંશમાં ત્યાગ કર્યો કે સાક્ષાત્ ભગવાન બ્રાહ્મણ વેશમાં આવીને મારી પાસે યાચના કરી રહ્યા છે, પરંતુ ગુરુજી મને દાન આપવામાં રોકી રહ્યા છે, તેથી હું ગુરુની વાત નહીં માનીશ. ગુરુની વાતનો ત્યાગ પણ બલિએ ગુરુના હિતને માટે જ કર્યો. બલિદાન દેવાને માટે તૈયાર જ હતા, જો તે સમયે તેઓ ગુરુની વાત માનત તો તેનો દોષ ગુરુને જ લાગત. તેથી તેમણે ગુરુનો શાપ સ્વીકાર કરી લીધો પરંતુ ગુરુને દંડમાંથી બચાવી લીધા તો આ ગુરુ સેવા જ થઈ.

પતિ ભગવાનની પાસે જવામાં રોકી રહ્યા હતા– આ બાબતમાં ગોપીઓએ પતિઓનો ત્યાગ કર્યો. જો તેઓ પતિની વાત માનતે તો પતિ પાપના ભાગીદાર થાત, તેથી તેમણે પતિની વાત નહીં માનીને તેમણે પતિઓને પાપથી જ બચાવ્યા.

આશય એ છે કે મનુષ્ય-શરીરની સાર્થકતા પરમાત્માને પ્રાપ્ત કરવામાં જ છે. તેથી તેમાં સહાયક થવાવાળા આપણું હિત કરે છે અને તેમાં આડખીલી કરનારા આપણું અહિત કરે છે. પ્રહ્લાદ વગેરે બધાએ પરમાત્મા પ્રાપ્તિમાં વિઘ્ન નાંખનારાનો જ ત્યાગ કર્યો છે– પિતા વગેરનો નહીં, તેથી તેમનું મંગળ-જ-મંગળ થયું.

પ્રશ્ન : માતાનો દરજ્જો ઊંચો છે કે પિતાનો ? અને તેમ હોવાનું કારણ શું ?

ઉત્તર : દરજ્જો માતાનો જ ઊંચો છે. માનો દરજ્જો પિતાથી સો ગણો ઊંચો બતાવવામાં આવ્યો છે–'**सहस्रं तु पितॄन्माता गौरवेणातिरिच्यते**' (મનુ૰ ૨ । ૧૪૫). રામજી જ્યારે વનવાસને માટે જવા લાગ્યા, ત્યારે માની પાસે ગયા અને માના ચરણમાં પડીને કહ્યું કે 'મા ! મને વનવાસની આજ્ઞા થઇ છે' ! માએ કહ્યું કે જો માત્ર પિતાની આવી આજ્ઞા છે તો પછી માને મોટી સમજીને તું વનમાં નહીં જા–

જૌં કેવલ પિતુ આયસુ તાતા । તૌ જનિ જાહુ જાનિ બડિ માતા ॥

(માનસ. અયોધ્યા. ૫૬ । ૧)

હા, જો તારી નાની મા અને પિતાએ વનમાં જવાને માટે કહી દીધું છે તો * વન તારે માટે સો અયોધ્યા સમાન છે.

જૌ પિતુ માતુ કહેઉ બન જાના । તૌ કાનન સત અવધ સમાના ॥

(માનસ, અયોધ્યા૰ ૫૬ । ૨)

પિતા તો ધન-સંપત્તિ વગેરેથી પુત્રનું પાલન-પોષણ કરે છે, પરંતુ મા પોતાનું શરીર આપીને પુત્રનું પાલન-પોષણ કરે છે. ધન-સંપત્તિ વગેરે તો મમતાની વસ્તુઓ છે અને શરીર અહંતાની. મમતા કરતાં અહંતા નજીક

---

* કૌશલ્યા અંબાએ તેમનાથી ઘણી નાની મા (વિમાતા) નો આદર કરવાની વાત કહી છે. તે તેમનો ઉદારભાવ છે. કૌશલ્યાએ સૌને આ શીખવ્યું છે કે માંથી પણ વધુ આદર વિમાતાનો કરવો જોઈએ, જેથી પરિવારમાં પરસ્પર પ્રેમ જળવાઈ રહે છે.

હોય છે. મમતાની વસ્તુ આવતી જતી રહે છે અને શરીર અપેક્ષાકૃત રહે છે. જેથી માનો દરજ્જો ઊંચો જ હોવો જોઈએ.

માએ પોતાની યુવાન અવસ્થાનો નાશ કર્યો છે. પોતાનું શરીર આપીને, પોતાનું દૂધ પીવડાવીને પાલન-પોષણ કર્યું છે. માએ દાયણનું, હજામનું, ધોબીનું, દરજીનું, ગુરુનું કામ પણ કર્યું છે. વધુ તો શું ટટ્ટી-પેશાબ ઊઠાવીને ભંગીનું કામ પણ કર્યું છે અને તે કામ પણ ભારરૂપે નહીં પણ ખૂબ સ્નેહપૂર્વક, મમતાપૂર્વક, ઉત્સાહપૂર્વક કર્યું છે અને બદલામાં લેવાની ભાવના રાખી નથી. જ્યારે બાળક બીમાર થઈ જાય છે, ત્યારે માના શરીરનું બળ ઘટી જાય છે. તેથી સંસારમાં મા સમાન બાળકનું પાલન-પોષણ કરવાવાળું બીજું કોણ છે ! **'માત્રા સમં નાસ્તિ શરીરપોષણમ્'.** તેથી માનો દરજ્જો ઊંચો છે. શાસ્ત્રોમાં આવ્યું છે કે પુત્ર સાધુ-સન્યાસી બની જાય, તોપણ મા સામે આવી જાય તો તેણે માને સાક્ષાત્ દંડવત્ પ્રણામ કરવા. આટલો ઊંચો દરજ્જો બીજો કોનો હોઈ શકે ?

પ્રશ્ન : માતા-પિતાની સેવાથી શું લાભ છે ?

ઉત્તર : માતા-પિતાની સેવાથી લોક-પરલોક બન્ને સુધરે છે, ભગવાન પ્રસન્ન થાય છે. જેઓ માતા-પિતાની સેવા કરતા નથી, તેમના પર ભગવાન વિશ્વાસ કરતા નથી કે આ પોતાનાં મા-બાપની સેવા, ભક્તિ કરતો નથી તો મારી ભક્તિ ક્યાં સુધી કરશે !

પુંડરીકે તન-મનથી તત્પરતાપૂર્વક માતા-પિતાની સેવા કરી. તેની સેવાથી પ્રસન્ન થઈને ભગવાન બોલાવ્યા વિના જ પુંડરીકના ઘેર આવી ગયા અને બોલ્યા– 'પુંડરીક ! તારી માતા-પિતાની ભક્તિથી પ્રસન્ન થઈને હું જાતે તારી પાસે તને દર્શન આપવા આવ્યો છું'. પુંડરીક તે સમયે માતા-પિતાની સેવામાં લાગ્યા હતા, તેથી તેમણે ભગવાનને કહ્યું– 'માતા-પિતાની જે સેવાને કારણે આપ અહીં મને દર્શન આપવા આવ્યા છો, તે સેવા કેમ છોડું ? હાલ હું માતા-પિતાની સેવામાં લાગેલો છું, સેવા પૂરી થાય ત્યારે જ હું આપનાં દર્શન કરી શકીશ, ત્યાં સુધી આપ રોકાવા ચાહો તો આ

ઈંટ પર ઊભા રહો'. આવું કહીને પુંડરીકે બે ઈંટ પીઠની પાછળ ફેંકી દીધી. ભગવાન તેના પર ઊભા રહી ગયા ! ઈંટો પર ઊભા રહેવાને કારણે ભગવાનનું નામ 'વિઠ્ઠલ' પડી ગયું. ભગવાનના આ રૂપમાં કોઈ દર્શન કરવા ચાહે તો પંઢરપુર (મહારાષ્ટ્ર)માં કરી શકે છે. આવી રીતે મહારાષ્ટમાં મૂંગા ચંડાળની વાત આવે છે. મૂંગા ચંડાળની માતા-પિતામાં ભક્તિ જોઈને ભગવાન સ્વયં તેના ઘરે રહેતા હતા. આશય એ છે કે માતા-પિતાની સેવાથી લૌકિક-પરલૌકિક બધી જ જાતના લાભ થાય છે.

પ્રશ્ન : જ્યારે માતા-પિતાની સેવાનું આટલું માહાત્મ્ય છે તો પછી તેમની સેવા છોડી મનુષ્ય સાધુ-સન્યાસી કેમ થઈ જાય છે ?

ઉત્તર : જેમ કે કોઈ મરી જાય છે તો તે માતા-પિતાની સેવાને છોડીને જ મરે છે, પણ તે દોષનો ભાગીદાર થતો નથી, તેવી જ રીતે જેમને સંસારથી, અસત્થી વૈરાગ થઈ જાય છે, તે દોષોનો ભાગીદાર થતો નથી. આવી રીતે જે સર્વથા ભગવાનને શરણે થઈ જાય છે, તેને પણ કોઈ દોષ લાગતો નથી, કારણ કે તેના પર કોઈનું ઋણ રહેતું નથી–

દેવર્ષિતાભૂતાપ્તનૃણાં પિતૃણાં ન કિંકરો નાયમૃણી ચ રાજન્ ।
સર્વાત્મના યઃ શરણં શરણ્યં ગતો મુકુન્દં પરિહૃત્ય કર્તમ્ ॥

(શ્રીમદ્ભા૰ ૧૧ । ૫ । ૪૧)

'રાજન્ ! જે તમામ કામોને છોડીને સંપૂર્ણરૂપે શરણાગત-વત્સલ ભગવાનની શરણમાં આવી જાય છે, તે ઋષિ, પ્રાણી, કુટુંબીજન અને પિતૃગણ– આમાંથી કોઈનો પણ ઋણી અને સેવક રહેતો નથી'.

તાત્પર્ય એ છે કે જે મનુષ્ય-જન્મના વાસ્તવિક ધ્યેય ભગવાનમાં લાગ્યો છે, તેના દ્વારા જો માતા-પિતાની સેવાનો , પરિવારનો ત્યાગ થઈ જાય તો તેને દોષ લાગતો નથી.

પ્રશ્ન : બે-ચાર છોકરાંઓ હોય અને તેમાંથી કોઈ સાધુ-સન્યાસી બની જાય તો કોઈ વાત નથી, પણ જેનો એકનો એક જ છોકરો હોય,

તે જો સાધુ-સન્યાસી બની જાય તો તેના માતા-પિતા કોના સહારે જીવે ?

ઉત્તર : તે છોકરો જ્યાં સુધી માતા-પિતા છે ત્યાં સુધી તેમની સેવા કરતો રહે, તેમને છોડે નહીં, કારણ કે ભગવત્-પ્રાપ્તિમાં સાધુ થવાનું કોઈ કારણ નથી, પણ સંસારથી વૈરાગ અને ભગવાનમાં પ્રેમ થવો એ જ કારણ છે.તેથી તે માતા-પિતાની સેવા કરતાં કરતાં જ ભજન-સ્મરણ કરે તો તેને ભગવત્-પ્રાપ્તિ થવામાં કોઈ વિઘ્ન નથી, બલ્કે માતા-પિતાની પ્રસન્નતાથી ભગવત્-પ્રાપ્તિમાં મદદ જ મળશે. તાત્પર્ય એ છે કે માતા-પિતાનું ઋણ અદા કર્યા વિના તેમનો ત્યાગ ન કરવો જોઈએ. પરંતુ તીવ્ર વૈરાગ થઈ જાય, ભગવાનના ચરણોમાં અનન્ય પ્રેમ થઈ જાય, તેવી અવસ્થામાં માતા-પિતાની સેવા છૂટી જાય તો તેને દોષ લાગશે નહીં.

જે ઘરમાં બેઠો છે, પણ મા-બાપની સેવા કરતો નથી, પોતાનાં સ્ત્રી-પુત્રોના પાલનમાં જ લાગેલો છે. તેને દોષ (પાપ) લાગશે જ. એવી જ રીતે જે મા-બાપને, ઘર-પરિવારને છોડીને સાધુ બને છે અને મકાન, આશ્રમ બનાવે છે, રૂપિયા એકઠા કરે છે, ચેલા-ચેલી બનાવે છે, એશ-આરામ કરે છે, તેને મા-બાપની સેવા ન કરવાનું પાપ લાગવાનું જ.

પ્રશ્ન : જે સાધુ-સન્યાસી બનીને રૂપિયા એકઠા કરે છે અને માતા-પિતા, સ્ત્રી-પુત્રોને રૂપિયા મોકલે છે, તેમનું પાલન-પોષણ કરે છે તો શું તેને દોષ લાગશે ?

ઉત્તર : જે સાધુ-સન્યાસી બનીને મા-બાપ વગેરેને રૂપિયા મોકલે છે, તે તો પાપનો ભાગીદાર છે જ, પણ જેઓ તેના આપેલા રૂપિયાથી પોતાનો નિર્વાહ કરે છે, તેઓ પણ પાપના ભાગીદાર છે, કારણ કે તેઓ બન્ને શાસ્ત્ર-આજ્ઞાની વિરૂદ્ધ કામ કરે છે. માતા-પિતાની સેવા તો તેઓ ગૃહસ્થાશ્રમમાં જ રહીને કરતે પણ તેઓ અવૈધ કામ કરીને સન્યાસ-આશ્રમને દૂષિત કરે છે તો તેમને પાપ લાગશે જ. તેઓ પાપથી બચી શકે નહીં !

પ્રશ્ન : જો ઘરમાં માનું પાલન કરનાર, સંભાળ રાખનાર કોઈ ન રહ્યું હોય તો તે અવસ્થામાં સાધુ-સન્યાસી થયેલો પુત્ર માનું પાલન કરી શકે કે નહીં ?

ઉત્તર : જો માને કોઈ આધાર ન રહે તો સાધુ બનવા છતાં પણ તે માનું પાલન કરી શકે છે અને પાલન કરવું જ જોઈએ. અસહાય દશામાં તો બીજા પ્રાણીઓની સેવા પણ કરવી જોઈએ તો મા તો શરીરની જનની છે ! જો તે અસહાય દશામાં છે તો તેની સેવા કરવામાં કોઈ દોષ નથી.

પ્રશ્ન : પુત્રી (કન્યા) તો પતિના ઘરે ચાલી જાય છે તો પછી તે મા-બાપની સેવા કેવી રીતે કરી શકે અને સેવા કર્યા વિના મા-બાપનું ઋણ કેવી રીતે અદા થઈ શકે ?

ઉત્તર : જેમ કે કોઈના પર એટલું બધું ઋણ ચઢી જાય કે તેને ચૂકવવાનું મનમાં હોય પણ તે ચૂકવી ન શકે તો તે ઋણદાતા પાસે જઈને કહી દે કે હું તથા મારાં સ્ત્રી-પુત્ર, જમીન વગેરે બધું આપને સમર્પિત કરૂ છું, હવે આપ તેનો જેવો ઉપયોગ કરવા ચાહો તેવો કરી શકો છો. આવી રીતે કરવાથી તેના પર ઋણ રહેતું નથી, ઋણ માફ થઈ જાય છે. તેવી રીતે કન્યા બચપણથી જ માતા-પિતાને સમર્પિત રહે છે. તે પોતાના મનનું કાંઈ પણ રાખતી નથી. માતા-પિતા જ્યાં તેનો સંબંધ(વિવાહ) કરાવી દે છે, તે પ્રસન્નતાપૂર્વક ત્યાં ચાલી જાય છે. તે પોતાના ગોત્રને પણ પતિના ગોત્રમાં મેળવી દે છે. જેણે આવો ત્યાગ કર્યો છે, તેના પર માતા-પિતાનું ઋણ કેવી રીતે રહી શકે ? નથી રહી શકતું.

પ્રશ્ન : મા-બાપને કોઈ સહારો ન રહે તો વિવાહિત પુત્રી મા-બાપનું પાલન કરી શકે કે નહીં ?

ઉત્તર : તે અસહાય મા-બાપની સેવા કરી શકે છે. જો વિવાહિત પુત્રીને સંતાન હોય તો મા-બાપ તેના ઘરનાં અન્ન-જળ લઈ શકે છે, તેના ઘરે રહી શકે છે. પરંતુ જો તેને કોઈ સંતાન નથી તો મા-બાપને તેના

ઘરનાં અન્ન-પાણી લેવાનો અધિકાર નથી.

માતા-પિતાએ કન્યાનું દાન(વિવાહ) કરી દીધું તો હવે તેઓ તેના ઘરનું અન્ન નહીં લઈ શકે, કારણ કે દાન દીધેલી વસ્તુ પર દાતાનો અધિકાર રહેતો નથી. પરંતુ કન્યાથી સંતાન (પુત્ર કે પુત્રી) થવાથી માતા-પિતા કન્યાને ત્યાનું અન્ન લઈ શકે છે, કારણ એ છે કે કન્યાના પતિ(જમાઈ)એ માત્ર પિતૃઋણથી મુક્ત થવા માટે જ બીજાની કન્યા સ્વીકારી છે અને તેને સંતાન થવાથી તે પિતૃઋણથી મુક્ત થઈ જાય છે. તેથી સંતાન થવાથી માતા-પિતાનો કન્યા પર અધિકાર થઈ જાય છે, ત્યારે તો ગોત્ર ન હોવા છતાં પણ દોહિત્ર પોતાના નાના-નાનીનું શ્રાદ્ધ-તર્પણ કરી શકે છે.

જો માતા-પિતા અસહાય દશામાં હોય તો તથા તેમની સેવા કરનારું કોઈ ન હોય તો તેમની સેવા કરવાની જવાબદારી પુત્રી પર જ છે. તેથી પોતાને સંતાન ન હોવા છતાં પણ પુત્રીએ તેમની સેવા કરવી જોઈએ. બીજી વાત, વર્તમાન કાયદામાં પિતાની સંપત્તિમાં પુત્ર અને પુત્રીનો સમાન અધિકાર માનવામાં આવ્યો છે. તેથી વર્તમાન કાયદાની દૃષ્ટિએ પણ જોવા જઈએ તો જ્યારે પુત્રીને સંપત્તિ આપવાનો અધિકાર છે તો પછી તેનાથી સેવા લેવાનો પણ માતા-પિતાને અધિકાર છે !

—— ——:: X X :: —— ——

(૫) સ્ત્રી-સંબંધી વાતો

પ્રશ્ન : શું કન્યા સ્વયંવર કરી શકે છે ?

ઉત્તર : શાસ્ત્રોમાં સ્વયંવરની વાત છે, પરંતુ જેમણે સ્વયંવર કર્યા છે, તેમણે કષ્ટ જ ઉઠાવ્યાં છે. સીતા, દ્રૌપદી, દમયંતી વગેરેએ સ્વયંવર કર્યો તો તેમને ખાસ કરીને દુઃખ જ મળ્યું. આજકાલ જે કન્યાઓ સ્વયંવર કરે છે, જાતે જ પતિને પસંદ કરે છે, પોતાના મનથી લગ્ન કરે છે, તેઓ શું સુખ મેળવે છે ? તેઓ દુઃખ જ દુઃખ મેળવે છે, ભટકતી જ રહે છે.

જે કન્યા સ્વયંવર કરે છે, તેની જવાબદારી તેના પોતાના પર રહે છે. પિતા કન્યાના હિતેચ્છુ હોય છે અને હિતેચ્છુ થઈને જ તે કન્યાને માટે વર શોધે છે, તેનો સંબંધ બાંધે છે, તેથી તે સંબંધની જવાબદારી પિતા પર જ રહે છે, કન્યા પર નહીં. પિતાના દ્વારા સંબંધ બાંધવાથી કન્યાથી ક્યાંક થોડી ભૂલ પણ થઈ જાય તો તે માફ થઈ જશે, પરંતુ સ્વયંવર કરવાવાળી કન્યાની ભૂલ માફ નહીં થાય. જેમ કે પુત્ર માતા-પિતાની સેવા ઓછી પણ કરે તો એટલો દોષ નથી, કારણ કે તે માતા-પિતાથી ઉત્પન્ન થયેલો છે, તેણે જાણીને સંબંધ નથી જોડ્યો. કોઈ કોઈકને ત્યાં નોકરી કરે છે અને નોકરીમાં ભૂલ કરે છે તો તેને માફી થતી નથી, કારણ કે તેણે નોકરી જાતે સ્વીકાર કરી છે. હા, દયાળુ માલિક તેને માફ કરી શકે છે, પણ તે માફીનો અધિકારી હોતો નથી. કોઈ કોઈકને ગુરુ બનાવે છે તો ગુરુની આજ્ઞાનું પાલન કરવાની તેની વિશેષ જવાબદારી છે. જો તે ગુરુ-આજ્ઞાનું પાલન કરતો નથી, ગુરુનો તિરસ્કાર કરે છે, નિંદા કરે છે તો તેને ભયંકર દંડ ભોગવવો પડે છે. તેને ભગવાન પણ માફ કરી શકતા નથી. ભગવાન કોપિત થઈ જાય તો ગુરુ માફ કરાવી શકે છે, પણ ગુરુ કોપિત થઈ જાય તો ભગવાન પણ માફ નહીં કરાવી શકે. તેથી સ્વયંવર કરવાવાળી કન્યા પર વિશેષ જવાબદારી રહે છે.

પ્રશ્ન : કન્યા લગ્ન નહીં કરીને સાધના-ભજનમાં જ જીવન વીતાવવા ચાહે તો શું આ બરાબર છે ?

ઉત્તર : કન્યાને માટે લગ્ન ન કરવાનું ઉચિત નથી, કારણ કે તે સ્વતંત્ર રહીને પોતાનો જીવન-નિર્વાહ કરી લે– એ ઘણું કઠણ છે અર્થાત્ લગ્ન નહીં કરવાથી તેના જીવન-નિર્વાહમાં ઘણી મુશ્કેલી આવશે. જ્યાં સુધી મા-બાપ છે, ત્યાં સુધી તો ઠીક છે. પણ જ્યારે મા-બાપ નહીં રહે, તો

પછી ઘણું કરીને ભાઈઓ (પોતાની સ્ત્રીઓને વશીભૂત હોવાથી) બહેનનો આદર કરતા નથી, પણ બહેનનો તિરસ્કાર કરે છે, તેમને હીન દૃષ્ટિથી જુએ છે. ભોજાઈઓ પણ તેને તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે.તેથી લગ્ન કરી લેવાં એ સારું છે.

અમે એવાં સ્ત્રી-પુરુષોને પણ જોયાં છે, જેમણે લગ્ન પહેલાં જ એ પ્રતિજ્ઞા કરી હોય છે કે અમે સ્ત્રી-પુરુષનો સંબંધ નહીં રાખીને માત્ર સાધન-ભજન જ કરીશું, અને તેઓ પોતાની પ્રતિજ્ઞા નિભાવતા આવ્યા છે. જો કે આજના જમાનામાં આવા છોકરાઓ મળવા મુશ્કેલ છે, જે માત્ર સાધન-ભજન માટે જ લગ્ન કરે, છતાં પણ તેવા મળવા અસંભવ નથી.

મીરાઁબાઈની પેઠે જે બાળપણથી જ ભજન-સ્મરણમાં લાગી જાય, તેની તો વાત જ અલગ છે, પરંતુ આ વિધાન નથી, ભાવ છે. આ ભાવમાં પણ કઠણાઈ આવે છે. મીરાઁબાઈના જીવનમાં ઘણી કઠણાઈ આવી હતી, પરંતુ ભગવાન પરના દૃઢ વિશ્વાસના બળ પર તે બધી કઠણાઈઓને પાર કરી ગયાં. આવો દૃઢ વિશ્વાસ બહુ ઓછો હોય છે. જેમનામાં આવો દૃઢ વિશ્વાસ હોય, તેમના માટે આ વિધાન નથી કે તે લગ્ન ન કરે અથવા લગ્ન કરે. તાત્પર્ય એ છે કે ભગવાન પર દૃઢ શ્રદ્ધા-વિશ્વાસ હોય તો મનુષ્ય ગમે ત્યાં રહે, તે શ્રેષ્ઠ થઈ જશે.

પ્રશ્ન : શું સ્ત્રીએ સાધુ-સન્યાસી બનવું ઉચિત છે ?

ઉત્તર : પુરુષને તો આ અધિકાર છે કે તેને સંસારથી વૈરાગ થઈ જાય તો તે ઘર વગેરેનો ત્યાગ કરીને વિરક્ત થઈ ભજન-સ્મરણ કરે, પરંતુ સ્ત્રીઓને માટે આવી આજ્ઞા અમે ક્યાંય જોઈ નથી. તેથી સ્ત્રીએ સાધુ-સન્યાસી બનવું ઉચિત નથી. તેણે તો ઘરમાં જ રહીને પોતાનાં કર્તવ્યનું પાલન કરવું જોઈએ. તે ઘરમાં જ ત્યાગપૂર્વક રહે– તેમાં જ તેનો મહિમા છે.

વાસ્તવમાં ત્યાગ-વૈરાગમાં જે તત્ત્વ છે, તે સાધુ-સન્યાસી બનવામાં

નથી. જેની ભીતર પદાર્થોની ગુલામી નથી તે ઘરમાં રહેવા છતાં પણ સાધ્વી છે, સન્યાસી છે.

પ્રશ્ન : પતિવ્રતા, સાધ્વી અને સતી કોને કહે છે ?

ઉત્તર : જોકે શબ્દકોશ અનુસાર પતિવ્રતા, સાધ્વી અને સતી– ત્રણે નામ એક જ અર્થમાં છે, છતાં પણ ત્રણેનો ભેદ કરવામાં આવે તો પતિના રહેતાં જે પોતાના નિયમમાં દૃઢ રહે છે, તે 'પતિવ્રતા' છે, પતિ ન રહે અને જે નિયમમાં, ત્યાગમાં દૃઢ રહે છે, તે 'સાધ્વી' છે, અને જે સત્યનું પાલન કરે છે, જેનો પતિ સાથે દૃઢ સંબંધ રહે છે અને જે પતિના મરણ બાદ તેની સાથે સતી થઈ જાય છે, તે 'સતી' છે.

પ્રશ્ન : સતી પ્રથા ઉચિત છે કે અનુચિત ?

ઉત્તર : સતી થવાની 'પ્રથા' છે જ નહીં. પતિની સાથે બળી જવું તે સતી થવું નથી. જેના મનમાં સત્ આવી જાય, ઉત્સાહ આવી જાય, તે આગ વિના પણ બળી જાય છે અને તેને બળવાનું કોઈ કષ્ટ પણ થતું નથી. આ કોઈ પ્રથા નથી કે તે તેવું જ કરે. પણ આ તો તેનું સત્વ છે, ધર્મ છે, શાસ્ત્ર-મર્યાદા પર વિશ્વાસ છે.

હરદોઈ જિલ્લામાં ઈકનોરા નામે એક ગામ છે, ત્યાં એક છોકરી પોતાના મોસાળમાં હતી. પતિ બીમાર હતો, તે મરી ગયો, તેને પતિના મરણના સમાચાર મળ્યા, તેણે મામાને પૂછ્યું કે સતી સુલોચનાને પતિનું માથું ના મળત તો તે શું કરત ? મામાએ કહ્યું કે મને શું ખબર ? તેણે કહ્યું કે મામાજી ! હું સતી થઈશ. મામાએ કહ્યું કે બેટી, આવું નહીં કરતી. તેણે કહ્યું કે હું કરતી નથી, થાય છે. તેણે દીવો સળગાવ્યો અને તેના પર પોતાની આંગળી મૂકી તો આંગળી મીણબત્તીની જેમ બળવા લાગી. તેણે મામાને કહ્યું કે આપ મને સતી થવાની આજ્ઞા આપો છો કે નહીં, નહીં તો આપનાં આ ઘરબાર બધું ભસ્મ થઈ જશે. મામાએ કહ્યું કે ભલે જેવી તારી મરજી હોય એમ કર. તેણે બળતી આંગળીને

એક દિવાલ પર ઓલવી અને ઘરની બહાર જઈને ઝાડની નીચે ઊભી રહી ગઈ અને મામાને કહ્યું કે મને લાકડાં આપો. મામાએ કહ્યું કે અમે લાકડાં; આગ આપીશું નહીં. ગામના લોકો ત્યાં એકઠાં થઈ ગયાં હતાં. તેણે હાથ જોડીને સૂર્ય ભગવાનને પ્રાર્થના કરી કે હે નાથ ! આપ આગ આપો. આવું કહેતાં જ તે ત્યાં ઊભી ઊભી સળગી ગઈ ! તે આગથી પીપળાના પાંદડાં બળી ગયાં. આ બધું ગામ લોકોએ પોતાની આંખે જોયું. ત્યાંના મુસલમાનોને પૂછવા ગયા તો તેમણે પણ કહ્યું કે આ બધી ઘટના અમારી સામે બની છે. કરપાત્રીજી મહારાજ પણ ત્યાં ગયા હતા અને તેમણે દિવાલ પર કાળી લીટી જોઈ જ્યાં તેણે પોતાની બળતી આંગળી ઓલવી હતી અને પીપળાનાં બળેલાં પાંદડાં પણ જોયાં.

તાત્પર્ય એ છે કે આ સતીપ્રથા નથી, આ તો તેનો પોતાનો ધાર્મિક ઉત્સાહ છે. આ વિષયમાં શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજીએ **'सतीधर्म हिन्दुधर्मकी रीढ है'** નામનું પુસ્તક લખ્યું છે, * તે વાંચવું જોઈએ.

પ્રશ્ન : પતિવ્રતાના ભાવ અને આચરણ કેવાં હોય છે ?

ઉત્તર : તેનામાં ધાર્મિક ભાવોની પ્રબળતા હોય છે, જેથી તે તન-મનથી પતિની સેવા કરે છે. પતિના મનમાં જ પોતાનું મન મેળવી દે છે, પોતાનું કાંઈ રાખતી નથી. તેનું મન પતિમાં જ જોડાયેલું રહે છે. તેનું આ પતિવ્રત જ તેનું રક્ષણ કરે છે.

ખાસ કરીને પતિવ્રતાનો સંબંધ પૂર્વજન્મના પતિ સાથે જ હોય છે. ક્યાંક ક્યાંક એવું પણ હોય છે કે કન્યાને બાળપણમાં જ સારું શિક્ષણ, સારો સંગ મળવાથી તેના ભાવ સારા બની જાય છે તો લગ્ન થવાથી પતિવ્રતા બની જાય છે.

પ્રશ્ન : પતિવ્રતાની ઓળખાણ કઈ ?

---

* આ પુસ્તક મળવાનું ઠેકાણું છે– સંકીર્તન ભવન, ધાર્મિક ટ્રસ્ટ; પ્રતિષ્ઠાનપુર (ઝૂસી), ઈલાહાબાદ (ઉ. પ્ર.)

ઉત્તર : પતિવ્રતાના ઘરમાં શાંતિ રહે છે અને સૌ પોત-પોતાના ધર્મનું પાલન કરવાવાળા હોય છે. તેનાં સંતાન પણ શ્રેષ્ઠ, માતા-પિતાના ભક્ત હોય છે. પડોશીઓ, મહોલ્લાવાળાઓ પર પણ તેના ભાવોની અસર પડે છે.

પ્રતિવ્રતાને જોવાવાળાનો દુર્ભાવ દૂર થઈ જાય છે, પરંતુ બધી જગ્યાએ આ નિયમ લાગુ નથી પડતો, કારણ કે પતિવ્રતાને જોઈને આપણી ભીતર સારા ભાવ જ જાગ્રત થાય છે. જેમની અંદર સારા ભાવ, સંસ્કાર નથી, તેના પર પતિવ્રતાની એટલી અસર પડતી નથી. જેમ એક પારધિએ દમયંતીને અજગરના મુખમાંથી છોડાવી, પરંતુ તેના રૂપને જોઈને તે મોહિત થઈ ગયો અને તેની અંદર દુર્ભાવ પેદા થઈ ગયો. દમયંતીના શાપથી તે ત્યાં ભસ્મ થઈ ગયો. યુધિષ્ઠિર મોટા ધર્માત્મા, સાત્વિક પુરુષ હતા, પરંતુ દુર્યોધન પર તેમની અસર પડી નહીં.

પ્રશ્ન : શું વર્તમાન સમયમાં પાતિવ્રતધર્મનું પાલન થઈ શકે છે ?

ઉત્તર : પાતિવ્રતધર્મનું પાલન કરવામાં હાલનો સમય કોઈ બાધક નથી. પોતાના ધર્મનું પાલન કરવામાં સૌને સદાયે સ્વતંત્રતા છે. ધર્મની વિરુદ્ધ કામ કરવામાં જ શાસ્ત્ર, ધર્મ, મર્યાદા વગેરે બાધક છે.

પ્રશ્ન : શું પતિ પત્નીનો ત્યાગ કરી શકે છે ?

ઉત્તર : પત્ની સારી હોય, સુશીલ હોય, પણ રંગની કાળી હોય, મા સાથે તેને બનતું ન હોય, ક્યારેક માનું કહેલું માનતી નથી અને મા કહે આને છોડી દે– આવી સ્થિતિમાં જો પત્નીને છોડી દે ,તો તે મહાપાપ કરે છે, ઘોર અન્યાય કરે છે, તેથી તે ઘોર નરકમાં જશે. આજકાલના છોકરાઓ પત્નીને દોષી સમજીને તેનો ત્યાગ કરી દે છે તો શું તેઓ પોતે બધી રીતે દૂધથી ધોયેલા છે ? તેથી પત્નીનો કદી ત્યાગ કરવો ન જોઈએ.

પ્રશ્ન : અગર પત્ની દુષ્ટ ચારિત્ર્યવાળી, વ્યભિચારિણી હોય તો તેનો

ત્યાગ કરવો જોઈએ કે નહીં ?

ઉત્તર : આજકાલના જમાનામાં બને ત્યાં સુધી, તો પત્નીનો ત્યાગ કરવો નહીં જોઈએ. પોતાની શક્તિ મુજબ તેના પર કાબૂ રાખવો જોઈએ, તેને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો તેને સજા જ આપવી હોય તો તેની સાથે વાતચીત કરવી નહીં અને તેના હાથનું બનાવેલું ભોજન પણ લેવું નહીં.

પ્રશ્ન : પતિનું અડધું પુણ્ય પત્નીને અને પત્નીનું અડધું પાપ પતિને મળે છે– આવું કેમ ?

ઉત્તર : પત્નીએ પોતાના માતા-પિતા, ભાઈ-ભોજાઈ વગેરે બધાનો પૂરા ઘરનો ત્યાગ કર્યો છે અને પુણ્ય ત્યાગથી હોય છે. તેણે પોતાના ગોત્રનો ત્યાગ કરીને પતિના મનમાં પોતાનું મન મેળવી દીધું છે. તેથી તે પુણ્યની ભાગીદાર થાય છે. પતિ સંધ્યા-ગાયત્રી વગેરે કરે છે તો તેનું પણ અડધું ફળ (પુણ્ય) પત્નીને મળે છે. તેથી પતિને બે જનોઈ હોય છે– એક પોતાની અને એક પત્નીની.

સ્ત્રી બાળપણમાં માતા-પિતા, ભાઈ વગેરેને આધીન રહીને કેળવાય છે અને વિવાહ બાદ કેળવણી આપવાનું પતિને આધીન છે. જો પતિથી સારી કેળવણી ન મળવાને કારણે પત્ની પાપ કરે છે તો તેનું અડધું પાપ પતિને લાગે છે.

જો પતિ સારી કેળવણી આપે છે, પણ પત્ની પતિનું કહેવું માનતી નથી, પાપ કરે છે તો તેનું અડધું પાપ પતિને મળતું નથી, કારણ કે તેણે પોતાની જવાબદારી પોતાના પર જ લીધી છે. એવી જ રીતે પતિના કહેવામાં ચાલે છે, પતિને આધીન રહે છે, તે પતિના અડધા પુણ્યની ભાગીદાર થાય છે. જે પતિના કહ્યામાં ચાલતી નથી, તે પતિના અડધા પુણ્યની ભાગીદાર થતી નથી.

પ્રશ્ન : વિધર્મી લોકો સ્ત્રીનું અપહરણ કરીને લઈ જાય તો તે સ્ત્રીએ શું કરવું જોઈએ ?

ઉત્તર : જ્યાં સુધી બને ત્યાં સુધી તેણે ત્યાંથી છૂટવાનો પ્રયાસ કરવો

જોઈએ. મોકો મળે તો ત્યાંથી ભાગી જવું જોઈએ. કોઈ ઉપાય ના ચાલે તો ભગવાનને પોકારવા જોઈએ. ભગવાન કોઈ ને કોઈ રીતે છોડાવી દેશે.

એક સ્ત્રીને મોંમાં કપડાંનો ડૂચો મારીને બન્ને હાથ પીઠની પાછળ બાંધીને અને ઉપરથી બુરખો પહેરાવીને વિધર્મી લોક રેલગાડીમાં લઈ જતા હતા. લખનૌ સ્ટેશન પર જ્યારે ટી.ટી. ટિકીટ જોવા માટે તે સ્ત્રી પાસે આવીને ઊભો રહ્યો, ત્યારે તે સ્ત્રીએ પોતાના પગથી ટી.ટી.નો પગ દબાવ્યો. ટી.ટી.એ વિચાર કર્યો કે આણે મારો પગ કેમ દબાવ્યો ! આમાં કંઈ ને કંઈ રહસ્ય છે. તેણે રેલવે પોલીસને બોલાવ્યો અને પોલીસે તપાસ કરીને તે સ્ત્રીને છોડાવી લીધી અને તેનું અપહરણ કરવાવાળાઓને પકડી લીધા. આવી રીતે નોઆખાલીમાં વિધર્મીએ એક સ્ત્રીને પકડી લીધી. તે સ્ત્રીએ ભગવાનને પોકાર્યા, એટલામાં બીજો વિધર્મી આવ્યો અને કહેવા લાગ્યો કે આને હું મારી સ્ત્રી બનાવીશ. આ વાતને લીધે બન્નેમાં ઝઘડો થઈ ગયો. તે બન્ને એકબીજા સાથે લડીને મરી ગયા અને તે સ્ત્રીની રક્ષા થઈ ગઈ.

પ્રશ્ન : જેની સ્ત્રીને વિધર્મી લઈ ગયા, તે પુરુષનું શું કર્તવ્ય છે ?

ઉત્તર : પુરુષમાં તેને છોડાવી લાવવાનું સામર્થ્ય હોય અને તે પ્રસન્નતાથી આવવા ચાહે તો તેને પોતાના ઘરમાં લઈ આવવી જોઇએ. કારણ કે તેની સાથે જબરજસ્તી થઈ છે, તેથી તેનું એક પતિવ્રત નથી રહ્યું, પરંતુ તેનો ધર્મ બગડયો નથી. ધર્મ તો સ્વયં (પોતાની ઈચ્છાથી) છોડવાથી જ બગડે છે. જબરજસ્તી કરીને કોઈ પણ કોઈનો ધર્મ છોડાવી નહીં શકે. તેથી જો તે સ્ત્રીએ મન બગાડયું નથી, તેણે સંગનું સુખ લીધું નથી તો તેનો પાતિવ્રતધર્મ નષ્ટ થતો નથી. તેથી જો તે પાછી આવી જાય તો તેને ગીતા, રામાયણ, ભાગવત વગેરેના પાઠ દ્વારા તથા ગંગાજળથી સ્નાન કરાવીને

શુદ્ધ કરી લેવી જોઈએ. આ બધું કર્યા પછી જ્યારે તે રજસ્વલા થઈ જશે ત્યારે તે સર્વથા શુદ્ધ થઈ જશે– **'રજસા શુદ્ધ્યતે નારી'**.

જમદગ્નિ ઋષિની પત્ની રેણુકા રોજ પોતાના પાતિવ્રતધર્મના પ્રભાવથી કુપડાંમાં પાણી ભરીને લાવ્યા કરતી હતી. એક દિવસ તેણે નદીના કિનારા પર સોના જેવા ચમકદાર અને સુંદર વાળ જોયા. તેના મનમાં આવ્યું કે આ વાળ આટલા સુંદર છે તો તે પુરુષ કેટલો સુંદર હશે ! આ રીતે મનમાં વિકાર આવતાં જ તેનો ધર્મ નષ્ટ થઈ ગયો અને તે પહેલાંની જેમ કુપડાંમાં પાણી ભરીને લાવી શકી નહીં.

ઇન્દ્રે ગૌતમ ઋષિનું રૂપ ધારણ કરીને અહલ્યાને ભ્રષ્ટ કરી તો તેનો ધર્મ ભ્રષ્ટ ન થયો. ફક્ત એક પતિવ્રત નષ્ટ થયું. જો કે પતિએ ક્રોધમાં આવીને તેને પત્થર બનાવી દીધી, તોપણ ભગવાન રામે તેનો ઉદ્ધાર કરી દીધો, કારણ કે તે પોતાના ધર્મમાં દૃઢ હતી.

ગીતાપ્રેસના સંસ્થાપક શ્રીજયદયાલજી ગોયન્દકા શુદ્ધિ અને પવિત્રતાનો બહુ જ ખ્યાલ રાખતા હતા. તેમણે પણ કહ્યું હતું કે વિધર્મીઓએ જબરજસ્તી કરીને જે સ્ત્રીઓને ભ્રષ્ટ કરી છે, તેમનો ધર્મ ભ્રષ્ટ થયો નથી. તેથી તેઓ હિન્દુધર્મમાં આવવા ચાહે તો તેમને લઈ લેવી જોઈએ અને ગંગાસ્નાન, ગીતા-રામાયણ પાઠ વગેરેથી શુદ્ધ કરાવી લેવી જોઈએ. તેમણે એ પણ કહ્યું હતું કે બીજા ધર્મને માનનાર વ્યક્તિ હિંદુધર્મમાં આવવા ચાહે તો તેને લઈ લેવા જોઈએ અર્થાત્ તે પણ હિંદુ થઈ શકે છે અને હિંદુ ધર્મની પદ્ધતિ અનુસાર જપ-ધ્યાન, પૂજા-પાઠ વગેરે કરી શકે છે.

પ્રશ્ન : પત્ની પોતાની ઇચ્છાથી ક્યાંક ચાલી જાય અને પાછી આવે તો શું કરવું જોઈએ ?

ઉત્તર : તેને આપણી પત્ની નહીં માનવી જોઈએ, તેની સાથે પત્ની જેવો વ્યવહાર નહીં કરવો જોઈએ. જેવી રીતે સંત કુબાજી મહારાજની પત્ની તેમને છોડીને બીજાની પાસે ચાલી ગઈ. ત્યાં તેને સંતાન પણ થઈ

ગયાં, પરંતુ તેનો તે પતિ મરણ પામ્યો. હવે તેને માટે જીવન-નિર્વાહ કરવાનું પણ ઘણું મુશ્કેલ થઈ ગયું. તેથી તે ફરી પાછી કુબાજી પાસે આવી ગઈ. કુબાજીએ તેના જીવાન-નિર્વાહને માટે અનાજ-પાણી, કપડાં વગેરેનો પ્રબંધ કરી દીધો, પરંતુ તેને પોતાની પત્ની માની નહીં.

પ્રશ્ન : પતિ દુશ્ચરિત્ર હોય તો પત્નીએ શું કરવું જોઈએ ?

ઉત્તર : પત્નીએ દુશ્ચરિત્ર પતિનો ત્યાગ કરવો નહીં જોઈએ, પરંતુ પોતાના પાતિવ્રતધર્મનું પાલન કરીને તેને સમજાવવો જોઈએ. જેવી રીતે મંદોદરીએ રાવણને સમજાવ્યો, પણ તેનો ત્યાગ કર્યો નથી.

લગ્ન સમયે સ્ત્રી-પુરુષ બન્ને પરસ્પર વચનબદ્ધ થાય છે. તે અનુસાર પતિને સલાહ આપવાનો, પતિને પોતાના મનની વાત કહેવાનો પત્નીને અધિકાર છે. ગાંધારી કેટલા ઊંચા દરજ્જાની પતિવ્રતા હતી કે જ્યારે તેણે સાંભળ્યું કે જેની સાથે મારાં લગ્ન થવાનાં છે, તેનાં નેત્ર નથી, તો તેણે પણ પોતાનાં નેત્રો પર પટ્ટી બાંધી લીધી, કારણ કે નેત્રોનું જે સુખ પતિને નથી, તે સુખ મારે પણ નથી લેવું ! પરંતુ તેણે પણ સમય આવ્યે પતિ (ધૃતરાષ્ટ્ર)ને સમજાવ્યા કે આપે દુર્યોધનની વાત નહીં માનવી જોઈએ,નહીં તો કુળનો નાશ થઈ જશે. એવી સલાહ તેણે ઘણીવાર દીધી, પણ ધૃતરાષ્ટ્રે તેની સલાહ માની નહીં, જેથી કુળનો નાશ થઈ ગયો. તાત્પર્ય એ છે કે પતિને સારી સલાહ આપવાનો પત્નીનો પૂરો અધિકાર છે.

શાસ્ત્રોમાં આવ્યું છે કે જે પતિવ્રતા સ્ત્રી તન-મનથી પતિની સેવા કરે છે, પોતાના ધર્મનું પાલન કરે છે, તે મૃત્યુ બાદ પતિલોકમાં (પતિની પાસે) જાય છે. અગર પતિ દુશ્ચરિત્ર છે તો પતિને નરકલોક મળશે, તેથી પતિવ્રતા સ્ત્રીનો લોક પણ નરક જ હોવો જોઈએ ! પરંતુ પતિવ્રતા સ્ત્રી નરકમાં જઈ શકતી નથી, કારણ કે તેણે શાસ્ત્રની, ભગવાનની, સંત-મહાત્માઓની આજ્ઞાનું પાલન કર્યું છે, પતિવ્રતાધર્મનું પાલન કર્યું છે. તેથી તે પોતાના

પાતિવ્રતધર્મના પ્રભાવથી પતિનો ઉદ્ધાર કરી દેશે, અર્થાત્ જે લોક પત્નીનો હશે, તે લોક પતિનો થઈ જશે. તાત્પર્ય એ છે કે પોતાનાં કર્તવ્યનું પાલન કરવાવાળો મનુષ્ય બીજાઓનો ઉદ્ધાર કરવાવાળો બની જાય છે.

પ્રશ્ન : જો પતિ પત્નીને વ્યભિચારને માટે પ્રરિત કરે તો પત્નીએ શું કરવું જોઈએ ?

ઉત્તર : પતિને અધિકાર નથી કે તે પોતાની સ્ત્રી બીજાઓને આપે, કારણ કે પત્નીના પિતાએ પતિને જ દાનમાં દીધી છે. અન્ન, વસ્ત્ર વગેરેનું દાન લેનાર તો અન્ન વગેરે બીજાઓને આપી શકે છે, પરંતુ કન્યાદાન લેવાવાળો પતિ બીજાઓને પોતાની પત્ની આપી શકે નહીં. જો તે એવું કરે છે તો તે મહાપાપનો ભાગીદાર બને છે. આવી સ્થિતિમાં પત્નીએ પતિની વાત બિલકુલ નહીં માનવી જોઈએ. તેણે પોતાના પતિને સાફ કહી દેવું જોઈએ કે મારા પિતાએ આપને જ કન્યાદાન કર્યું છે, તેથી બીજાઓને આપવાનો આપને અધિકાર નથી. આ વિષયમાં તે પતિની આજ્ઞાનો ભંગ કરે છે તો તેને કોઈ દોષ લાગતો નથી, કારણ કે પતિની આ આજ્ઞા અન્યાયપૂર્ણ છે અને અન્યાયનો સ્વીકાર કરવો, અન્યાયને પ્રોત્સાહિત કરનાર છે જે સૌને માટે અનુચિત છે. બીજી વાત, જો પતિની ધર્મવિરુદ્ધ આજ્ઞાનું પાલન કરશે તો આ પાપને કારણે પતિને નરકની પ્રાપ્તિ થશે. તેથી પત્નીએ એવી આજ્ઞાનું પાલન નહીં કરવું જોઈએ કે જેથી પતિને નરકમાં જવું પડે.

અગર પતિ સ્વયં પણ શાસ્ત્રના નિયમ વિરુદ્ધ સ્ત્રી-સંગ કરે છે તો તે અન્યાય , પાપ કરે છે. ધર્મયુક્ત કામ ભગવાનનું સ્વરૂપ છે– **'ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોઅસ્મિ ભરતર્ષભ'** (ગીતા ૭ । ૧૧); તેથી તેમાં દોષ પણ નથી. પરંતુ ધર્મથી વિરૂદ્ધ સ્ત્રીને મનમાની રીતે ભોગવવી એ અન્યાય છે. મનુષ્યએ સદા શાસ્ત્રની મર્યાદા અનુસાર જ દરેક કાર્ય કરવું જોઈએ. (ગીતા ૧૬ । ૨૪)

પ્રશ્ન : અગર પતિ માંસ-મદિરા વગેરેનું સેવન કરતો હોય તો પત્નીએ

શું કરવું જોઈએ ?

ઉત્તર : પતિને સમજાવવો જોઈએ, નિષેધ આચરણ છોડાવવાં જોઈએ. અગર પતિ નહીં માને તો લાચારી છે, પણ પતિને સમજાવવો એ સ્ત્રીનો ધર્મ છે, અધિકાર છે, પત્નીએ તો પોતાનું ખાવા-પીવાનું શુદ્ધ રાખવું જોઈએ.

પ્રશ્ન : પતિ માર-પીટ કરે, દુઃખ આપે તો પત્નીએ શું કરવું જોઈએ ?

ઉત્તર : પત્નીએ તો એ સમજવું જોઈએ કે મારા પૂર્વજન્મનો કોઈ બદલો, ઋણ છે, જે આ રૂપમાં ચૂકવાઈ રહ્યું છે, તેથી મારું પાપ જ બળી રહ્યું છે ને હું શુદ્ધ થઈ રહી છું. પિયરવાળાને ખબર પડે તો તેઓ પોતાના ઘરે લઈ જઈ શકે છે, કારણ કે તેમણે કન્યા માર-પીટ કરવા માટે થોડી આપી હતી !

પ્રશ્ન : જો પિયરવાળા પણ તેને તેમના ઘરે ન લઈ જાય તો તે શું કરે ?

ઉત્તર : પછી તો પોતાના પૂર્વ-જન્મનાં કર્મોનાં ફળ ભોગવી લેવાં જોઈએ, તે સિવાય બિચારી શું કરી શકે ! તેણે પતિની માર-પીટને ધીરજપૂર્વક સહન કરી લેવી જોઈએ. સહન કરવાથી પાપ કપાશે અને સંભવ છે કે આગળ ઉપર પતિ સ્નેહ કરવા પણ લાગે, જો તે પતિની માર-પીટને સહન ન કરી શકે તો પતિને કહીને તેણે અલગ થઈ જવું જોઈએ. અને અલગ રહીને પોતાની આજીવિકા ચલાવવા ભગવાનનું ભજન-સ્મરણ કરતાં રહીને બેધડક રહેવું જોઈએ.

પુરુષે ક્યારેય પણ સ્ત્રી પર હાથ ઉગામવો નહીં જોઈએ. શિખંડી ભીષ્મને મારવા માટે જ પેદા થયો હતો, પરંતુ તે જ્યારે યુદ્ધમાં ભીષ્મની સામે આવે છે, ત્યારે ભીષ્મજી બાણ ચલાવવાનું બંધ કરી દે છે, કારણ કે શિખંડી પૂર્વજન્મમાં સ્ત્રી હતો અને આ જન્મમાં પણ સ્ત્રીરૂપે જ જન્મ્યો હતો, પછી તેને પુરુષત્વ પ્રાપ્ત થયું હતું. તેથી ભીષ્મજી તેને સ્ત્રી તરીકે જ માને છે અને તેના પર બાણ ચલાવતા નથી.

વિપત્તિના દિવસો કોઈ પાપને કારણે જ આવે છે. તેમાં ઉત્સાહપૂર્વક ભગવાનનું ભજન-સ્મરણ કરવાથી બમણો લાભ થાય છે. એક તો પાપનો નાશ થાય છે અને ભગવાનને પોકારવાથી પ્રભુવિશ્વાસ વધે છે. તેથી વિપત્તિ આવવાથી સ્ત્રીઓએ હિંમત નહીં હારવી જોઈએ.

વિપત્તિ આવવાથી આપઘાતનો વિચાર પણ મનમાં લાવવો નહીં જોઈએ, કારણ કે આપઘાત કરવાથી ઘણું ભારે પાપ લાગે છે. કોઈ મનુષ્યની હત્યાનું જે પાપ લાગે છે , તે પાપ આત્મહત્યાનું લાગે છે. મનુષ્ય એવું વિચારે કે આત્મહત્યા કરવાથી મારું દુઃખ મટી જશે, હું સુખી થઈ જઈશ. આ તદ્દન મૂર્ખતાની વાત છે, કારણ કે અગાઉનાં પાપ તો કપાયાં નહીં, નવું પાપ વહોરી લીધું ! જેમણે આત્મ-હત્યાનો પ્રયાસ કર્યો છે, અને બચી ગયા, તેમની પાસેથી એવી વાત સાંભળી છે કે આત્મ-હત્યા કરવામાં બહુ ભારે કષ્ટ થાય છે અને પશ્ચાત્તાપ થાય છે કે હું આવું ના કરત તો સારું થાત, હવે શું કરું ? આત્મ-હત્યા કરવાવાળા ખાસ કરીને ભૂત-પ્રેત બને છે અને ત્યાં ભૂખ્યા-તરસ્યા રહે છે, દુઃખ પામે છે. તાત્પર્ય એ છે કે આત્મ-હત્યા કરવાવાળાની ઘણી ભારે દુર્ગતિ થાય છે.

પ્રશ્ન : જો પતિ ત્યાગ કરી દે તો સ્ત્રીએ શું કરવું જોઈએ ?

ઉત્તર : તે પોતાના પિતાના ઘરે રહે. પિતાના ઘરે રહેવાનું ન બની શકે, તો સાસરા અથવા પિયરવાળાઓની નજીક ભાડે ઘર લઈને ત્યાં રહે અને મર્યાદા, સંયમ, બ્રહ્મચર્યપૂર્વક પોતાના ધર્મનું પાલન કરે, ભગવાનનું ભજન-સ્મરણ કરે. પિતાથી અથવા તો સાસરેથી જે કાંઈ મળ્યું છે, તેનાથી પોતાનો જીવન-નિર્વાહ કરે. અગર પાસે પૈસા ન હોય તો ઘરમાં જ રહીને પોતાના હાથે કાંતવાનું, સીવવા, પરોવવાનું વગેરે કામ કરીને પોતાનો જીવન-નિર્વાહ કરે. જો કે આમાં કઠણાઈ પડે છે, પરંતુ તપમાં કઠણાઈ જ હોવાથી, આરામ નહીં હોય. આ તપથી આધ્યાત્મિક તેજ વધશે, તેનું

અંતઃકરણ શુદ્ધ થશે.

માતા-પિતા, ભાઈ-ભોજાઈ વગેરેએ વિશેષ ધ્યાન આપવું જોઈએ કે બહેન-દીકરી ધર્મની મૂર્તિ હોય છે, તેથી તેનું પાલન-પોષણ કરવામાં ભારે પુણ્ય હોય છે. તેમણે આ ઉક્તિ અક્ષરશઃ ચરિતાર્થ કરી લેવી જોઈએ– **'બિપતિ કાલ કર સતગુન નેહા'** (માનસ, કિષ્કિન્ધા૰૭ । 3) અર્થાત્ વિપત્તિના સમયે બહેન-દીકરીને સોગણો સ્નેહ કરવો. જો તેઓ તેમ ના કરી શકે તો કન્યાએ વિચાર કરવો જોઈએ કે જંગલમાં રહેવાવાળા પ્રાણીઓનું પણ ભગવાન પાલન-પોષણ કરે છે, તો શું તેઓ મારું પાલન-પોષણ નહીં કરે ! બધાના માલિક ભગવાન હોય છે તો હું અનાથ કેવી રીતે હોઈ શકું ? આ વાતને દ્રઢતાથી ધારણ કરીને ભગવાનને ભરોંસે બેધડક નિશ્ચિંત અને નિઃશંક રહેવું જોઈએ. એક વિધવા બહેન હતી. તેની પાસે કાંઈ ન હતું. સાસરાવાળાઓએ તેનાં ઘરેણાં દબાવી લીધાં. તે કહેતી હતી કે ચિંતા છે જ નહીં ! બે હાથોની પાછળ એક પેટ છે, પછી ચિંતા કઈ વાતની !

છોકરીઓએ બાળપણથી જ કાંતવા-ગૂંથવાનું, સીવવાનું, પરોવવાનું, ભણવું-ભણાવવાનું શીખી લેવું જોઈએ. લગ્ન થાય ત્યારે પતિની સેવામાં કસર નહીં રાખવી જોઈએ, પણ ભીતરથી ભરોંસો ભગવાનનો જ રાખવો જોઈએ. અસલી સહારો ભગવાનનો જ છે. એવો સહારો પતિનો નથી, પુત્રનો નથી અને શરીરનો પણ નથી– આ બિલકુલ સાચી વાત છે. તેથી જો પતિ ત્યાગ કરી દે તો ગભરાવું નહીં જોઈએ. આ બાબતમાં પોતાની કોઈ ત્રુટિ હોય તો તાત્કાલિક સુધારો કરી લેવો જોઈએ અને પોતાની કોઈ ત્રુટિ ના હોય તો બેધડક રહેવું જોઈએ. હૃદયમાં કમજોરી તો પોતાના ભાવ અને આચરણ બરાબર નહીં રહેવાથી જ આવે છે. પોતાના ભાવ અને આચરણ ઠીક રહેવાથી હૃદયમાં કમજોરી કદી આવતી જ નથી. તેથી પોતાના ભાવો અને આચરણોને સદા શુદ્ધ, પવિત્ર રાખીને ભગવાનનું ભજન-સ્મરણ કરતા રહેવું જોઈએ. ભગવાનના ભરોંસે કોઈ વાતની પરવા

ન કરવી જોઈએ.

આજના યુવકોએ સ્ત્રીને છોડી નહીં દેવી જોઈએ. સ્ત્રીનો ત્યાગ કરવો એ મહાપાપ છે, બહુ મોટો અન્યાય છે. આવું કરવાવાળાઓ ભયંકર નરકમાં જાય છે.

પ્રશ્ન : પુરુષ બીજું લગ્ન કરી શકે છે કે નહીં ?

ઉત્તર : જો પહેલી સ્ત્રીથી સંતાન ના થાય તો પિતૃઋણથી મુક્ત થવાને માટે, માત્ર સંતાન ઉત્પન્ન કરવાને માટે પુરુષ શાસ્ત્રની આજ્ઞા અનુસાર બીજું લગ્ન કરી શકે છે. પોતાના સુખ-ભોગને માટે તે બીજું લગ્ન ન કરી શકે, કારણ કે આ મનુષ્ય-શરીર પોતાના સુખ-ભોગને માટે છે જ નહીં.

પુનઃર્લગ્ન પોતાની પહેલી પત્નીની આજ્ઞાથી, સંમતિથી જ કરવું જોઈએ અને પત્નીએ પણ પિતૃઋણથી તે મુક્ત થાય તે માટે પુનઃર્લગ્નની આજ્ઞા આપી દેવી જોઈએ. પુનઃર્લગ્ન કર્યા પછી પતિએ પોતાની પૂર્વપત્નીનો અધિકાર સુરક્ષિત રાખવો જોઈએ, તેનો તિરસ્કાર, નિરાદર કદી ન કરવો જોઈએ, બલ્કે તેને મોટી માનીને બન્નેએ તેનું સન્માન કરવું જોઈએ.

જેને સંતાન થઈ ગયાં, પણ સ્ત્રી મરી ગઈ, તેણે પુનઃર્લગ્ન કરવાની જરૂર જ નથી, કારણ કે તે પિતૃઋણથી મુક્ત થઈ ગયો. પરંતુ જેની ભોગાસક્તિ મટી નથી, તે પુનઃર્લગ્ન નહીં કરે તો તે વ્યભિચારમાં પડી જશે, વેશ્યાગામી થઈ જશે, જેથી તેને ભયંકર પાપ લાગશે. તેથી આ પાપમાંથી બચવાને માટે તથા મર્યાદામાં રહેવાને માટે તેણે શાસ્ત્રની આજ્ઞા અનુસાર પુનઃર્લગ્ન કરી લેવાં જોઈએ.

પ્રશ્ન : અગાઉના રાજાઓ અનેક લગ્ન કરતા હતા તો શું આવું કરવું ઉચિત હતું ?

ઉત્તર : જે રાજાઓ પોતાના સુખભોગને માટે ઘણાં લગ્ન કરતા હતા, તેઓ આદર્શ મનાયા નથી. માત્ર રાજા હોવાથી કોઈ આદર્શ થઈ

જતા નથી. જેઓ શાસ્ત્રની આજ્ઞા અનુસાર ચાલતા હતા, ધર્મનું પાલન કરતા હતા, તે રાજાઓ જ આદર્શ મનાયા છે.

વાસ્તવમાં લગ્ન-વિવાહ કરવો કોઈ ઊંચા દરજ્જાની વસ્તુ નથી અને આવશ્યક પણ નથી. પરમાત્મા પ્રાપ્તિ કરવી આવશ્યક છે. તેને માટે મનુષ્ય-શરીર મળેલું છે, લગ્ન કરવાને માટે નહીં. સ્ત્રી-પુરુષનો સંગ તો દેવતાઓથી લઈને ભૂત-પ્રેત વગેરે સુધી સ્થાવર-જંગમ દરેક યોનિમાં થાય છે, તેથી તે કોઈ મહત્ત્વની બાબત નથી. પરંતુ પરમાત્મપ્રાપ્તિનો અવસર, અધિકાર, યોગ્યતા વગેરે તો મનુષ્ય-જન્મમાં જ છે. મનુષ્ય પરમાત્મપ્રાપ્તિનો જન્મજાત અધિકારી છે. વિચાર દ્વારા પોતાની વિષયાસક્તિને, ભોગાસક્તિને છોડી શકતા નથી, તેવા કમજોર મનુષ્યો માટે જ લગ્નનું વિધાન કરવામાં આવ્યું છે. ભોગોને ભોગવીને તેનાથી વિરક્ત થવાને માટે તેનાથી અરુચિ કરવાને માટે જ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો જોઈએ. જેઓ વિષયાસક્તિને છોડી શકતા નથી તેમના પર જ પિતૃઋણ રહે છે અર્થાત્ ઉપકુર્વાણ બ્રહ્મચારી પર જ વંશ-પરંપરા ચલાવવાની જવાબદારી રહે છે, નૈષ્ઠિક બ્રહ્મચારી અને ભગવાનના ભક્ત પર નહીં. તાત્પર્ય એ છે કે પિતૃઋણ તે પુરુષ પર રહે છે, જે ભોગાસક્તિ દૂર કરી શક્યો નથી. જેનામાં ભોગાસક્તિ નથી, તેના પર કોઈ ઋણ રહેતું નથી, પછી તે કર્મયોગી, જ્ઞાનયોગી, ભક્તિયોગી વગેરે કોઈ પણ કેમ ન હોય ! કારણ કે આવક પર જ કર લાગે છે, માલ પર જ જકાત લાગે છે, જેની પાસે આવક જ નથી તેના પર કર કઈ વાતનો ? માલ જ નથી તો પછી જકાત કેવી ?

પ્રશ્ન : સ્ત્રી પુનઃર્લગ્ન કેમ નથી કરી શકતી ?

ઉત્તર : માતા-પિતાએ કન્યાદાન કરી દીધું હવે તેની ઓળખ કન્યા તરીકેની રહી જ નથી, તેથી તેનું પુનઃદાન કેવી રીતે થઈ શકે ? હવે તેનાં પુનઃર્લગ્ન કરવાં તે તો પશુધર્મ જ છે.

સકૃદંશો નિપતતિ સકૃત્કન્યા પ્રદીયતે ।
સકૃદાહ દદાનીતિ ત્રીણ્યેતાનિ સતાં સકૃત્ ॥

(મનુસ્મૃતિ ૯ । ૪૭; મહાભારત, વન૰ ૨૯૪ । ૨૬)

'કુટુંબમાં ધન વગેરેની વહેંચણી એક જ વાર થાય છે, કન્યા એક જ વાર અપાય છે અને 'હું આપીશ' આ વચન પણ એક જ વાર અપાય છે. સત્પુરુષોનાં આ ત્રણે કાર્યો એક જ વાર થાય છે'.

શાસ્ત્રીય, ધાર્મિક, શારીરિક અને વ્યાવહારિક– ચારેય દૃષ્ટિઓથી સ્ત્રીઓને માટે પુનઃર્લગ્ન કરવાં અનુચિત છે. શાસ્ત્રીય દૃષ્ટિથી જોવામાં આવે તો શાસ્ત્રમાં સ્ત્રીને પુનઃર્લગ્નની આજ્ઞા આપવામાં આવી નથી. ધાર્મિક દૃષ્ટિથી જોવામાં આવે તો પિતૃઋણ પુરુષ પર જ રહે છે. સ્ત્રી પર પિતૃઋણ વગેરે કોઈ પણ ઋણ નથી. શારીરિક દૃષ્ટિથી જોવામાં આવે તો સ્ત્રીમાં કામશક્તિને રોકવાની તાકાત છે, એક મનોબળ છે. વ્યાવહારિક દૃષ્ટિથી જોવામાં આવે તો પુનઃર્લગ્ન કરવાથી તે સ્ત્રીનાં પહેલાંનાં સંતાન ક્યાં જશે ? તેનું પાલન-પોષણ કોણ કરશે ? કારણ કે તે સ્ત્રી જેની સાથે લગ્ન કરશે, તે તે સંતાનોનો સ્વીકાર કરશે નહીં. તેથી સ્ત્રીજાતિએ પુનઃલગ્ન નહીં કરીને બ્રહ્મચર્યનું પાલન કરી સંયમપૂર્વક રહેવું જોઈએ.

શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે જે સ્ત્રીને પાંચ-સાત સંતાનો છે, તે પણ જો પતિના મૃત્યુ બાદ બ્રહ્મચર્યનું પાલન કરે છે, તો તે નૈષ્ઠિક બ્રહ્મચારીની ગતિમાં જ જાય છે. તો પછી જેને સંતાન નથી, તે જો પતિના મરણ બાદ બ્રહ્મચર્યનું પાલન કરે છે તો તેની નૈષ્ઠિક બ્રહ્મચારીની ગતિ થવામાં કહેવાનું જ શું હોય ?

પ્રશ્ન : જો યુવાન સ્ત્રી વિધવા થઈ જાય તો તેણે શું કરવું જોઈએ ?
ઉત્તર : જીવિત અવસ્થામાં પતિ જે બાબતોને સારી માનતો હતો અને જે બાબતો તેને અનુકૂળ હતી, તેના મરણ બાદ પણ વિધવા સ્ત્રીએ તે અનુસાર આચરણ કરતાં રહેવું જોઈએ. તેણે વિચારવું જોઈએ કે

ભગવાને જે પ્રતિકૂળતા મોકલી છે તે મારી તપશ્ચર્યાને માટે છે. જાણી-સમજીને કરેલી તપશ્ચર્યાથી આ તપશ્ચર્યા ઘણી ઊંચી છે. ભગવાનના વિધાન અનુસાર કરવામાં આવેલ તપ, સંયમનો મહિમા ઘણો છે. આવો વિચાર કરીને તેણે મનમાં હમેશાં ઉત્સાહ રાખવો જોઈએ કે હું કેવી ભાગ્યશાળી છું કે ભગવાને મને તપ કરવાનો અવસર આપ્યો છે. ભાગવતમાં આવ્યુ છે કે–

तत्तेअनुकम्पां सुसमीक्षमाणो भुंजान एवात्मकृतं विपाकम् ।
हृद्वाग्वपुर्भिर्विदधन्नमस्ते जीवेत यो मुक्तिपदे स दायभाक् ॥

(શ્રીમદ્‌ભા૰ ૧૦ । ૧૪ । ૮)

'જે મનુષ્ય ક્ષણે ક્ષણે ખૂબ ઉત્સુકતાથી આપની કૃપાનો જ સારી રીતે અનુભવ કરતો રહે છે અને પ્રારબ્ધ અનુસાર જે કાંઇ સુખ કે દુઃખ મળે છે, તેને નિર્વિકાર મનથી ભોગવી લે છે અને જે પ્રેમપૂર્વક હૃદય, ગદ્‌ગદ વાણી અને પુલકિત શરીરથી પોતાને આપના ચરણોમાં સમર્પિત કરતો રહે છે– આ રીતે જીવન વ્યતીત કરતો મનુષ્ય બરાબર તે જ રીતે આપના પરમપદનો અધિકારી થઇ જાય છે, જે રીતે પોતાના પિતાની સંપત્તિનો પુત્ર !'

વિધવા સ્ત્રીએ પોતાના ચરિત્રની ખાસ રક્ષા કરવી જોઈએ. જો તે વ્યભિચાર કરે છે તો તે પોતાના બન્ને કુળોને કલંકિત કરે છે, મર્યાદાનો નાશ કરે છે અને મરણ બાદ ઘોર નરકમાં જાય છે. તેથી તેણે મર્યાદામાં રહેવું જોઈએ, ધર્મ-વિરુદ્ધ કામ નહીં કરવું જોઈએ. માતા કુંતીની જેમ તેણે પોતાના વૈધવ્ય-વ્રતનું પાલન કરવું જોઈએ. માતા કુંતીને યાદ કરવાથી પોતાના ધર્મનું પાલન કરવાનું બળ મળે છે.

પ્રશ્ન : આજકાલ સ્ત્રીને પુરુષના સમાન અધિકાર આપવાની વાત કહેવામાં આવે છે,શું આ ઠીક છે ?

ઉત્તર : આ ઠીક નથી. વાસ્તવમાં સ્ત્રીનો સમાન અધિકાર નથી, પણ વિશેષ અધિકાર છે. કારણ કે તે પોતાના પિતા વગેરેનો ત્યાગ

કરીને પતિના ઘરે આવી છે, તેથી ઘરમાં તેનો વિશેષ અધિકાર હોય છે. તે ઘરની માલિક, વહુરાણી કહેવાય છે. બહાર પતિનો વિશેષ અધિકાર હોય છે. જેમ રથ બે પૈડાંથી ચાલે છે, પણ બન્ને પૈડાં અલગ અલગ હોય છે. જો બન્ને પૈડાંને એક સાથે જોડી દેવામાં આવે તો રથ કેવી રીતે ચાલે ? જેમ બન્ને પૈડાં અલગ અલગ હોવાથી જ રથ ચાલે છે, તેવી જ રીતે પતિ અને પત્નીના અલગ અલગ અધિકાર હોવાથી જ ગૃહસંસાર ચાલે છે, જો સમાન અધિકાર આપવામાં આવે તો સ્ત્રીઓની જેમ પુરુષ ગર્ભ-ધારણ કેવી રીતે કરશે ? તેથી પોત-પોતાના અધિકાર જ સમાન અધિકાર છે. આમાં જ બન્નેની સ્વતંત્રતા છે.

પોત પોતાના અધિકાર જ શ્રેષ્ઠ છે, ઉત્તમ છે. અમને થોડા અધિકાર આપવામાં આવ્યા છે અને પુરુષોને વધુ અધિકાર આપવામાં આવ્યા છે– આ વાતને લઈને જ ભીરતમાં આ વાસના હોય છે કે અમને સમાન અધિકાર મળે, પૂરા અધિકાર મળે . આ વાસનામાં હેતુ છે– અણસમજ, મૂર્ખતા. સમજદારી હોય તો થોડા જ અધિકાર ઉત્તમ છે. કર્તવ્ય વધુ હોવું જોઈએ. અધિકાર કર્તવ્યનો દાસ છે, પણ અધિકારનો દાસ કર્તવ્ય નથી. જો પોતાના કર્તવ્યનું તત્પરતાથી પાલન કરવામાં આવે તો સંસાર, સંત-મહાત્મા, શાસ્ત્ર અને ભગવાન– આ બધા અધિકાર આપી દે છે.

અધિકાર મેળવવાની ઈચ્છા જન્મ-મરણનું કારણ છે અને નરકોમાં લઈ જવાવાળી છે. અમે જોયું છે કે એક મહોલ્લાનો કૂતરો બીજા મહોલ્લામાં જાય તો તે મહોલ્લાનો કૂતરો તેને કરડવા માટે દોડે છે, બન્ને કૂતરા એકબીજા સાથે લડે છે. આવનારો કૂતરો નીચે પડી જાય, પગ ઊંચા કરી દે, નમ્રતા સ્વીકાર કરી લે તો તે મહોલ્લાનો કૂતરો તેના પર ઊભો રહીને રાજી થઈ જાય છે, કારણ કે તે તે મહોલ્લા પર પોતાનો અધિકાર માને છે, પરંતુ આવનારો કૂતરો તે મહોલ્લા પર પોતાનો અધિકાર માનતો નથી, તેની સામે નમ્રતા સ્વીકાર કરી લે છે. તો ઝઘડો પતી જાય છે.

આથી સાબિત થાય છે કે વધુ અધિકાર મેળવવાની લાલસા તો કૂતરાઓની અંદર પણ રહેતી હોય છે. એવી જ લાલસા જો મનુષ્યની ભીતર રહેતી હોય તો મનુષ્યતા કેવી ? વધુ અધિકાર મેળવવાની લાલસા નીચ મનુષ્યોમાં હોય છે. જે શ્રેષ્ઠ મનુષ્ય હોય છે, તેઓ પોતાનાં કર્તવ્યનું જ ઉત્સાહપૂર્વક તત્પરતાથી પાલન કરે છે. કર્તવ્યનું પાલન કરવાથી તેનો અધિકાર આપોઆપ ઊંચો થઈ જાય છે.

વાસ્તવમાં જોવામાં આવે તો સ્ત્રીઓને અધિકાર ઓછો નથી. તે ઘરની માલિકણ, ગૃહલક્ષ્મી કહેવાય છે. ઘરમાં જેટલા પણ લોકો બહાર કામ-ધંધો કરે છે, તેઓ આવીને સ્ત્રીઓનો જ આશ્રય લે છે. સ્ત્રીઓ ઘરમાં દરેકને આશ્રય આપવાવાળી હોય છે. તેઓ બધાની સેવા કરે છે, બધાનું પાલન કરે છે, તેથી તેમનો અધિકાર વધુ છે. પરંતુ જ્યારે તે પોતાના કર્તવ્યથી વિમુખ થઈ જાય છે, ત્યારે તેના મનમાં અધિકાર મેળવવાની લાલસા પેદા થાય છે.

પ્રશ્ન : આજકાલ મોંઘવારીના જમાનામાં સ્ત્રી પણ નોકરી કરે તો શું વાંધો છે ?

ઉત્તર : સ્ત્રીનું હૃદય કોમળ હોય છે, તેથી તે નોકરીનું કષ્ટ, સજા, તિરસ્કાર વગેરે સહન કરી શકતી નથી. જરા પણ ઊંધી વાત આવી જાય તો તેને આંસુ આવી જાય છે. નોકરીને ભલે ગુલામી કહો, ભલે દાસતા કહો, ભલે તુચ્છતા કહો એક જ વાત છે. ગુલામીને પુરુષ તો સહી શકે છે, પણ સ્ત્રી સહી શકતી નથી. તેથી નોકરી, ખેતી, વેપાર વગેરે કામો પુરુષની જવાબદારી છે અને ઘરનું કામ સ્ત્રીની જવાબદારી છે. તેથી સ્ત્રીઓની પ્રતિષ્ઠા, આદર ઘરનું કામ કરવામાં જ છે. બહારનાં કામ કરવામાં સ્ત્રીઓનો તિરસ્કાર છે. જો સ્ત્રી માન સહિત કાંઈક પેદા કરે તો કોઈ વાંધો નથી અર્થાત્ તે પોતાના ઘરમાં સ્વેટર વગેરે બનાવવાં, કપડાં સીવવા, ભરત-ગૂંથણ, ભગવાનનાં ચિત્રો શણગારવા વગેરે આવાં કામ કરવાથી તે કોઈની ગુલામ, પરાધીન રહેશે નહીં.

—— ——:: X X :: —— ——

(૬) મહાપાપથી બચો

બ્રહ્મહત્યા સુરાપાનં સ્તેયં ગુર્વંગનાગમઃ ।
મહાન્તિ પાતકાન્યાહુઃ સંસર્ગશ્ચાપિ તૈઃ સહ ॥

(મનુસ્મૃતિ ૧૧ । ૫૪)

'બ્રાહ્મણની હત્યા કરવી, દારૂ પીવો, સોનું વગેરેની ચોરી કરવી અને ગુરુપત્ની સાથે વ્યભિચાર કરવો આ ચાર મહાપાપ છે. આ ચારમાંથી કોઈ પણ મહાપાપ કરવાવાળાની સાથે કોઈ ત્રણ વર્ષ સુધી રહે છે તેને પણ તે ફળ મળે છે, જે મહાપાપીને મળે છે.' *

૧. બ્રહ્મહત્યા

ચારેય વર્ણોના ગુરુ બ્રાહ્મણ છે– **'વર્ણાનાં બ્રાહ્મણો ગુરુઃ'** શાસ્ત્રીય જ્ઞાનનો જેટલો પ્રકાશ બ્રાહ્મણ જાતિથી થયો છે, તેટલો બીજી કોઈ જાતિથી થયો નથી. તેથી બ્રાહ્મણોની હત્યા કરવી એ મહાપાપ છે. આવી રીતે જેનાથી દુનિયાનું હિત થાય છે, તેવા હિતકારી પુરુષોને ભગવત્-ભક્તોને તથા ગાય વગેરેને મારવાં એ પણ મહાપાપ જ છે. કારણ કે જેના દ્વારા બીજાઓનું જેટલું વધારે હિત થાય છે, તેની હત્યાથી તેટલું જ વધારે પાપ લાગે છે.

૨. મદિરાપાન

માંસ, ઈંડાં, ગાંજો, ભાંગ વગેરે બધાં અશુદ્ધ અને નશીલા પદાર્થોનું સેવન કરવું પાપ છે, પરંતુ મદિરા પીવી મહાપાપ છે કારણ કે મનુષ્યની ભીતર જે ધાર્મિક ભાવનાઓ રહે છે, ધર્મની રુચિ, સંસ્કાર રહે છે, તેને મદિરાપાન નષ્ટ કરી દે છે. તેથી મનુષ્ય મહાન પતન તરફ ચાલ્યો જાય છે.

મદિરા બનાવવામાં અસંખ્ય જીવોની હત્યા થાય છે. ગંગાજી બધાને

---

* સ્તેનો હિરણ્યસ્ય સુરાં પિબઁ શ્ચ ગુરોસ્તલ્પમાવસન્બ્રહ્મહા ચૈતે પતન્તિ ચત્વારઃ પંચમશ્ચાચરઁ સ્તૈરિતિ ॥ (છાન્દોગ્ય૰ ૫ । ૧૦ । ૯)

શુદ્ધ કરવાવાળી છે, પરંતુ ગંગાજીમાં મદિરાનું પાત્ર ફેંકવામાં આવે તો તે શુદ્ધ થતું નથી. જ્યારે મદિરાનું પાત્ર પણ (જેમાં મદિરા ભરવામાં આવે છે) આટલું અશુદ્ધ થઈ જાય છે, તો મદિરા પીવાવાળા કેટલા અશુદ્ધ થઈ જતા હશે– તેનું કોઈ ઠેકાણું નથી. મુસલમાનોના ધર્મની આ વાત મેં સાંભળેલી છે કે શરીરના જે અંગને મદિરા લાગી જાય, તે અંગની ચામડી કાપીને ફેંકી દેવી જોઈએ.

પ્રશ્ન : આજકાલ કેટલીક અંગ્રેજી દવાઓમાં મદિરા મેળવાયેલી હોય છે. જો સ્વાસ્થ્યને માટે ઔષધિરૂપે તેનું સેવન કરવામાં આવે તો શું મહાપાપ લાગશે ?

ઉત્તર: જેમાં મદિરા છે, તે ઔષધિઓના સેવનથી મહાપાપ લાગશે જ.

પ્રશ્ન : જો પરિવારમાં એક વ્યક્તિ મદિરાપાન કરે છે, તો તેના સંગના કારણે આખા પરિવારને મહાપાપ લાગશે ?

ઉત્તર : નહીં. પરિવારવાળાઓની દૃષ્ટિમાં તે કુટુંબી છે, તેથી તેઓ મદિરા પીવાવાળાનો સંગ કરતા નથી, પણ પરવશતાથી કુટુંબીનો સંગ કરે છે. તેવી જ રીતે જો પતિ મદિરાપાન કરે છે અને સ્ત્રીએ રાત-દિવસ તેની સાથે રહેવું પડે છે તો સ્ત્રીને મહાપાપ નહીં લાગે, કારણ કે તે મદિરા પીવાવાળાનો સંગ કરતી નથી, પણ પરવશતાથી પતિનો સંગ કરે છે. રૂચિપૂર્વક સંગ કરવાથી જ કુસંગનો દોષ લાગે છે.

પ્રશ્ન : જે પહેલાં અજાણતામાં મદિરા પી રહ્યો છે, પણ હવે ભાનમાં આવ્યો છે તો મહાપાપથી શુદ્ધ કેવી રીતે બને ?

ઉત્તર : તે સાચા હૃદયથી પશ્ચાતાપ કરે અને મદિરા પીવાનું તદ્દન છોડી દે અને નિશ્ચય કરી લે કે આજથી હું કદી પણ મદિરા પીશ નહીં તો તેના બધાં પાપ માફ થઈ જશે. જીવ સ્વતઃશુદ્ધ છે– **'ચેતન અમલ સહજ સુખરાસી ॥.'** તેથી અશુદ્ધિને છોડતાં જ તેને નિત્યપ્રાપ્ત શુદ્ધિ મળી જશે,

તે શુદ્ધ થઈ જશે.

૩. ચોરી

કોઈ પણ ચીજની ચોરી કરવી પાપ છે; પરંતુ સોનું, હીરા વગેરે બહુમૂલ્ય ચીજોની ચોરી કરવી મહાપાપ છે. તાત્પર્ય એ છે કે જે વસ્તુ જેટલી મૂલ્યવાન હોય છે, તેની ચોરી કરવાથી તેટલું જ વધારે પાપ લાગે છે.

૪. ગુરુપત્ની ગમન

વીર્ય(બ્રહ્મચર્ય)– નાશના જેટલા ઉપાય છે, તે બધાં પાપ છે *; પરંતુ ગુરુપત્નીગમન કરવું મહાપાપ છે. કારણ કે આપણને વિદ્યા આપવાવાળા, આપણા જીવનને નિર્મળ બનાવવાવાળા ગુરુની પત્ની માથી પણ અધિક હોય છે. તેથી તેની સાથે વ્યભિચાર કરવો મહાપાપ છે.

પરસ્ત્રીગમન કરવું પણ મહાપાપ છે, તેથી તેને વ્યભિચાર અર્થાત્ વિશેષ અભિચાર (હિંસા) કહેવામાં આવ્યું છે. જો પુરુષ પરસ્ત્રીગમન કરે છે અથવા સ્ત્રી પરપુરુષગમન કરે છે તો મા-બાપ, ભાઈ-બહેન વગેરેને તથા સાસરામાં પતિ, સાસુ-સસરા, દિયેર વગેરેને મહાન દુઃખ થાય છે. આ રીતે બન્ને પરિવારોને દુઃખ આપવું પાપ છે અને નિષિદ્ધ ભોગ ભોગવીને શાસ્ત્ર, ધર્મ, સમાજ,કુળ વગેરેની મર્યાદાનો નાશ કરવો પણ

---

* વીર્યનાં એક ટીપામાં હજારો જીવ હોય છે. સ્ત્રી-સંગથી જે વીર્ય નષ્ટ થાય છે, તેમાંથી જે જીવ ગર્ભાશયમાં રજની સાથે ચોંટી જાય છે, તે જ ગર્ભ બને છે. બાકીના બધા જીવ મરી જાય છે, જેની હિંસાનું પાપ લાગે છે. હા, માત્ર સંતાન ઉત્પત્તિના ઉદ્દેશ્યથી ઋતુકાળમાં સ્ત્રીસંગ કરવાથી પાપ લાગતું નથી (પાપ થાય તો છે, પણ લાગતું નથી); કારણ કે આ શાસ્ત્રની, ધર્મની આજ્ઞા અનુસાર છે– 'स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम्' (ગીતા ૧૮ । ૪૭) 'धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि' (ગીતા ૭ । ૧૧). પરંતુ ભોગેચ્છાથી સ્ત્રીનો સંગ કરવાથી તે હિંસાનું પાપ લાગે જ છે. તેથી કહ્યું છે –

એક બાર ભગ ભોગ તે, જીવ હતૈ નૌ લાખ।
જન મનોર નારી તજી, સુન ગોરખ કી સાખ॥

પાપ છે. આ બન્ને પાપ એક સાથે થવાથી પરસ્ત્રીગમન અથવા પરપુરુષગમન કરવું વિશેષ અભિચાર છે, મહાપાપ છે. એક બુદ્ધિશાળી સજ્જને પોતાનો અનુભવ જણાવ્યો હતો કે પરસ્ત્રીગમન કરવાથી હૃદયનો આસ્તિકભાવ નષ્ટ થઈ જાય છે અને નાસ્તિકભાવ આવી જાય છે, જે મહાન અનર્થનું મૂળ છે.

હિન્દુ, મુસલમાન, ઈસાઈ વગેરે કોઈ પણ કેમ ન હોય, સૌએ એવા મહાપાપનો ત્યાગ કરવો જોઈએ. મનુષ્ય-શરીર મળ્યું છે તો કાંઈ નહીં તો મહાપાપોથી તો બચવું જ જોઈએ; જેથી આગળ દુર્ગતિ ના થાય, ભૂત-પ્રેત વગેરે યોનિઓની પ્રાપ્તિ ન થાય.

ગર્ભપાત મહાપાપથી બમણું પાપ છે

જેમ બ્રહ્મહત્યા મહાપાપ છે, એવી જ રીતે ગર્ભપાત પણ મહાપાપ છે, શાસ્ત્રમાં તો ગર્ભપાતને બ્રહ્મહત્યાથી પણ બમણું પાપ બતાવવામાં આવ્યું છે—

यत्पापं ब्रह्महत्यायां द्विगुणं गर्भपातने ।
प्रायश्चितं न तस्यास्ति तस्यास्त्यागो विधीयते ॥

(પારાશરસ્મૃતિ ૪ । ૨૦)

'બ્રહ્મહત્યાથી જે પાપ લાગે છે, તેનાથી બમણું પાપ ગર્ભપાત કરવાથી લાગે છે. આથી ગર્ભપાતરૂપી મહાપાપનું કોઇ પ્રાયશ્ચિત નથી, તેમાં તો તે સ્ત્રીનો ત્યાગ કરી દેવાનું જ વિધાન છે'.

ભગવાન ખાસ કૃપા કરીને જીવને મનુષ્ય-શરીર આપે છે, પણ નસબંધી, ઓપરેશન, ગર્ભપાત, લૂપ, ગર્ભનિરોધક દવાઓ વગેરે દ્વારા તે જીવને મનુષ્ય-શરીરમાં નહીં આવવા દેવો, તે પરવશ જીવને જન્મ જ ન લેવા દેવો, જન્મતા પહેલાં જ તેનો નાશ કરી દેવો એ બહુ મોટું પાપ છે. તેણે કોઈ અપરાધ પણ કર્યો નથી, તોપણ તે નિર્બળ જીવની હત્યા કરી દેવી તેની સાથે કેટલો મોટો અન્યાય છે. તે જીવ મનુષ્ય-શરીરમાં આવીને કોણ જાણે કેવાં કેવાં સારાં કામો કરત, સમાજની સેવા કરત,

પોતાનો ઉદ્ધાર કરત, પણ જન્મ લેતાં પહેલાં જ તેની હત્યા કરી દેવી એ ઘોર અન્યાય છે, ભારે મોટું પાપ છે. પોતાનો ઉદ્ધાર, કલ્યાણ ન કરવું એ પણ દોષ, પાપ છે, તો પછી બીજાઓને પણ ઉદ્ધારનો મોકો નહીં મળવા દેવો કેટલું મોટું પાપ છે ! આવું મહાપાપ કરવાવાળા સ્ત્રી-પુરુષોને આગળના જન્મોમાં કોઈ સંતાન થશે નહીં. તેઓ સંતાન વિના જન્મ-જન્માંતર સુધી રડતાં રહેશે.

આ પ્રત્યક્ષ વાત છે કે જે માલિક સારા નોકરનો તિરસ્કાર કરે છે, તેને સારા નોકરો નહીં મળે, અને જે નોકરો સારા માલિકનો તિરસ્કાર કરે છે, તેને પછી સારા માલિક નહીં મળે. સારા સંત-મહાત્માઓનો સંગ મેળવીને જે પોતાનો ઉદ્ધાર કરતો નથી, તેને પછી તેવો સંગ નહીં મળે. જેમનાથી લાભ થયો છે, એવા સારા સંતોનો જે ત્યાગ કરે છે, તેમની નિંદા, તિરસ્કાર કરે, તેને પછી તેવા સંત નહીં મળે. જેમ માતા-પિતા ખુશ થઈને બાળકોને મીઠાઈ આપે, પણ બાળક તે મીઠાઈ નહીં ખાઈને ગંદા નાળામાં ફેંકી દે છે, તો પછી માતા-પિતા તેને મીઠાઈ આપતા નથી. તેવી જ રીતે ભગવાન ખાસ કૃપા કરીને મનુષ્ય-શરીર આપે છે, પણ મનુષ્ય તે શરીરથી પાપ કરે છે, તે શરીરનો દુરુપયોગ કરે છે, તો પછી તેને મનુષ્ય-શરીર મળશે નહીં. માતા-પિતા બાળકને પાછા મીઠાઈ આપે છે, કારણ કે બાળક અણસમજુ હોય છે, પણ જે સમજપૂર્વક, જાણી કરીને પાપ કરે છે, તેને ભગવાન પછી મનુષ્ય-શરીર નહીં આપશે. આવી રીતે જે ગર્ભપાત કરે છે, તેમને પછી આગળના જન્મોમાં સંતાન થશે નહીં.

બ્રહ્મવૈવર્તપુરાણ (પ્રકૃતિખંડ, અધ્યાય ૨)માં આવે છે કે સૃષ્ટિના આરંભમાં ભગવાન શ્રીકૃષ્ણની ચિન્મયી શક્તિ મૂળ પ્રકૃતિ (શ્રીરાધા)એ પોતાના ગર્ભને બ્રહ્માંડ-ગોલકના અથાગ જળમાં ફેંકી દીધો. આ જોઈને ભગવાને તેને શાપ દીધો કે 'આજથી તને કોઈ સંતાન થશે નહીં. એટલું

જ નહીં, તારા અંશથી જે જે દિવ્ય સ્ત્રીઓ ઉત્પન્ન થશે, તેમને પણ કોઈ સંતાન થશે નહીં * ! તે પછી મૂળપ્રકૃતિ-દેવીની જીભ આગળના ભાગથી સરસ્વતી પ્રગટ થઈ. પછી થોડો સમય વીતી ગયા બાદ તે મૂળ પ્રકૃતિ બે રૂપોમાં પ્રગટ થઈ ગઈ. અડધા ડાબા અંગથી તે 'લક્ષ્મી' અને અડધા જમણા અંગથી તે 'રાધા' બની ગઈ. ભગવાન શ્રીકૃષ્ણ પણ તે સમયે બે રૂપોમાં પ્રગટ થઈ ગયા. અડધા ડાબા અંગથી તે 'ચતુર્ભુજ વિષ્ણુ' અને અડધા જમણા અંગથી તેઓ 'દ્વિભુજ કૃષ્ણ' થઈ ગયા †. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ લક્ષ્મી અને સરસ્વતી બન્ને દેવીઓને વિષ્ણુની સેવામાં ઉપસ્થિત થવાની આજ્ઞા આપી. મૂળ પ્રકૃતિથી પ્રગટ હોવાને કારણે લક્ષ્મી અને સરસ્વતીને કોઈ સંતાન જ થયાં નહીં ‡. તે પછી ભગવાન શ્રીકૃષ્ણના રોમેરોમમાંથી અસંખ્ય ગોપ પ્રગટ થયા અને રાધાનાં રોમેરોમમાંથી અસંખ્ય ગોપ-કન્યાઓ પ્રગટ થઈ. ભગવાનના

---

* દૃષ્ટવા ડિમ્બંચ સા દેવી હૃદયેન વિભૂષિતા ।
ઉત્સસર્જ ચ કોપેન બ્રહ્માણ્ડં ગોલકે જલે ॥
દૃષ્ટવા કૃષ્ણશ્ચ તત્યાગં હાહાકારં ચકાર હ ।
શશાપ દેવીં દેવેશસ્તત્ક્ષણં ચ યથોચિતમ્ ॥
યતોઅપત્યં ત્વયા ત્યક્તં કોપશીલે સુનિષ્ઠુરે ।
ભવત્વમનપત્યાપિ યાદ્યપ્રભૃતિનિશ્ચિતમ્ ॥
યા યાસ્ત્વદંશરૂપા ચ ભવિષ્યન્તિ સુરસ્ત્રિયઃ ।
અનપત્યાશ્ચ તાઃ સર્વાસ્તત્સમા નિત્યયૌવનાઃ ॥
(પ્રકૃતિ૰ ૨ । ૫૦ – ૫૩)

† અથ કાલાન્તરે સા ચ દ્વિધારૂપા બભૂવ હ ।
વામાર્દ્ધાંગા ચ કમલા દક્ષિણાર્દ્ધા ચ રાધિકા ॥
એતસ્મિન્નન્તરે કૃષ્ણો દ્વિધારૂપો બભૂવ હ ।
દક્ષિણાર્દ્ધશ્ચ દ્વિભુજો વામાર્દ્ધશ્ચ ચતુર્ભુજઃ ॥
(પ્રકૃતિ૰ ૨ । ૫૬ – ૫૭)

‡ અનપત્યે ચ તે દ્વે ચ યતો રાધાંશસમ્ભવાઃ ।
(પ્રકૃતિ૰ ૨ । ૬૦)

શાપને કારણે આ ગોપ-કન્યાઓને પણ કોઈ સંતાન ન થયાં * આ કથાથી સાબિત થાય છે કે જે સ્ત્રી ગર્ભ પડાવે છે, તે આગળના જન્મોમાં સંતાન-સુખ જોઈ શકશે નહીં.

પ્રશ્ન : એવું જોવામાં આવે છે કે જેમણે ગર્ભપાત કરાવ્યો છે, તે સ્ત્રીઓ ફરીથી ગર્ભવતી થાય છે અને તેને સંતાન પણ થાય છે. તેથી કેવી રીતે માનવું કે ગર્ભપાત કરવાવાળી સ્ત્રીને પછી સંતાન નહીં થશે ?

ઉત્તર : આ જન્મનું તો પહેલાંથી જ પ્રારબ્ધ બની ચૂકેલું છે, તેથી તે પ્રારબ્ધ અનુસાર તેને સંતાન થઈ શકે છે. પરંતુ આગળના જન્મમાં (નવું પ્રારબ્ધ બનવાથી) તેને સંતાન થશે નહીં. આ જન્મમાં કરવામાં આવેલ ગર્ભપાતરૂપી મહાપાપનું ફળ તેને આગળના જન્મોમાં ભોગવવું જ પડશે.

પ્રશ્ન : ગર્ભસ્ત્રાવ, ગર્ભપાત અને ભ્રૂણ-હત્યા આ ત્રણમાં શું ફેર છે ?

ઉત્તર : ગર્ભ યા જીવનું શરીર બનવાનું શરૂ થાય તે પહેલાં જ રજ-વીર્ય પડી જાય તેને 'ગર્ભસ્ત્રાવ' કહે છે. જ્યારે ગર્ભમાં શરીર બનવાનું શરૂ થઈ જાય, ત્યારે તેને પડાવી દેવું 'ગર્ભપાત' કહેવાય છે. જ્યારે ગર્ભમાં રહેલા જીવને હાથ, પગ, માથું વગેરે અંગ નીકળી આવે છે અને તે છોકરો કે છોકરી– આ ભેદ સ્પષ્ટ થવા લાગે છે, ત્યારે તેને પડાવી દેવું 'ભ્રૂણ-હત્યા' કહેવાય છે. ગર્ભસ્ત્રાવ, ગર્ભપાત અને ભ્રૂણ-હત્યા આ ત્રણમાંથી કોઈ પણ રીતે કરવાથી મહાપાપ લાગે છે. હા, આપોઆપ ગર્ભ પડી જાય છે, તો તેનું પાપ લાગતું નથી. જેમ કે સંસારના ઘણા જીવો આપોઆપ મરી જાય છે, પણ તેનું પાપ આપણને લાગતું નથી; કારણ કે

---

* રાધાંગલોમકૂપેભ્યો બભૂવુર્ગોપકન્યકાઃ ।
રાધાતુલ્યાશ્ચ સર્વાસ્તાઃ રાધાતુલ્યાઃ પ્રિયંવદાઃ ॥
રત્નભૂષણભૂષાઢ્યાઃ શશ્વત્ સુસ્થિરયૌવનાઃ ।
અનપત્યાશ્ચ તાઃ સર્વાઃ પુંસઃ શાપેન સન્તતમ્ ॥
(પ્રકૃતિ૰ ૨ । ૬૪-૬૫)

આપણે તેને માર્યો પણ નથી અને મારવાની ઇચ્છા પણ કરી નથી.

પ્રશ્ન : ગર્ભમાં જીવ (પ્રાણ) તો હોતો નથી, પછી આવે છે, તો પછી ગર્ભપાત પાપ કેવી રીતે ?

ઉત્તર : પુરુષના વીર્યના એક ટીપામાં હજારો જીવ હોય છે. તેમાંથી જે જીવ રજની સાથે ચોંટી જાય છે, ગર્ભાશયમાં રહી જાય છે, તે જ વધીને ગર્ભ બને છે. પ્રાણશક્તિ વિના ગર્ભ વધે જ નહીં. જીવમાં પ્રાણશક્તિ સ્થૂળ થઈ જાય છે અને ગર્ભ વધવા લાગે છે. ગર્ભ વધવાથી જ્યારે પ્રાણશક્તિ વિશેષરૂપે જોવામાં આવે છે અને ગર્ભ હલચલ કરવા લાગે છે, ત્યારે લોકો કહી દે છે કે હવે ગર્ભમાં જીવ આવી ગયો.

પ્રશ્ન : કોઈને ગર્ભ આપમેળે પડી જાય તો ?

ઉત્તર : આ એક રોગ છે અને આનો ઇલાજ કરવો જોઈએ. એક સ્ત્રીને પાંચ-છ ગર્ભ પડી ગયા. એક સંતે તેના પરિવારવાળાઓને જણાવ્યું કે ગર્ભાશયમાં ગરમી ઘણી છે, જેથી ગળીને પડી જાય છે, તેથી આના માટે એક ઉપાય કરો. જ્યારે તેને ગર્ભ રહે ત્યારે તે આ વિધિથી ગાયનું દૂધ પીએ. એક વાસણ પર દૂધ ગાળવાનું કપડું નાંખી દેવું અને કપડાં પર ઝીણી દળેલી ખાંડ રાખી દેવી. પછી તેના પર ગાયનું દૂધ દોહવું, જેથી તે દૂધમાં ખાંડ મળીને વાસણમાં ચાલી જશે. આ ધારોષ્ણ દૂધ તે સ્ત્રી તરત જ ગાયની સામે જ બેસીને રોજ સવારે ખાલી પેટે એક માસ સુધી પીએ. સંતના કહ્યા અનુસાર તે સ્ત્રીએ દૂધ પીધું તો ગર્ભ પડ્યો નહીં અને તેને સંતાન થયું. તે હાલ પણ જીવે છે.

આ રોગને મટાડવાની કેટલીક ઔષધિઓ છે, જે આયુર્વેદના નિષ્ણાત અનુભવી વૈદ પાસેથી લેવી જોઈએ.

પ્રશ્ન : કોઈ રોગના કારણે ગર્ભપાત કરાવવો અનિવાર્ય થઈ જાય તો શું કરવું ?

ઉત્તર : ગર્ભપાતનું પાપ તો લાગશે જ. સ્ત્રીને બચાવવાને માટે લોકો ગર્ભપાત કરાવી દે છે, પણ આવું નહીં કરવું જોઈએ, પણ ઈલાજ કરવો જોઈએ. જે થવાકાળ છે, તે તો થશે જ. સ્ત્રી મરવાની હશે તો ગર્ભ પડાવવાથી પણ તે મરી જશે. જો તેનું આયુષ્ય બાકી હશે તો ગર્ભ નહીં પડવાથી પણ તે મરશે નહીં. મૃત્યુ તો તેનો સમય આવવાથી જ થાય છે, નિમિત્ત ભલે કાંઈ પણ બની જાય. તેથી ગર્ભપાત કદી નહીં કરાવવો જોઈએ.

પ્રશ્ન : કુંવારી અવસ્થામાં ગર્ભ રહી જાય તો તેને પડાવવો જોઈએ કે નહીં ?

ઉત્તર : જેના સંગથી ગર્ભ રહી જાય, તેની સાથે લગ્ન કરાવી દેવાં જોઈએ. જો લગ્ન નહીં કરાવી શકાય તોપણ તે ગર્ભને પડાવવો નહીં જોઈએ. તેનું પાલન કરવું જોઈએ અને બાળક થોડું મોટું થાય ત્યારે તેને અનાથાલયમાં મોકલી દેવું જોઈએ અથવા કોઈ દત્તક લેવા ચાહે તો તેને આપી દેવું જોઈએ.

જો કોઈ કન્યાની સાથે જબરજસ્તી (બળાત્કાર) કરે તો જબરજસ્તી કરવાવાળાને બહુ ભારે પાપ લાગશે. જો કન્યાએ તેમાં (સંગનું) સુખ લીધું છે તો તેટલા અંશમાં તેને પાપ લાગશે, કારણ કે બધાં પાપ ભોગેચ્છાને લીધે જ થાય છે. ભોગેચ્છા બિલકુલ નહીં હોય તો પાપ લાગતું નથી.

જો કુંવારી કન્યાને ગર્ભ રહી જાય તો તેનાં માતા-પિતાને પણ અસાવધાનીના કારણે તેનું પાપ લાગે છે. તેથી માતા-પિતાએ ખૂબ સાવધાની શરૂઆતથી જ કન્યાની રક્ષાને માટે રાખવી જોઈએ, તેને સ્વતંત્રતા આપવી નહીં.

પ્રશ્ન : લોકોને ખબર પડશે તો તે કન્યાની બદનામી થશે તથા તેની સાથે કોઈ લગ્ન પણ નહીં કરે, તો પછી તે શું કરે ?

ઉત્તર : પાપ કર્યું છે તો બદનામી સહેવી જ પડશે. ગર્ભ પડાવી દેવો, આત્મહત્યા કરી લેવી અને ઘરેથી ભાગી જવું–આ ત્રણ હત્યાઓ (પાપો)થી બચવાને માટે બદનામી સહન કરી લેવી સારી છે. તે કન્યાની સાથે કોઈ લગ્ન કરવાનું ન સ્વીકારે તો તે ઘરમાં રહીને ભજન-સ્મરણ કરે. તેનાથી તેના પાપનું પ્રાયશ્ચિત પણ થઈ જશે.

પ્રશ્ન : જો કોઈ પરણેલી સ્ત્રી પર બળાત્કાર કરે અને ગર્ભ રહી જાય તો શું કરવું જોઈએ ?

ઉત્તર : જ્યાં સુધી બને ત્યાં સુધી તે સ્ત્રીએ ચુપ રહેવું જ ઉત્તમ છે. પતિને ખબર પડી જાય તો તેણે પણ ચુપ જ રહેવું જોઈએ. બન્નેએ ચુપ જ રહેવામાં ફાયદો છે. ખરેખર તો પહેલેથી જ સાવધાન રહેવું જોઈએ, જેથી આવી ઘટના બને જ નહીં. ગર્ભ પડાવવામાં અમારી સંમતિ નથી, કારણ કે ગર્ભની હત્યા મહાપાપ છે.

પ્રશ્ન : નસબંધી, ઓપરેશન કરાવવાથી શું હાનિ છે ?

ઉત્તર : આ પ્રત્યક્ષ જોઈ શકાય છે કે જે લોકોએ નસબંધી કરાવેલી છે, તેમાંથી ઘણાંનાં શરીર અને હૃદય નબળાં થઈ ગયાં છે. તેમનાં શરીરમાં કેટલાક રોગ પેદા થયા છે, થઈ રહ્યા છે અને થતા રહેશે. પશુઓમાં પણ આપણે જોઈએ છીએ કે જે વાછરડાંને બળદ બનાવી દેવામાં આવે છે, તેનું પુરુષત્વ નષ્ટ થવાથી તેના માંસમાં તે શક્તિ નથી રહેતી જે શક્તિ બળદ નહીં બનાવેલા વાછરડાંનાં માંસમાં રહેલી હોય છે. તેથી બળદ બનાવેલા વાછરડાંનું માંસ ઈરાક, ઈરાન વગેરે દેશોમાં સસ્તું વેચાય છે અને બળદ નહીં બનાવેલા વાછરડાંનું માંસ મોંઘું વેચાય છે– એવું અમે સાંભળ્યું છે. તે માટે નસબંધી દ્વારા પુરુષત્વનો અવરોધ કરવાથી, નષ્ટ કરવાથી શારીરિક શક્તિ પણ નાશ પામે છે અને ઉત્સાહ, નિર્ભયતા વગેરે માનસિક શક્તિનો પણ નાશ થાય છે.

જે નસબંધી દ્વારા પોતાનું પુરુષત્વ નષ્ટ કરી દે છે, તે નપુંસક

(હિજડા) છે. તેમના દ્વારા પિતરોને પિંડ-પાણી મળતાં નથી * આવા પુરુષને જોવાનું પણ અશુભ માનેલું છે. યાત્રા સમયે આવી વ્યક્તિઓને જોવી એ અપશુકન છે.

જે માતાઓએ નસબંધી ઓપરેશન કરાવેલું છે, તેમનામાંથી ઘણાને લાલ અને સફેદ પ્રદરનો રોગ થઈ ગયો છે, જેનો કોઈ ઈલાજ નથી. રાજસ્થાનમાં જ નસબંધી ઓપરેશનને કારણે સેંકડો સ્ત્રીઓ મરી ચૂકી છે અને બીજી કેટલીકને એવા રોગ થઈ ગયા છે કે ડોકટરોએ જવાબ દઈ દીધો છે. આ વાત સમાચારોમાં પણ આવી છે. ઓપરેશન કરવાથી સ્ત્રીઓના શરીરમાં નબળાઈ આવી જાય છે, ઊઠતાં-બેસતાં આંખોમાં અંધારાં આવી જાય છે, છાતી અને પીઠમાં દર્દ થવા લાગે છે અને કામ કરવાની હિંમત થતી નથી. આવું અમે ડોકટરો પાસેથી સાંભળ્યું છે.

જે સ્ત્રીઓ નસબંધીનું ઓપરેશન કરાવી લે છે, તેમનું સ્ત્રીત્વ એટલે ગર્ભ ધારણ કરવાની શક્તિ નષ્ટ થઈ જાય છે. એવી સ્ત્રીઓને જોવી એ પણ અશુભ છે, અપશુકન છે. ભગવાને આપેલી શક્તિનો નાશ કરવાનો કોઈને અધિકાર નથી. તેનો નાશ કરવો અનધિકાર ચેષ્ટા છે, અપરાધ છે. જેમણે ઓપરેશન દ્વારા સ્ત્રીત્વ નષ્ટ કર્યું છે, તેઓ તો પાપની ભાગીદારણ છે જ, પણ જે બીજાઓને ઓપરેશન કરાવવાની પ્રેરણા આપે છે, આગ્રહ કરે છે, તે નવું પાપ કરે છે. જેમ કે ગીતાના અધ્યયનનું મોટું માહાત્મ્ય છે, પણ તેનાથી વધારે ગીતાના પ્રચારનું માહાત્મ્ય છે (ગીતા ૧૮ । ૬૧). તેવી જ રીતે જે બીજાઓને ઓપરેશનનો પ્રચાર કરે છે, તેઓ ભારે મોટું પાપ કરે છે અને ગોઘાતકોની સંખ્યા વધારવામાં સહાયક થવાથી ગોહત્યાના પાપમાં ભાગીદાર થાય છે. ભોળી બહેનોને આ વાતની ખબર નથી, તેથી તેઓ અજાણતામાં ભારે મોટો અપરાધ, પાપ કરી બેસે

---

* અંગહીનાઽશ્રોત્રિયષણ્ઢશૂદ્રવર્જમ્ । (કાત્યાયનશ્રૌતસૂત્રં ૧ । ૧ । ૫)

છે. તેમણે આ પાપથી બચવું જોઈએ.

જે કોઈ પણ કોઈ પ્રકારનો અપરાધ કરે છે, તેમની પ્રાણશક્તિનો જલદી નાશ થઈ જાય છે અને તેમનું મૃત્યુ જલદી થઈ જાય છે. અપરાધ, પાપ કરવાથી અથવા તેવું કરવાનું મનમાં આવવાથી શ્વાસ તેજ ચાલવા લાગે છે, પ્રાણ ક્ષુબ્ધ થઈ જાય છે– આ પ્રત્યક્ષ વાત છે. કોઈ પણ અનુભવ કરીને જોઈ શકે છે.

નસબંધી ઓપરેશન કરાવવું તે વ્યભિચારને ખુલ્લો મોકો આપવા બરાબર છે, જે ભારે મોટું પાપ છે. પશુઓનો બલિ આપવો, વધ કરવો 'અભિચાર' કહેવાય છે. તેનાથી પણ જે વિશેષ અભિચાર થાય છે તેને 'વ્યભિચાર' કહે છે. આથી મનુષ્યની ધાર્મિક, પારમાર્થિક રૂચિ (ભાવના) નષ્ટ થઈ જાય છે, અને તેનું મહાન પતન થઈ જાય છે.

મનુષ્ય-શરીર માત્ર પરમાત્મા પ્રાપ્તિને માટે જ મળેલું છે, તેને પરમાત્મા તરફ નહીં લગાવીને માત્ર ભોગ ભોગવવામાં જ લગાવવું અને એટલું જ નહીં, માત્ર ભોગ ભોગવવાને માટે મોટાં-મોટાં પાપ કરવાં, ગર્ભપાત કરવો, નસબંધી કરાવવી, ઓપરેશન કરાવવું એ કેટલા ભારે અનર્થની વાત છે ! ગર્ભપાત, નસબંધી વગેરે કરવાથી ભોગ ભોગવવા સિવાય બીજું શું સિદ્ધ થાય છે ? નસબંધીથી શું કોઈને કોઈ ધાર્મિક-પારમાર્થિક લાભ થયો છે, થશે અને થઈ શકે છે ? નસબંધી કરવાથી માત્ર ભોગપરાયણતા જ વધી રહી છે, જેટલી ભોગપરાયણતા આજે મનુષ્યોમાં થઈ રહી છે, તેટલી પશુઓમાં પણ નથી. જો તમે સંતાન નથી ઈચ્છતા તો સંયમ રાખો, જેથી તમારા શરીરમાં બળ રહેશે, ઉત્સાહ રહેશે, અને તમારામાં ધર્મ-પરાયણતા, ઈશ્વર-પરાયણતા આવશે. તમારો મનુષ્ય-જન્મ સફળ થઈ જશે. સંતોએ કહ્યું છે–

કે શત્રવઃ સન્તિ નિજેન્દ્રિયાણિ તાન્યેવ મિત્રાણિ જિતાનિ યાનિ ॥

અર્થાત્ મનુષ્ય ઈન્દ્રિયોના વશમાં થઈ જાય છે તો તે ઈન્દ્રિયો તેની શત્રુ બની જાય છે, જેથી તેનો લોક-પરલોક બગડી જાય છે. પરંતુ તે ઈન્દ્રિયોને જીતી લે છે તો તે ઈન્દ્રિયો તેની મિત્ર બની જાય છે, જેથી તેના લોક-પરલોક સુધરી જાય છે. તે માટે ગીતાએ કહ્યું છે–

ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।
આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥

(૬।૫)

'પોતાના દ્વારા પોતાનો ઉદ્ધાર કરે, પોતાનું પતન ન કરે, કારણ કે પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે'.

પ્રશ્ન : ગર્ભપાત કરવાથી શું હાનિ છે ?

ઉત્તર : ગર્ભપાતથી તો હાનિ જ હાનિ છે. કૃત્રિમ ગર્ભસ્ત્રાવ, ગર્ભપાત કરાવવાથી સ્ત્રીનું શરીર ખરાબ થઈ જાય છે, કમજોર થઈ જાય છે. યુવાવસ્થામાં ભલે કમજોરીની ખબર ના પડે, પણ ઢળતી અવસ્થામાં તેની ખબર પડવા લાગે છે. જ્યાં સુધી શરીરમાં લોહી બને છે, ત્યાં સુધી નબળાઈની પૂરી ખબર પડતી નથી, પછી લોહી બનવાનું ઓછું થવાથી કમજોરીની ખબર પડે છે. ગર્ભપાતથી ઘણાને પ્રદર થઈ જાય છે. આ સિવાય ગર્ભપાતથી લોહી પડવાનો એક રસ્તો ખૂલી જાય છે.

બાળક પેદા થવાથી સ્ત્રીનું શરીર ખરાબ થતું નથી, કારણ કે બાળક પેદા થવું એ કુદરતી છે અને તે સમય પર થાય છે. તાત્પર્ય એ છે કે કુદરતી ચીજોથી સ્વાભાવિક જ ખરાબી પેદા થતી નથી, ખરાબી કૃત્રિમ ચીજોથી થાય છે.

પ્રશ્ન : એક બે સંતાન થવાથી સ્ત્રી મા બની જ ગઈ. હવે તે નસબંધી ઓપરેશન કરાવી લે તો શું વાંધો છે ?

ઉત્તર : તે મા તો પહેલાં હતી, હવે તો નસબંધી ઓપરેશન કરાવી લેવાથી તેની 'સ્ત્રી' સંજ્ઞા જ રહી નહીં, કારણ કે વીર્ય-રજ મળીને

જેના પેટમાં ગર્ભનું રૂપ ધારણ કરે છે, તેનું નામ સ્ત્રી છે *. જે ગર્ભ ધારણ ન કરી શકે, તેનું નામ સ્ત્રી નથી; અને જે ગર્ભ-સ્થાપન નહીં કરી શકે તેનું નામ પુરુષ નથી. ઓપરેશન દ્વારા સંતાન ઉત્પન્ન કરવાની શક્તિને નષ્ટ કરવાથી પુરુષનું નામ તો હિજડો હશે પણ સ્ત્રીનું નામ શું હશે– તેની અમને ખબર નથી.

પરિવાર નિયોજન નારી-જાતિનું ઘોર અપમાન છે; કારણ કે તેથી નારી-જાતિ માત્ર ભોગ્યા બનીને રહી જાય છે. કોઈ માણસ વેશ્યા પાસે જાય છે, તો શું તે સંતાન પ્રાપ્તિ માટે જાય છે ? જો કોઈ માણસ સ્ત્રીથી સંતાન ઈચ્છે નહીં, પરંતુ માત્ર ભોગ કરે છે તો તેણે સ્ત્રીને વેશ્યા જ તો બનાવી. આ શું નારી-જાતિનું સન્માન છે ? નારી-જાતિનું સન્માન તો મા બનવાથી જ છે, ભોગ્યા બનવાથી કદી નહીં. અગર સ્ત્રી ઓપરેશન વગેરે દ્વારા પોતાની માતૃશક્તિ નષ્ટ કરી દે છે તો તે પગના જોડાની જેમ માત્ર ભોગની વસ્તુ રહી જાય છે. નારી-જાતિનું કેટલું મોટું અપમાન છે, નિરાદર છે.

પ્રશ્ન : જેને સ્વાભાવિક જ સંતાન થતાં નથી, તેને દોષ લાગે છે કે નહીં ?

ઉત્તર : કોઈને સ્વાભાવિક જ સંતાન નથી થતાં તો આ તેનો દોષ નથી. જે કૃત્રિમ ઉપાયોથી માતૃશક્તિનો, સંતાન ઉત્પન્ન કરવાની શક્તિનો નાશ કરે છે, તેને દોષ-પાપ લાગે છે.

પ્રશ્ન : જે સ્ત્રીઓ ગર્ભાધાન પહેલાં જ ગોળીઓ ખાઈ લે છે, જેથી ગર્ભ રહે જ નહીં, તેને પણ પાપ લાગે છે શું ?

ઉત્તર : જીવ મનુષ્ય-શરીરમાં આવીને પરમાત્માને પ્રાપ્ત કરી શકે

---

*"स्त्यै शब्दसंघातयोः' । स्त्यायतः– संगते भवतः अस्यां शुक्रशोणिते इति स्त्री।

(सिद्धान्तकौमुदी, बालमनोरमा)

છે, પોતાનો અને બીજાઓનો પણ ઉદ્ધાર કરી શકે છે, પરંતુ પોતાની ભોગેચ્છાને વશીભૂત થઈને તે જીવને તેવો મોકો ન મળવા દેવો એ પાપ છે જ. ગીતામાં ભગવાને કામના— ભોગેચ્છા, સુખેચ્છાને જ પાપોનું મૂળ બતાવેલું છે (૩ । ૩૭). આ ભોગેચ્છા જ બધાં પાપોનું મૂળ છે. પરિવાર-નિયોજનનો મતલબ માત્ર ભોગેચ્છા જ છે. તેથી ગોળીઓ ખાઈને સંતતિ-નિરોધ કરવો એ પાપ છે.

પ્રશ્ન : જો કોઈ સ્ત્રી પોતાના પતિને જણાવ્યા વિના ગર્ભપાત કરાવી લે તો શું કરવું જોઈએ ?

ઉત્તર : તેને માટે શાસ્ત્રે આજ્ઞા આપી છે કે તે સ્ત્રીનો સદાને માટે ત્યાગ કરી દેવો જોઈએ– '**तस्यास्त्यागो विधीयते**' (પારાશરસ્મૃતિ ૪ । ૨૦).

ગર્ભપાત કરવો એ મહાન પાપ છે. અને પતિથી છુપાવવું તે અપરાધ છે. છુપાવીને કરવામાં આવેલા પાપનો દંડ તો બહુ ભયંકર હોય છે. અગર સંતાનની ઈચ્છા ન હોય તો સંયમ રાખવો જોઈએ. સંયમ રાખવો પાપ, અન્યાય નથી, પણ ભારે મોટું પુણ્ય છે, મોટો ત્યાગ છે, મોટી તપસ્યા છે.

પ્રશ્ન : હાલની સરકાર ગર્ભપાત, નસબંધી વગેરેને પાપ માનતી નથી, પણ સારું કાર્ય માને છે, તો શું એવું કરવાવાળાઓને પાપ નહીં લાગે ?

ઉત્તર : પાપ તો લાગશે જ, માનો કે નહીં માનો. જેટલાં પણ પાપ થાય છે, તે કોઈના માનવા અને ન માનવા પર આધાર રાખતા નથી. પાપના વિષયમાં અર્થાત્ અમુક કાર્ય પાપ છે– તેમાં વેદ, શાસ્ત્ર અને સંત-વચન જ પ્રમાણ છે.

પાપ-કર્મ કરવાથી પાપ લાગે જ છે અને તેનું ફળ પણ ભોગવવું પડે છે. અમે જોયું છે કે જે પશુનો બલિ ચઢાવવામાં આવે છે,તેને પાછલા પગોથી જે ઝાડ પર લટકાવવામાં આવે છે,તે ઝાડ પણ તે પાપને કારણે

સુકાઇ જાય છે. જે કસાઈ પૈસા લઈને પશુઓને કાપે છે, તેમના હાથ પછીથી કામ કરતા નથી, તેથી તેઓ હાથમાં છરી બાંધીને પશુઓને કાપવાનું કામ કરે છે. ઘેટાંના સાત-સાત બચ્ચાંઓ હોય છે અને હરણનાં એક-બે જ બચ્ચાંઓ હોય છે, છતાં પણ ઝુંડ હરણોનું જ હોય છે, ઘેટાંનું નહીં. તાત્પર્ય એ છે કે હિંસા વગેરે પાપ કરવાવાળાઓની પરંપરા વધુ સમય ચાલતી નથી.

એક સંતને કોઈએ પૂછ્યું– 'જે શાસ્ત્રોમાં, સંપ્રદાયોમાં બલિ આપવાની, કુરબાની કરવાની આજ્ઞા આપવામાં આવેલી છે, તે આજ્ઞાનું પાલન કરવાવાળા વ્યક્તિઓને પાપ નહીં લાગતું હશે; કારણ કે તેઓ પોતાનાં જ શાસ્ત્ર, સંપ્રદાયની આજ્ઞાનું પાલન કરે છે'. તેમણે ઉત્તર આપ્યો– 'જે બલિ આપે છે, કુરબાની કરે છે, તેઓ પણ જો છ મહિના હૃદયથી ભગવાનના નામનો જપ કરે તો પછી તેઓ બલિ આપી જ નહીં શકે, કુરબાની કરી નથી શકતા'. શુદ્ધ અંતઃકરણવાળી વ્યક્તિ શાસ્ત્રની આજ્ઞા હોવા છતાં પણ પાપ કરી શકે નહીં. તેથી જે શાસ્ત્રોમાં બલિ વગેરે આપવાની આજ્ઞા આપવામાં આવી છે, તે આજ્ઞાને નહીં માનવી જોઈએ.

એક ધર્મશાસ્ત્ર હોય છે અને એક અર્થશાસ્ત્ર. ધર્મશાસ્ત્ર મનુષ્યને કર્તવ્યનું જ્ઞાન કરાવે છે, જેથી મનુષ્યના લોક-પરલોક સુધરે છે. અર્થશાસ્ત્ર દૃષ્ટ ફળનું વર્ણન કરે છે. જે મનુષ્ય કામનાને વશીભૂત થઈને દૃષ્ટ ફળ (ધન-સંપત્તિ, પુત્ર, સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ)ને માટે અર્થશાસ્ત્રની આજ્ઞા માનીને પાપ કરે છે, તેઓ પાપના ભાગીદાર થાય છે. કારણ કે અર્થશાસ્ત્રમાં કામના, સકામભાવની મુખ્યતા હોય છે અને કામના બધાં પાપોનું મૂળ છે (ગીતા ૩ । ૩૭). જે સો યજ્ઞ કરીને ઈન્દ્ર (શતક્રતુ) બને છે, તેના દ્વારા પણ શાસ્ત્ર અનુસાર (વૈધ) હિંસા થાય છે. તે હિંસાના પાપનું ફળ ભોગવવું જ પડે છે. તેથી ઈન્દ્ર પર આફત (પ્રતિકૂળ પરિસ્થિતિ)આવે છે, તેની હાર થાય છે, તે ડરનો માર્યો

ભાગતો ફરે છે, છુપાય છે, તેના હૃદયમાં બળતરા થાય છે, તેથી હિંસાનું ફળ મળે જ છે, કોઈ માને કે ન માને. તાત્પર્ય એ છે કે જ્યાં ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનાં વચન હોય છે ત્યાં ધર્મશાસ્ત્રનાં જ વચન માનવાં જોઈએ, કારણ કે અર્થશાસ્ત્રથી ધર્મશાસ્ત્ર શ્રેષ્ઠ છે, બળવાન છે *.

આજે સરકાર ગર્ભ પડાવવાને પાપ માનતી નથી, પણ ન માનવાથી પાપ નહીં લાગે– આ વાત નથી. પાપ તો લાગશે જ, કોઈ માને કે ન માને. જેમ આગાઉ રાજાઓ નિષિદ્ધ કામ કરવાને માટે પ્રજાને આજ્ઞા આપતા હતા, પ્રેરણા કરતા હતા તો તેનું પાપ રાજા અને પ્રજા બન્નેને લાગતું હતું (ઉદાહરણ તરીકે રાજા વેને પોતે પણ નિષિદ્ધ કામો કર્યાં અને પ્રજા પાસે પણ કરાવ્યાં) તેવી જ રીતે આજે સરકાર ગર્ભપાત વગેરે નિષિદ્ધ કામો કરવાની પ્રેરણા કરે છે તો સરકારને પણ પાપ લાગશે અને જનતા (નિષિદ્ધ કામ કરવાવાળા)ને પણ.

પ્રશ્ન : રામચરિતમાનસમાં આવે છે– **'સમરથ કહુઁ નહીં દોષુ ગોસાઈઁ । રબિ પાવક સુરસરિ કી નાઈં ॥'** (બાલ૰ ૬૯ । ૪). તેથી જેને રાજ્ય મળ્યું છે, તેઓ (રાજા, સરકાર) સમર્થ છે, તો પછી તેમને પાપ કેમ લાગશે ?

ઉત્તર : તેઓ સમર્થ નથી. સમર્થ તેઓ છે જેમનામાં બીજાઓના દોષોનો નાશ કરવાની શક્તિ છે. જેમ કે સૂર્ય ગંદકીનું શોષણ કરી લે છે, અપવિત્રને પવિત્ર, અશુદ્ધને શુદ્ધ બનાવી દે છે, બધાનો પાણીનો ભાગ ખેંચી લે છે, સમુદ્રના ખારા પાણીને ખેંચીને મીઠું પાણી બનાવી દે છે. પરંતુ આવું કરવાથી પણ સૂર્ય પોતે કદી અશુદ્ધ, અપવિત્ર થતો નથી. અગ્નિ બધી ગંદકીને બાળી દે છે બધાંનું ભક્ષણ કરી જાય છે, બધાંને શુદ્ધ કરી દે છે, પણ તે

---

* સ્મૃત્યોર્વિરોધે ન્યાયસ્તુ બલવાન્વ્યવહારતઃ ।
અર્થશાસ્ત્રાત્તુ બલવદ્ધર્મશાસ્ત્રમિતિ સ્થિતિઃ ॥

અશુદ્ધ થતો નથી, તેને દોષ લાગતો નથી. ગંગાજી ગંદા જળને પવિત્ર કરી દે છે, પાપોનો નાશ કરી દે છે, પણ તેને દોષ લાગતો નથી. તાત્પર્ય એ છે કે અશુદ્ધને શુદ્ધ બનાવી દેવું, તેના દોષોને નાશ કરી દેવા અને સ્વયં જેવો ને તેવો જ રહે— આ સમર્થપણું છે. જેમને રાજ્ય, વૈભવ વગેરે મળી ગયું તે સમર્થ છે— આ વાત છે જ નહીં.

સાંસારિક પદ, અધિકાર, વૈભવ વગેરે મળવાથી મનુષ્ય સમર્થ થતો નથી; કારણ કે તેનું સામર્થ્ય પદ, અધિકાર વગેરેને આધીન છે. તે તો પદ, અધિકાર વગેરેનો ગુલામ છે, દાસ છે, પરાધીન છે, તેથી તે પોતે સમર્થ કેવી રીતે થયો ? તાત્પર્ય એ છે કે જે પોંતાને મળેલી ચીજોથી પોતાને સમર્થ માને છે, તે ખરેખર તો અસમર્થ જ છે, કારણ કે તેનામાં જે સામર્થ્ય દેખાય છે તે તે ચીજની છે, પોતાની નથી. જે ખરેખર સમર્થ હોય છે, તેમનું સામર્થ્ય કોઈને આધીન હોતું નથી, પણ સ્વયંનું હોય છે. તેથી રાજ્યના હોદ્દાના મદમાં આવીને જે પાપ કરે છે, કરાવે છે, જે પોતાના સામર્થ્યનો બહુ મોટો દુરુપયોગ કરે છે, જેનો દંડ ભોગવવો જ પડશે. તેમનું સામર્થ્ય પાપોને દૂર કરવાને બદલે પાપો કરાવવાનું છે. તેથી ખરેખર જે સમર્થ નથી, તે સરકારને સમર્થ માનીને તેમની પ્રેરણાથી મનુષ્યએ કદી પાપ નહીં કરવું જોઈએ.

પ્રશ્ન : સરકારનો આદેશ હોવાથી જો ડોકટરો ગર્ભપાત, નસબંધી, ઓપરેશન કરે છે તો શું તેમને મહાપાપ લાગશે ?

ઉત્તર : તેમને તો અવશ્ય જ મહાપાપ લાગશે. લોભ પાપનો બાપ જ છે. થોડા લોભને ખાતર તેઓ કેટલા જીવોની હત્યા કરી દે છે ! આવાં ઘૃણિત કાર્ય કરીને, મહાપાપ કરીને કમાયેલા પૈસાનું અન્ન ખાવાથી તેમની દુર્દશા થશે.

શાસ્ત્રમાં આવ્યું છે કે જે અન્ન પર ગર્ભપાત કરવાવાળાની દૃષ્ટિ પડી જાય તે અભક્ષ્ય (નહીં ખાવા યોગ્ય) થઈ જાય છે—

ભ્રૂણઘ્નાવેક્ષિતં ચૈવ સંસ્પૃષ્ટં ચાપ્યુદક્યયા।
પતત્રિણાઅવલીઢં ચ શુના સંસ્પૃષ્ટમેવ ચ॥

(મનસ્મૃતિ ૪।૨૦૮)

'ગર્ભહત્યા કરવાવાળાએ જોયેલું, રજસ્વલા સ્ત્રીએ સ્પર્શ કરેલું, પક્ષીએ ખાધેલું અને કૂતરાએ સ્પર્શ કરેલું અન્ન ના ખાવું'.

નોકરીમાં પોતાનો સમય આપીને કામ કરવાના પૈસા લેવામાં આવે છે, પોતાનો ધર્મ, કર્તવ્ય, સત્કર્મ બજાવીને પૈસા લેવામાં આવતા નથી. પાપ, અન્યાય, હત્યા, હિંસા વગેરે કરીને પૈસા લેવા તે નર્યું પાપ છે. તેથી જો કોઇ માલિક અન્યાય કરવાને માટે કહે તો નોકરે તે માલિકને નમ્રતાપૂર્વક કહી દેવું કે 'હું આપના કામમાં કલાક-બે કલાક સમય વધારે આપી શકું છું, પણ મારા ધર્મનો નાશ કરીને પાપ, હિંસા કરવા માટે હું બંધાયેલો નથી, આપ નોકરીમાં રાખો કે ના રાખો આપની મરજી.'

એક સજ્જને ગર્ભપાત, નસબંધીનું કાર્ય નહીં કર્યું તો તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો. તેણે દાવો માંડયો ને તે જીતી ગયો તેથી તેને પાછો નોકરીમાં રાખવો પડયો. જો સરકારનો એવો કાયદો છે તો તે ઈસાઇ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે બધાં માટે હોવો જોઇએ, માત્ર હિન્દુઓ માટે જ નહીં. કોઇ એક જાતિ પર, એક વર્ણ-સમુદાય પર જબરજસ્તી કરવી, તેમને પાપ કરવાને માટે ફરજ પાડવી અને પાપ કરવાનો કાયદો બનાવવો સરકારને માટે યોગ્ય નથી.

પ્રશ્ન : કોઇએ ભૂલથી અજાણતામાં નસબંધીનું ઓપરેશન કરાવી લીધું તો હવે શું કરે ?

ઉત્તર : ડોકટરોનું કહેવું છે કે ઓપરેશનમાં માત્ર નસ જ કાપવામાં આવી હોય છે તો તે પાછી જોડી શકાય છે, પરંતુ જેનું ગર્ભાશય જ કાઢી નાંખવામાં આવ્યું હોય, તેનો કોઇ ઇલાજ નથી. તેથી માત્ર નસબંધી જ

કરી હોય તો તેને પાછી ઠીક કરી લેવી જોઈએ. આવું કામ થયું પણ છે અને જેમણે આવું કર્યું છે તેમને ફરી સંતાન પણ થયાં છે.

આ રીતે નસબંધી ઠીક કરાવી લે, પોતાનું પુરુષત્વ અને સ્ત્રીત્વ ઠીક કરાવી લે અને આગાઉના અપરાધનો પશ્ચાતાપ કરે તો તેના હાથથી પિતરોને પિંડ-પાણી મળી શકે છે. જો બ્રહ્મચર્યનું પાલન કરે તો તેજ વધશે, ઓજ-શક્તિ વધશે, ઉત્સાહ વધશે.

પ્રશ્ન : કોઈએ અજાણતા ગર્ભપાત કરાવી લીધો તો હવે તેનું શું પ્રાયશ્ચિત કરવું ?

ઉત્તર : તેણે એક વર્ષ સુધી દરરોજ એક લાખ રામનામનો જપ કરવો જોઈએ. પરંતુ જો જાણીકરીને ગર્ભપાત કરે છે, તે જો આ રીતે નામજપ કરે તોપણ તેના પાપનું પ્રાયશ્ચિત નહીં થશે. તેણે તો પાપનો દંડ ભોગવવો જ પડશે, કારણ કે જે નામ મહાપાપનો નાશ કરવાવાળું છે, તે નામને સહારે કોઈ પાપ કરે છે તે નામ તેની રક્ષા કરે નહીં. તેથી તેનાં પાપ નષ્ટ થતાં નથી, પણ વજલેપ બની જાય છે.પહેલાં તો તે નામ વિના પાપ કરતાં ડરતો હતો, પણ હવે તે નામના સહારે પાપ કરવાથી ડરતો નથી તો આ નામનો મહાન દુરૂપયોગ છે, નામાપરાધ છે, જેનો દંડ તેણે ભોગવવો જ પડશે.

પ્રશ્ન : પરિવાર-નિયોજન નહીં કરીશું તો જનસંખ્યા ઘણી વધી જશે, જેથી લોકોને અન્ન નહીં મળે, તો પછી લોકો જીવશે કેવી રીતે ?

ઉત્તર : આ પ્રશ્ન જ તદ્દન ગેરવાજબી છે, વાજબી નથી. કારણ કે જ્યાં મનુષ્ય પેદા થાય છે ત્યાં અન્ન પણ પેદા થાય છે. ભગવાનને ત્યાં એવું અંધેર નથી કે મનુષ્ય પેદા થાય અને અન્ન પેદા ન થાય.

પ્રારબ્ધ પહલે રચા, પીછે રચા સરીર ।
તુલસી ચિંતા ક્યોં કરે, ભજ લે શ્રીરઘુવીર ॥

માના સ્તનોમાં દૂધ પહેલાં પેદા થાય છે, બાળક પછી પેદા થાય છે. આ કેવી રીતે ખબર પડે ? જ્યારે બાળક પેદા થાય છે, ત્યારે માતાઓ સ્તનોમાંથી જૂનું દૂધ કાઢીને બાળકને નવું દૂધ પીવડાવે છે. અમે પણ ક્યાંક જઈએ છીએ તો વ્યવસ્થા પહેલાં થાય છે, પછી અમે પહોંચીએ છીએ. એવું નથી થતું કે વ્યાખ્યાન પહેલાં થાય અને મંડપ પછી બનશે. જાનના ઉતારાની જગ્યા જાન આવ્યા પહેલાં તૈયાર કરવામાં આવે છે કે જાનના આવ્યા બાદ ? કોઈ ઉત્સવ થાય છે તો તેની વ્યવસ્થા પહેલાં થાય છે. એવું થતું નથી કે પહેલાં ઉત્સવ થાય અને પછી વ્યવસ્થા થાય. એવું જોવામાં પણ આવે છે અને વૈજ્ઞાનિકોનું પણ કહેવું છે કે જ્યાં વૃક્ષો ખૂબ હોય છે ત્યાં ખૂબ વરસાદ થાય છે. જ્યાં વૃક્ષો નથી હોતાં, ત્યાં વરસાદ ઓછો થાય છે. તેથી જે રીતે મનુષ્યો વધારે હશે તો અન્ન પણ વધારે પેદા થશે. અન્નમાં ઘટાડો કેવી રીતે થશે ? શું મનુષ્ય વૃક્ષથી પણ ઉતરતા છે ?

પ્રશ્ન : આજે અનાજ આટલું મોઘું કેમ થઈ ગયું છે ?

ઉત્તર : વિચારપૂર્વક જુઓ કે જ્યારથી પરિવાર-નિયોજન થયું છે ત્યારથી અનાજ પણ મોંઘું થતું જાય છે, ઉત્પાદન ઓછું થતું ગયું છે. જ્યારે મનુષ્યોની સંખ્યા ઓછી હશે તો પછી અન્ન વધારે કેમ પેદા થાય ? તાત્પર્ય એ છે કે પરિવાર નિયોજન પ્રથા શરૂ થવાથી જ આ દશા થઈ છે.

આજે 'માંસ ખાઓ, માછલી ખાઓ, ઈંડાં ખાઓ' — આવો પ્રચાર કરવામાં આવે છે તો પછી વરસાદ અને ખેતી કેવી રીતે થાય ? કારણ કે માંસ ખાવાથી પશુઓ રહેશે નહીં તો તેમને માટે ઘાસની જરૂરત નથી અને મનુષ્ય માંસ ખાશે તો તેને અન્નની જરૂર નથી, પછી નકામું ઘાસ અને અન્ન કેમ પેદા થાય ?

જ્યારે મનુષ્ય વધારે હોય અને વસ્તુઓ ઓછી હોય, ત્યારે મોંઘવારી હોય છે. વસ્તુઓ ત્યારે ઓછી હોય છે. જ્યારે મનુષ્ય કામ નહીં કરે,

આળસ-પ્રમાદ કરે. આજે પણ આ દશા છે. લોકો કામ તો ઓછું કરે છે અને ખરચ વધુ કરે છે તેથી આટલી મોંઘવારી થઈ રહી છે. કામ ઓછું કરવાથી વસ્તુઓ ઓછી પેદા થશે જ. તેથી મોંઘવારીનું કારણ વસ્તી વધારો નથી. પણ મનુષ્યોમાં અકર્મણ્યતા, આળસ, પ્રમાદ વગેરે દોષોનું વધવું તે છે. સરકારની અવ્યવસ્થા પણ આમાં એક કારણ છે.

પ્રશ્ન : અમને કામ-ધંધો નથી મળતો તો અમારે શું કરવું ?

ઉત્તર : કામ-ધંધો ન મળવાનું કારણ એ છે કે મનુષ્ય જે ક્ષેત્ર અને સમુદાયમાં જાય છે, ત્યાં તે પોતાનો સમય બરબાદ કરે છે. વાસ્તવમાં કામની કમી નથી પણ કામ કરવાવાળાઓની કમી છે. કામ ઘણું છે, પણ ઈમાનદારીથી તત્પરતાપૂર્વક કામ કરવાવાળાઓ ઓછા છે. કોઈ ઇમાનદાર માણસ હોય અને તેને કામ ન મળે– એવું બની શકે નહીં. આળસ, પ્રમાદ, કામ કરવાની દાનત ન હોવી વગેરે દોષો હોવાથી જ તેને કામ મળતું નથી.

પ્રશ્ન : આજે મોંઘવારીના જમાનામાં વધુ સંતાન હશે તો તેમનું પાલન-પોષણ વગેરે કેવી રીતે થશે ?

ઉત્તર : આપ વિચાર કરો કે જરૂરિયાત જ શોધની જનની છે, તેથી જનસંખ્યા વધશે, સંતાન વધુ થશે તો તેના પાલન-પોષણની વ્યવસ્થા પણ જરૂર થશે. પહેલાંના જમાનામાં અમારી જોયેલી વાત છે કે જે વર્ષે તીડ વધુ આવતા હતા, તે વર્ષે ખેતી સારી થતી હતી, દુકાળ પડતો ન હતો. તીડ આવવાથી લોકો ઉત્સાહથી કહેતા કે આ વખતે વરસાદ વધુ થશે, કારણ કે આટલાં જંતુ આવ્યાં છે તો તેમના ભોજનની વ્યવસ્થા (ખેતી) પણ વધુ થશે. ભગવાનની વ્યવસ્થા પહેલાં હતી તે આજે પણ જરૂર હશે. તમે પરિવાર-નિયોજન કરો છો અને વ્યવસ્થાનો ભાર તમારા પર લો છો, તેનું આ પરિણામ છે કે આજે વ્યવસ્થા કરવામાં મુશ્કેલી થઈ રહી છે. તેથી તમે તમારા પર ભાર લો નહીં અને તમારા કર્તવ્યમાં તત્પર રહો

તો તમારી અને પરિવારની પાલન-પોષણની વ્યવસ્થા ભગવાન તરફથી જરૂર થશે.

પહેલાં રાજા-મહારાજાને ત્યાં હજારો સંતાન પેદા થતાં હતાં અને તેમનું પાલન-પોષણ પણ થતું હતું. જેમ કે રાજા સગરના સાઠ હજાર પુત્રો હતા. રાજા અગ્રસેનને અનેક પુત્રો થયા, જેના વંશજ આજે અગ્રવાલ કહેવાય છે. ધૃતરાષ્ટના સો પુત્રો હતા. આ પ્રમાણે એક-એક માણસને સેંકડો, હજારો સંતાન હતાં. કોઈ જાણવા ચાહે તો હું બતાવી શકું છું કે ગામના ગામ એક જ વ્યક્તિનાં સંતાનોથી વસેલાં છે.

આ પ્રત્યક્ષ જોવામાં આવે છે કે જે ખરેખરા વિરક્ત સંત હોય છે, જે પોતાના નિર્વાહની પરવા પણ કરતા નથી, ચેષ્ટા જ કરતા નથી, તેમના નિર્વાહની વ્યવસ્થા જનતા કરે છે. જે પોતાના નિર્વાહની ચેષ્ટા કરે છે. તેમના કરતાં તે વિરક્ત સંતોના નિર્વાહનો પ્રબંધ સારો થાય છે.

તમે થોડો વિચાર કરો, જે મુસલમાન ભાઈ છે, તે ચાર-ચાર વિવાહ કરે છે. અમે સાંભળ્યું છે કે એક ભાઈને દોઢસો સંતાન થયાં. એક ભાઈને ઓગણીસ બાળકો થયાં, તેમાંથી બે મરી ગયાં અને સત્તર હયાત છે. આ રીતે તેઓ ખાસ પરિવાર-નિયોજન કરતા નથી તોપણ તેમના સંતાનોનું પાલન-પોષણ થઈ રહ્યું છે. શું માત્ર હિન્દુઓ જ અન્ન ખાય છે, કપડાં પહેરે છે, ભણે છે ? મુસલમાન ભાઈ શું અનાજ નથી ખાતા, કપડાં નથી પહેરતા, ભણતા નથી ? મુસલમાન ભાઈ તો કહે છે કે સંતાન થવાં ખુદાનું વિધાન છે, તેને બદલવાનો અધિકાર મનુષ્યને નથી. જેઓ તેના વિધાનને બદલે છે, તેઓ અન-અધિકાર ચેષ્ટા કરે છે. હકીકતમાં પરિવાર-નિયોજન કરવાવાળાઓની જન-સંખ્યા ઘટી જાય છે. તેથી મુસલમાનો એમ વિચાર્યું કે પરિવાર-નિયોજન નહીં કરીશું તો આપણી જનસંખ્યા વધશે અને જનસંખ્યા વધવાથી આપણું જ રાજ્ય થઈ જશે, કારણ કે વોટોનો જમાનો છે. તે માટે તેઓ માત્ર પોતાની સંખ્યા વધારવાની ધૂનમાં છે. પરંતુ ફક્ત

હિન્દુઓ પોતાના થોડા સુખ-સગવડને માટે નસબંધી, ગર્ભપાત વગેરે મહાપાપ કરવામાં લાગ્યા છે. પોતાની સંખ્યા ઝડપથી ઘટી રહી છે તે તરફ પણ તેમની દૃષ્ટિ નથી અને પરલોકમાં આ મહાપાપનો ભયંકર દંડ ભોગવવો પડશે– તે તરફ પણ તેમની દૃષ્ટિ નથી. માત્ર ખાવા-પીવા, સુખ-ભોગવવા તરફ તો પશુઓની દૃષ્ટિ પણ રહે છે, જો આવી જ દૃષ્ટિ મનુષ્યની છે તો આ મનુષ્યતા નથી.

હિન્દુ-ધર્મમાં મનુષ્યજન્મને દુર્લભ ગણાયો છે. અને કલ્યાણને માટે સુગમ ગણાયો છે. તેથી કોઈ જીવ મનુષ્ય-જન્મમાં હિન્દુ-ધર્મમાં આવી રહ્યો છે તો તેને રોકવો નહીં જોઈએ. જો તમે રોકી દેશો તો તે જીવ વિધર્મીઓને ત્યાં પેદા થશે, અને તમારા ધર્મનો, હિન્દુઓનો નાશ કરશે, કારણ કે જીવનું ઋણાનુબંધ ફક્ત એકની સાથે નથી હોતું , પણ કેટલાય સાથે હોય છે.

કૌરવ અને પાંડવ બન્નેની નવ-નવ અક્ષૌહિણી સેનાઓ હતી, પરંતુ એક અક્ષૌહિણી નારાયણી સેના અને એક અક્ષૌહિણી શલ્ય સેના કૌરવોની તરફ ચાલી જવાથી કૌરવની સેના પાંડવોની સેનાથી ચાર અક્ષૌહિણી વધી ગઈ અર્થાત્ પાંડવોની સેના ચાર અક્ષૌહિણી અને કૌરવોની સેના અગિયાર અક્ષૌહિણી થઈ ગઈ. આ રીતે હિન્દુઓ નસબંધી, ઓપરેશન વગેરે દ્વારા સંતતિ-નિરોધ કરશે તો જે સંતાન તેમને ત્યાં પેદા થવાવાળા હતાં, તે વિધર્મીઓને ત્યાં પેદા થઈ જશે. જેમ કે અત્યાર સુધીમાં હિન્દુઓને ત્યાં લગભગ બાર કરોડ શિશુઓનો જન્મ રોકવામાં આવ્યો છે *. તેથી તે બાર કરોડ શિશુ ગોઘાતક વિધર્મીઓને ત્યાં જન્મ લેશે તો વિધર્મીઓની સંખ્યા હિન્દુઓની સંખ્યાથી ચોવીસ કરોડ વધી જશે. વિધર્મીઓની સંખ્યા વધશે તો પછી તેઓ હિન્દુઓનો નાશ

---

* જે વ્યક્તિઓએ સંતતિ-નિરોધ કર્યો છે, તેમના ભવિષ્યમાં થવાવાળા કેટલાંક સંતાનોનો પણ આપોઆપ નિરોધ થયો છે. જો પ્રત્યેક વ્યક્તિનાં આગળ થવાવાળાં બે કે ત્રણ સંતાનોનો પણ નિરોધ માનવામાં આવે તો આ સંખ્યા ચોવીસ યા છત્રીસ કરોડ સુધી પહોંચી જાય છે !

કરશે. તેથી હિન્દુઓએ પોતાની સંતાન-પરંપરા નષ્ટ નહીં કરવી જોઈએ અને ગોઘાતકોની સંખ્યા વધારીને ગોહત્યાના પાપમાં ભાગીદાર નહીં બનવું જોઈએ.

પ્રશ્ન : સંતાન ઓછાં હશે તો તેમનું પાલન-પોષણ પણ સારું થશે અને પરિવાર પણ સુખી રહેશે, તેથી પરિવાર-નિયોજન કરવામાં હાનિ શું છે ?

ઉત્તર : ઓછાં સંતાનથી પરિવાર સુખી રહેશે– આ વાત નથી. જેમને સંતાન નથી, તેઓ પણ દુઃખી છે, જેમને ઓછાં સંતાન છે, તેઓ પણ દુઃખી છે, અને જેમને સંતાન વધુ છે, તેઓ પણ દુઃખી છે, અમે સંતાન વિહોણા પણ જોયા છે, ઓછાં સંતાનવાળાઓને પણ જોયા છે અને વધુ સંતાનવાળાઓને પણ જોયા છે તથા અમારે તેમની સાથે વાતો થઈ છે. વાસ્તવમાં સંતાન વધુ-ઓછાં હોવા સુખ-દુઃખનું કારણ નથી. જે ઓછાં સંતાનને કારણે સુખી હોય, એવો એક પણ માણસ હોય તો બતાવો. સંસારમાં શું સૃષ્ટિમાં પણ નથી ! દુઃખનું કારણ છે– ભોગપરાયણતા– **'ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते'** । (ગીતા ૫ । ૨૨). ભોગી વ્યક્તિ ક્યારેય સુખી હોઈ શકે જ નહીં, સંભવ જ નથી. જે ભોગી છે, તેને વધુ સંતાન હોય કે ઓછાં સંતાન હોય કે બિલકુલ ના હોય, તે તો દુઃખી રહેશે જ.

લગ્ન બાદ શરૂમાં સ્ત્રીને પુરુષ પ્રત્યે અને પુરુષને સ્ત્રી પ્રત્યે વિશેષ આકર્ષણ રહે છે, તેથી પહેલું જે સંતાન થાય છે, તે માત્ર ભોગેચ્છાથી જ થાય છે. ભોગેચ્છાથી જન્મેલ સંતાન ઘણું કરીને સારું હોતું નથી, ભોગી હોય છે. આજે જેટલા પણ સારા ભાવોનો પ્રચાર થયો છે, સમાજનો સુધારો થયો છે, તે બધું સારી વ્યક્તિઓ દ્વારા જ થયું છે. શું ભોગી, લોલુપ, ચોર, ડાકુ જેવી વ્યક્તિઓ દ્વારા સમાજનો સુધારો ક્યારેય થયો છે ? અને શું તેમના દ્વારા સમાજ-સુધારણા થવાની સંભાવના છે ? જેથી સંતાન

ઓછાં હોવાથી ઘણું કરીને ભોગી સંતાન જ પેદા થશે જેથી સમાજનું પતન જ થશે.

પ્રશ્ન : ભગવાન રામ અને ભરત વગેરેએ પણ પરિવાર-નિયોજન કર્યું હતું– '**દુઈ સુત સુંદર સીતાઁ જાએ**' અને '**દુઈ દુઈ સુત સબ ભ્રાતન્હ કેરે**' (માનસ. ઉત્તર૰ ૨૫ । ૩-૪). તેથી હાલ પણ બે જ સંતાન હોય તો શું હાનિ છે ?

ઉત્તર : કોઈ પણ રામાયણમાં આ નથી આવ્યું કે રામે નસબંધી કરાવી હતી, સીતાજીએ ઓપરેશન કરાવેલું હતું. આ નસબંધી, ઓપરેશન વગેરે તો અમારા દેખતાં-દેખતાં હમણાં શરૂ થયું છે. આ વિદેશી કામ છે, આપણા દેશનું કામ નથી. રામ, ભરત વગેરે પોતે પણ ચાર ભાઈ હતા. ભગવાન કૃષ્ણની સોળ હજાર એકસો આઠ રાણીઓમાં દરેકને દસ-દસ પુત્ર અને એક-એક કન્યા હતી, કોઈ-કોઈને સ્વાભાવિક જ ઓછાં સંતાન હોય છે અને કોઈ-કોઈને સ્વાભાવિક જ વધુ સંતાન થાય છે.

પ્રશ્ન : સંતાન વધુ પેદા કરીશું તો તેમના પાલન-પોષણમાં જ બધો સમય ચાલ્યો જશે, પછી ભગવાનનું ભજન કેવી રીતે કરીશું ?

ઉત્તર : અમારો આશય એ નથી કે તમે વધુ સંતાન પેદા કરો, પણ અમારો આશય એ છે કે તમે કૃત્રિમ ઉપાયોથી સંતતિ-નિરોધ કરીને થોડા સુખને માટે તમારા શરીર, બળ, ઉત્સાહ વગેરેનો નાશ કરો નહીં. ખેતી તો કરીશું, હળ તો ચલાવીશું, પણ બીજ વાવીશું નહીં– આ કોઈ બુદ્ધિમાની છે ? '**હતં મૈથુનમપ્રજમ્**'– સંતાન પેદા ન થાય તો સ્ત્રીનો સંગ કરવો નકામો છે. તેથી અમારો આશય એ જ છે કે તમે ઈન્દ્રિયોના ગુલામ ન બનો, તેના પરવશ ન રહો, બલ્કે સ્વતંત્ર રહો.

પ્રશ્ન : વધુ સંતાન ઈચ્છતા નથી અને સંયમ થઈ શકતો નથી, આવી દશામાં શું કરવું ?

ઉત્તર : એવી વાત નથી. અગર તમે સંયમ કરવા ચાહો છો તો

સંયમ અવશ્ય થઈ શકે છે. મેં ઘણા સમય પહેલાં '**બ્રહ્મચર્ય હી જીવન હૈ**' નામનું એક પુસ્તક વાંચ્યુ હતું. તેના લેખક શિવાનંદ નામના એક વ્યક્તિ હતા. તેમણે તે પુસ્તકમાં લખ્યું હતું કે 'હું પરણેલો છું; પરંતુ બન્ને (મેં અને સ્ત્રી)એ સલાહ કરીને બ્રહ્મચર્યનું પાલન કર્યું, જેથી મને બહુ લાભ થયો તે લાભ બધાને થઈ જાય તે માટે મેં આ પુસ્તક લખ્યું છે'. એક માતાજીએ અમને સંભળાવ્યું કે અમારી પડોશમાં એક જૈન કુટુંબ હતું. રોજ રાત્રે તેમના બોલવાનો અવાજ આવતો હતો. એક દિવસ મેં તેમને પૂછ્યું કે તમે લોકો રોજ રાત્રે વાતો કરો છે, શું તમે સૂતા નથી ? તેમણે પોતાની વાત જણાવી કે લગ્ન પહેલાં જ અમારા બન્નેમાંથી એકે કૃષ્ણપક્ષમાં અને એકે શુકલપક્ષમાં બ્રહ્મચર્યનું પાલન કરવાના સોગંદ લઈ લીધા છે. હવે ત્રીજો પક્ષ ક્યાંથી લાવીએ ? જેથી એક ઓરડામાં રહેવા છતાં પણ અમે એકબીજા સાથે ધર્મની ચર્ચા કરીએ છીએ. તાત્પર્ય એ છે કે તમે ઘરમાં રહીને સંયમ કરી શકો છો. તમે સંયમ નહીં કરશો તો કોણ કરશે ? હિંમત રાખવાથી અશક્ય પણ શક્ય બની જાય છે—

હિમ્મત મત છોંડો નરોં, મુખ તે કહતોં રામ ।
હરિયા હિમ્મત સે કિયા, ધ્રુવ કા અટલ ધામ ॥

તેથી ઉત્સાહ રાખો, ભગવાન પર ભરોંસો રાખો અને તેમને પ્રાર્થના કરો કે 'હે નાથ ! અમે સંયમ રાખવાનો નિયમ લઈએ છીએ, આપ શક્તિ આપો' આ રીતે તમે જેટલા તત્પર રહેશો, ભગવાન પર ભરોંસો રાખશો, તેટલા જ તમને અલૌકિક ચમત્કાર જોવા મળશે. કરીને જોઈ લો.

પહેલાંના જમાનામાં નસબંધી,ઓપરેશન વગેરે થતાં ન હતાં. તે જમાનામાં લોકો સંયમ રાખતા હતા તો હાલમાં પણ સંયમ રાખવો જોઈએ. હાલમાં જે સંયમ વગેરે ગુણોને, દૈવી-સંપત્તિને પોતાનામાં

લાવવા કઠણાઈ અનુભવાય છે, કારણ કે પહેલાં અસંયમ વગેરે ગુણોનો આસુરી-સંપત્તિનો સ્વભાવ બનાવી લીધો છે.

વિચાર કરો કે સત્ય બોલનારી વ્યક્તિ છે, તેને કહેવામાં આવે છે કે અમે તમને એક હજાર રૂપિયા આપીએ છીએ, તમે જૂઠું બોલો તો તે જૂઠું નહીં બોલશે. પરંતુ જેઓ સાચા-જૂઠાનો ખ્યાલ નથી રાખતા, તેમને કહેવામાં આવે કે અમે તમને પાંચ રૂપિયા આપીશું, તમે સાચી વાત બોલજો તો તેઓ બોલી દેશે. જેઓ માંસ નથી ખાતા, તેમને કહેવામાં આવે કે અમે તમને એક હજાર રૂપિયા આપીશું તમે માંસ ખાવ તો તે મરી જશે પણ માંસ નહીં ખાય. પરંતુ જે માંસ ખાય છે, તેમને કહેવામાં આવે કે માંસ-માછલી ખાશો નહીં, બીજી જગાએ નહીં ખાતા, માત્ર અમારે ત્યાં જ શાકાહારી ભોજન કરો તો અમે તમને રોજ એક રૂપિયો આપીશું તો તે મહિના સુધી તો તમારે ત્યાં ભોજન કરી લેશે. જે કોઈને મદિરા વગેરેનું વ્યસન નથી તેમને ભય, લોભ વગેરે બતાવીને મદિરા પીવાને માટે કહેવામાં આવે તો તેઓ મદિરા નહીં પી શકે. પરંતુ જેમને મદિરા પીવાનું વ્યસન છે, તેઓ પણ સંત-મહાત્માઓના સંગમાં આવીને નીરોગતા વગેરેના લોભમાં આવીને વ્યસન છોડી દે છે. તાત્પર્ય એ છે કે સાચું બોલવું, માંસ-મદિરાનો ત્યાગ કરવો એ તો સુગમ છે, પણ જૂઠું બોલવું, માંસ-મદિરાનું સેવન કરવું કઠણ છે. તે રીતે સંયમનો ત્યાગ કરવો કઠણ છે, સંયમ કરવાનું કઠણ નથી. આ અનુભવસિદ્ધ વાત છે.

એક વાત એ પણ છે કે સંયમ સ્વતઃસિદ્ધ છે, જ્યારે અસંયમ કૃત્રિમ, બનાવટી છે. આપોઆપ થઈ શકે તે વાત કઠણ કેમ લાગે છે– તેના પર થોડું ધ્યાન આપો. જે લોકો સંયમનો ત્યાગ કરીને પોતાનું જીવન અસંયમી બનાવી દે છે, તેમને માટે પછી સંયમ કરવાનું કઠણ થઈ જાય છે. જો પહેલાંથી જ સંયમિત જીવન રાખવામાં આવે તો દુર્વ્યસનોનો, દુર્ગુણોનો

ત્યાગ થવાથી મનુષ્યમાં શૂરવીરતા, ઉત્સાહ રહે છે, શાંતિ રહે છે. સંયમ કરવાથી જેટલી પ્રસન્નતા, નીરોગતા, બળ, ધૈર્ય, ઉત્સાહ રહે છે તેટલા અસંયમ કરવાથી રહેતા નથી. તમે થોડા દિવસને માટે સારા સંગમાં રહો અને સંયમ કરો તો તમને અનુભવ થઈ જશે કે સંયમથી કેટલો લાભ થાય છે ! સંસારમાં જેટલા રોગ છે, તે બધાં ઘણું કરીને અસંયમથી જ થાય છે. પ્રારબ્ધજન્ય રોગ બહુ ઓછા હોય છે. સંયમી પુરુષોને રોગ બહુ ઓછા હોય છે. સંયમી પુરુષને ચિંતા, ભય વગેરે ફિકર હોતી નથી, જેમ કે અસંયમી રાવણ જ્યારે સીતાને લેવા જાય છે, ત્યારે તે ડરનો માર્યો આમ-તેમ જુએ છે— '**सो दससीस स्वान की नाईं । इत उत चितई चला भडिहाईं ॥**' (માનસ, અરણ્ય૰ ૨૮ । ૫). પરંતુ સંયમી સીતા રાક્ષસોની નગરીમાં અને રાક્ષસોની વચ્ચે રહીને પણ નિર્ભય છે ! એકલી અને સ્ત્રી હોવા છતાં પણ તેને કોઈનો ભય નથી. ત્યાં સુધી કે રાવણને પણ અધમ, નિર્લજ્જ વગેરે કહીને ફટકારી દે છે– '**सठ सूनें हरि आनेहि मोही । अधम निलज्ज लाज नहीं तोही ॥**' (માનસ, સુન્દર૰ ૯ । ૫).

આપણાં શાસ્ત્રોમાં બ્રહ્મચર્યનું મોટું માહાત્મ્ય છે અને વિદેશી સજ્જનોએ પણ તેનો આદર કર્યો છે. તેમણે કહ્યું છે કે જીવનભરમાં પુરુષ એક જ વાર પોતાની સ્ત્રીનો સંગ કરે. એક વારથી ન રહી શકાય તો વર્ષમાં એક વાર કરે. વર્ષમાં એક વાર ન રહી શકાય તો મહિનામાં એક વાર સંગ કરે અર્થાત્ ઋતુગામી બને. આનાથી પણ ના રહી શકે તો પોતાના કફનનું કપડું ખરીદીને રાખી મૂકે ! કારણ કે વારંવાર સંગ કરવાથી આયુષ્ય જલદી નાશ પામે છે અને મનુષ્ય જલદી મરણ પામે છે. આમ તો અલ્પાયુમાં મરણ પામવાનાં ઘણાં કારણો છે, પણ વીર્ય-નાશ થવો એ ખાસ કારણ છે, તેથી દીર્ઘાયુ થવા માટે, તંદુરસ્તીને માટે, નીરોગી રહેવાને

માટે, બ્રહ્મચર્યનું પાલન કરવું ખૂબ જરૂરી છે. સિંહ જીવનભરમાં માત્ર એક જ વાર સંગ કરે છે *. તેથી તેનામાં વીર્ય વધારે સુરક્ષિત હોવાથી વિશેષ ઓજબળ રહે છે, જેથી તે પોતાનાથી ઘણા મોટા હાથીને પણ મારી નાંખે છે. પરંતુ જે મનુષ્ય વારંવાર સ્ત્રીનો સંગ કરે છે, તેનામાં ઓજબળ આવતું નથી, બલ્કે નિર્બળતા આવે છે. ઓજબળ બ્રહ્મચર્યનું પાલન કરવાથી જ ઉત્પન્ન થાય છે.

બ્રહ્મચર્યનું પાલન કરવાથી મોટા-મોટા રોગ આક્રમણ કરતા નથી. બ્રહ્મચર્ય પાલન કરવાવાળાઓનાં સંતાન તેજસ્વી અને નીરોગી હોય છે. પરંતુ બ્રહ્મચર્યનું પાલન ન કરવાવાળાઓનાં સંતાન તેજસ્વી અને નીરોગી હોતાં નથી, કારણ કે વારંવાર સંગ કરવાથી રજ-વીર્યમાં તે શક્તિ રહેતી નથી. ભોગશક્તિથી જે સંતાન પેદા થાય છે, તે ભોગી અને રોગી જ હોય છે, તેથી ધર્મને પ્રધાનતા આપીને જ સંતાન ઉત્પન્ન કરવાં જોઈએ, જેથી સંતાન ધર્માત્મા, નીરોગી પેદા થાય. ભગવાને પણ ધર્મપૂર્વક કામને પોતાનું સ્વરૂપ બતાવ્યું છે— **'धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ॥'** (ગીતા ૭ । ૧૧).

જે માત્ર શાસ્ત્રમર્યાદા અનુસાર સંતાન-ઉત્પત્તિને માટે ઋતુકાળમાં પોતાની સ્ત્રીનો સંગ કરે છે, તેને ગૃહસ્થમાં રહેતો હોવા છતાં પણ બ્રહ્મચારી માનવામાં આવે છે. પરંતુ જે ફક્ત ભોગેચ્છા, સુખેચ્છાથી પોતાની સ્ત્રીનો સંગ કરે છે, તે પાપ કરે છે. ગીતાએ વિષયભોગોના ચિંતનમાત્રથી પતન થાય છે, તે બતાવેલું છે (૨ । ૬૨-૬૩) અને કામને તમામ પાપોનું મૂળ તથા નરકોનો દરવાજો જણાવેલ છે (૩ । ૩૬, ૧૬ । ૨૧). તાત્પર્ય એ છે કે ભોગેચ્છાથી પોતાની સ્ત્રીનો સંગ કરવો નરકોનો દરવાજો છે, પાપોનું, અનર્થોનું કારણ છે.

---

* સિંહ ગમન, સજ્જન બચન, કદલિ ફલૈ ઇક બાર ।
તિરિયા તેલ, હમ્મીર હઠ, ચઢૈ ન દૂજી બાર ॥

મક્કમ વિચાર થવાથી બ્રહ્મચર્યનું પાલન કરવું કઠણ નથી. બ્રહ્મચર્યનું પાલન મનુષ્ય માટે ખાસ બાબત છે. જો મનુષ્ય સંયમ નહીં કરે તો તે પશુઓથી પણ હલકી કોટિનો છે. પશુઓમાં ગધેડો, કૂતરો નીચ મનાય છે. પરંતુ વર્ષમાં એક જ માસ તેમની ઋતુ હોય છે. જેમ કે શ્રાવણ માસમાં ગધેડાની, કારતક માસમાં કૂતરાંની અને મહા માસમાં બિલાડીની રક્ષા કરવામાં આવે છે, તો તેમને બ્રહ્મચર્યનું પાલન કરાવી શકાય તો તેમને સંયમ થઈ જાય. પરંતુ મનુષ્યને માટે બારે બાર માસ ખુલ્લા છે, તેથી બીજા કોઇ તેની રક્ષા કરી શકે નહીં. તે જાતે જ ઇચ્છે તો પોતાની રક્ષા કરી શકે છે. તેથી શાસ્ત્રોમાં મનુષ્યને બ્રહ્મચર્યપાલનની આજ્ઞા આપવામાં આવી છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થઈ જાય છે, મહાન આનંદની પ્રાપ્તિ થઈ જાય છે.

પ્રશ્ન : પુરુષ તો સંયમ રાખે, પણ સ્ત્રી સંયમ ના રાખે તો શું કરવું જોઇએ ?

ઉત્તર : એ વાત નથી કે સ્ત્રી સંયમ નથી રાખતી. ખરેખર તો પુરુષ જ સ્ત્રીને બગાડે છે. સ્ત્રીઓમાં કામ-વેગને રોકવાની જેટલી શક્તિ હોય છે, તેટલી પુરુષોમાં હોતી નથી.

જો પહેલેથી જ સંયમ રાખવામાં આવે તો સંયમ સરળતાથી થાય છે. ભોગવૃત્તિ વધુ હોવાથી સંયમ રાખવો મુશ્કેલ થઈ પડે છે. તેથી જ્યારે કામનો વેગ ન હોય, ત્યારે સ્ત્રી-પુરુષ બન્નેએ શાંત ચિત્ત થઈને વિચાર કરવો જોઇએ કે અમારે વધુ સંતાન જોઈતાં નથી તો અમારે સંયમ રાખવો જોઇએ; જેથી અમારું શરીર, સ્વાસ્થ્ય પણ ઠીક રહેશે. આવો વિચાર કરીને બન્નેએ રાત્રે અલગ અલગ રહેવું જોઇએ.

મનુષ્ય સંયમ તો સદા રાખી શકે છે, પણ ભોગ સદા કરી શકતો નથી– આ સ્વયંસિદ્ધ વાત છે. તેથી સંયમના વિષયમાં હિંમત નહીં હારવી જોઇએ અને ગર્ભપાત, નસબંધી જેવાં મહાપાપોથી બચવું જોઇએ.

જ્યાં સુધી આ હિન્દુ-સમાજ ગર્ભપાત જેવાં પાપોથી નહીં બચશે, ત્યાં સુધી તેનો ઉદ્ધાર મુશ્કેલ છે, કારણ કે પોતાનું પાપ જ પોતાને ખાઈ જાય છે. જો આ સમુદાય પોતાની ઉન્નતિ અને વૃદ્ધિ ચાહે છે તો આ ઘોર મહાપાપથી, બ્રહ્મહત્યાથી બમણા પાપથી બચવું જોઈએ. એક ભાઈએ અમને જણાવ્યું કે ગયા વર્ષે ભારતમાં લગભગ એકવીસ લાખ ગર્ભપાત કરવામાં આવ્યા ! આવી લોક-પરલોકને નાશ કરવાવાળી મહાન હત્યાથી સમાજની કેવી ગતિ થશે, તે તો ભગવાન જ જાણે ! ધર્મપરાયણ ભારતમાં કેટલું ધર્મવિરુદ્ધ કામ થઈ રહ્યું છે જેનો કોઈ સુમાર નથી. આનું ઘણું ભયંકર પરિણામ આવશે, તેથી સમયસર ચેતી જવું જોઈએ–

'का बरषा सब कृषी सुखानें।
समय चुकें पुनि का पछितानें॥'

અમારો ઉદ્દેશ્ય કોઈની નિંદા કરવી, કોઈની નીચો પાડવો છે જ નહીં. અમારું એ કહેવું છે કે મનુષ્ય-શરીરમાં આવીને ઓછાંમાં ઓછું ગર્ભપાત જેવાં મહાપાપોથી તો બચવું.

बडे भाग मानुष तनु पावा।
सुर दुर्लभ सब ग्रंथन्हि गावा॥

(માનસ, ઉત્તર૦ ૪૩ । ૪)

कबहुँक करि करुना नर देही।
देत ईस बिनु हेतु सनेही॥

(માનસ, ઉત્તર૦ ૪૪ । ૩)

'दुर्लभो मानुषो देहो देहिनां क्षणभंगुरः।'

(શ્રીમદ્ભા૰ ૧૧ । ૨ । ૨૯)

लब्ध्वा सुदुर्लभमिदं बहुसम्भवान्ते
मानुष्यमर्थदमनित्यमपीह धीरः।

(શ્રીમદ્ભા૰ ૧૧ । ૯ । ૨૯)

—આ રીતે જે મનુષ્ય-શરીરને આટલું દુર્લભ જણાવવામાં આવેલું છે, તે મનુષ્ય-શરીરમાં જીવને ન આવવા દેવો, જીવને એવું દુર્લભ શરીર નહીં મળવા દેવું કેટલું મહાન પાપ છે ! આવા મહાપાપથી બચો.

—— ——:: X X :: —— ——

૭. લડાઈ-ઝઘડાનું સમાધાન

પ્રશ્ન : કુટુંબમાં ઝઘડા, કલહ, અશાંતિ વગેરે થવાનું કારણ શું છે ?

ઉત્તર : દરેક પ્રાણી પોતાના મનનું કરવા ચાહે છે, પોતાની અનુકૂળતા ચાહે છે, પોતાનો સ્વાર્થ ચાહે છે— આવા વ્યક્તિગત સ્વાર્થને કારણે જ કુટુંબમાં ઝઘડા, કલહ, અશાંતિ વગેરે થાય છે. જેમ કે કૂતરાં એકબીજાં સાથે બહુ ગેલથી રમે છે, પણ રોટલીનો ટુકડો સામે આવતાં જ લડાઈ શરૂ થઈ જાય છે, તેથી લડાઈનું કારણ રોટલીનો ટુકડો નથી પણ વ્યક્તિગત સ્વાર્થ છે.

કુટુંબમાં જે માત્ર પોતાનાં સુખ-આરામ ચાહે છે, તે કુટુંબી હોતો જ નથી. પણ એક વ્યક્તિ હોય છે. કુટુંબી તે હોય છે, જે કુટુંબમાં નાની, મોટી, સરખી અવસ્થાવાળા– બધાનું હિત ચાહે છે અને હિત કરે છે. તેથી જે કુટુંબમાં શાંતિ ઈચ્છે છે, કલહ ઈચ્છતો નથી, તેણે પોતાનું કર્તવ્ય અને બીજાઓના અધિકાર જોવા જોઈએ અર્થાત્ પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ અને બીજાઓનું હિત કરવું જોઈએ, આદર-સત્કાર, સુખ-આરામ આપવાં જોઈએ.

પ્રશ્ન : ભાઈ-ભાઈ એક-બીજા સાથે લડે તો માતા-પિતાએ શું કરવું જોઈએ ?

ઉત્તર : માતા-પિતાએ ન્યાયની વાત કહેવી જોઈએ. તેઓ નાના પુત્રને કહે કે તું ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્નને જો કે તેઓ રામજી સાથે કેવો વર્તાવ કરતા હતા; ભીમ, અર્જુન વગેરે પોતાના મોટા ભાઈ યુધિષ્ઠિર સાથે કેવો વર્તાવ કરતા હતા. મોટા પુત્રને કહે કે તું રામજીને જો કે તેમણે પોતાના નાના ભાઈઓ સાથે કેવો વર્તાવ કર્યો હતો. * તેથી તેમનાં ચરિત્રોને આદર્શ માનીને પોતાના આચરણમાં લાવો.

પ્રશ્ન : બહેન-ભાઈ એક-બીજા સાથે લડે તો માતા-પિતાએ શું કરવું જોઈએ ?

ઉત્તર : માતા-પિતાએ દીકરીનો પક્ષ લેવો જોઈએ; કારણ કે તે સુવાસિની છે, દાનને પાત્ર છે †, થોડા દિવસ રહેવાવાળી છે; તેથી તે આદરણીય છે. દીકરો તો ઘરનો માલિક છે. ઘરમાં જ રહેવાવાળો છે. દીકરાને એકાંતમાં સમજાવવો જોઈએ કે 'બેટા ! બહેનનો નિરાદર નહીં કર. આ અહીં રહેવાવાળી નથી. એ તો પોતાના ઘરે ચાલી જશે. તું તો અહીંનો માલિક છે'.

બહેને પણ ભાઈ પાસેથી કોઈ આશા રાખવી નહીં જોઈએ. ભાઈ જેટલું આપે તેમાંથી થોડું જ લે. તેણે એમ વિચારવું જોઈએ કે ભાઈના ઘરેથી લેવાથી અમારું કામ થોડું જ ચાલવાનું છે ! અમારું કામ તો અમારા ઘરથી ચાલશે.

---

* આ માટે ગીતાપ્રેસ દ્વારા પ્રકાશિત 'તત્ત્વચિંતામણિ'ના બીજા ભાગમાં 'રામાયણમેં આદર્શ ભ્રાતૃપ્રેમ' નામના લેખને મનનપૂર્વક વાંચવો જોઈએ.

† બહેન, દીકરી અને ભાણજીને ભોજન કરાવવું બ્રાહ્મણને ભોજન કરાવવા સમાન પુણ્ય માનવામાં આવ્યું છે.

પ્રશ્ન : દીકરો અને વહુ એક-બીજા સાથે લડે તો માતા-પિતાનું શું કર્તવ્ય હોય છે ?

ઉત્તર : માતા-પિતા તે બન્નેને સમજાવે કે અમે ક્યાં સુધી બેસી રહેવાનાં છીએ ? આ ઘરના માલિક તો તમે જ છો. જો તમે જ પરસ્પર લડશો તો આ કુટુંબનું પાલન કોણ કરશે ? કારણ કે ભાર તો બધો તમારા પર જ છે.

દીકરાને અલગ સમજાવવો જોઈએ કે બેટા, તારે માટે જ તારી પત્નીએ પોતાના માતા-પિતા વગેરે બધાંનો ત્યાગ કર્યો છે. તું તો તારા બાપની ગાદી પર બેઠો છે, તેં શું ત્યાગ કર્યો છે ? તેથી આવી ત્યાગમૂર્તિ સ્ત્રીને તન, મન, ધન વગેરેથી પ્રસન્ન રાખવી, તેનું પાલન કરવું તારું ખાસ કર્તવ્ય છે. પણ હા, આ યાદ રાખ કે તું પતિ છે, તેથી સ્ત્રીની દાસતામાં ફસાવું નહીં, તેનો ગુલામ નહીં બનવું. જેમાં તેનું હિત હોય, આસક્તિરહિત થઈને તે કાર્ય કર. મનુષ્યમાત્રનું કર્તવ્ય છે કે તે જીવમાત્રનું હિત કરે. તું એક પત્નીનું પણ હિત નહીં કરશે તો શું કરશે ?

પુત્રવધૂને સમજાવવું જોઈએ કે બેટી ! તેં માત્ર પતિને માટે પોતાના માતા-પિતા, ભાઈ-ભોજાઈ, ભત્રીજા વગેરે બધાંનો ત્યાગ કરી દીધો , હવે તેને પણ રાજી રાખી શકતી નથી, તેની પણ સેવા કરી શકતી નથી તો બીજું શું કરી શકશે. કોઈ સમુદ્ર તરી જાય, પણ કિનારે આવીને ડૂબી જાય, તો આ કેટલી શરમની વાત છે ! તારે તો એક જ વ્રત નિભાવવાનું છે—

એકઇ ધર્મ એક બ્રત નેમા । કાયઁ બચન મન પતિ પદ પ્રેમા ॥

(માનસ, અરણ્ય૰ ૫ । ૪)

પ્રશ્ન : નણંદ(દીકરી) અને ભોજાઈ (વહુ) એક-બીજા સાથે લડે તો માતા-પિતાએ શું કરવું જોઈએ ?

ઉત્તર : મા દીકરીને સમજાવે કે 'જો બેટી ! આ (ભોજાઈ) તો આજકાલની છોકરી છે. તું તેને મોટી સમજીને તેનો આદર કર. આ

ઘરની માલિકણ છે, તેથી તું મારાથી પણ વધારે વિશેષતાથી તેનો આદર કર. મારો આદર ઓછો કરશે તો હું જલદી નારાજ નહીં થાઉં, કારણ કે મારી દીકરી હોવાને સંબંધે મારી સાથે તારી મમતા છે.'

ભોજાઈએ નણંદનો આદર વધારે કરવો જોઈએ, કારણ કે તે મહેમાનની જેમ આવી છે. તે નણંદનાં બાળકોને પોતાના બાળકોથી પણ વધારે વહાલ કરે *. બાળકો રાજી થવાથી તેમની મા પણ રાજી થઈ જાય છે– આ સિદ્ધાંત છે. આ રીતે નણંદને રાજી રાખવી જોઇએ. બીજાને રાજી રાખવામાં પોતાનું કલ્યાણ છે.

દીકરીમાં મોહ હોવાને કારણે મા દીકરીને કાંઈ આપવા ચાહે તો દીકરીએ લેવું નહીં જોઈએ. દીકરીએ માને કહેવું જોઈએ કે 'મારી ભોજાઈ આપશે , ત્યારે હું લઈશ. જો તું આપશે તો ભોજાઈને ખોટું લાગશે ને તે તારી સાથે લડશે તો હું અહીં ઝઘડો કરાવવા થોડી જ આવી છું ! મા ! તારા પાસેથી લઈશ તો બહુ થોડા દિવસ મળતું રહેશે, પણ ભોજાઈના હાથથી લઈશ તો ઘણા દિવસ સુધી મળતું રહેશે. તેથી ત્યાગદૃષ્ટિથી, વ્યવહારદૃષ્ટિથી અને સ્વાર્થદૃષ્ટિથી ભોજાઈના હાથથી લેવું જ સારું છે.'

પ્રશ્ન : મોટા ભાઈ માતા-પિતાની સાથે લડે તો નાના ભાઈઓનું શું કર્તવ્ય છે ?

ઉત્તર : નાનાં ભાઈઓ મોટા ભાઈના ચરણોમાં પ્રણામ કરીને પ્રાર્થના કરે કે 'ભાઈ સાહેબ ! આપ આવો વર્તાવ કરશો તો અમે લોકો કોને આદર્શ માનીશું ? તેથી આપ અમારા પર કૃપા કરીને મા-બાપ સાથે સારામાં સારો વ્યવહાર કરો. આમ કરવાથી આપને બે પ્રકારે લાભ થશે,

---

* વહુએ એક નંબરમાં (સૌથી વધુ) નણંદનાં બાળકોને લાડ-પ્યાર કરવા જોઈએ. તેવી જ રીતે બીજા નંબરે દેરાણીનાં બાળકોને, ત્રીજા નંબરે જેઠાણીનાં બાળકોને, ચોથા નંબરમાં સાસુનાં બાળકોને અને પાંચમાં નંબરે પોતાનાં બાળકોને લાડ-પ્યાર કરવા જોઈએ.

એક તો આપના સારા વર્તનથી કુટુંબ પર, મહોલ્લા પર સારી અસર પડશે અને બીજું તમારું આચરણ જોઈને અમે પણ તેવું જ આચરણ કરીશું, જેનાથી આપને પુણ્ય લાગશે. તેથી આપનું આચરણ આદર્શ હોવું જોઈએ. અમે તો આપને ફક્ત પ્રાર્થના જ કરી શકીએ છીએ; કારણ કે આપ અમારા પિતા સમાન છો.'

પ્રશ્ન : નાનાં ભાઈઓ માતા-પિતા સાથે લડે તો મોટા ભાઈનું શું કર્તવ્ય છે ?

ઉત્તર : મોટા ભાઈ નાનાં ભાઈઓને સમજાવે કે 'જુઓ ભાઈ ! હું અને તમે સૌ બાળક છીએ. માતા-પિતા આપણા માટે હમેશાં આદરણીય, પૂજ્ય છે. જે શરીરથી આપણે ભગવત્-પ્રાપ્તિ કરી શકીએ છીએ, તે આપણને માતા-પિતાની કૃપાથી જ મળેલું છે. આપણે તેમના ઋણથી કદી મુક્ત થઈ શકીએ નહીં. હા, આપણે તેમને અનુકૂળ થઈશું તો તેઓ રાજી થવાથી તે ઋણ માફ થઈ શકે છે. આપણે આપણાં ચામડીના જોડા બનાવીને માતા-પિતાને પહેરાવી દઈએ તોપણ તેમનું ઋણ નહીં ચુકવી શકીએ; કારણ કે તે ચામડું આવ્યું ક્યાંથી ? તેમની વસ્તુ જ તેમને આપી છે, આપણે પોતાનું શું આપ્યું ? તેમની વસ્તુને આપણે આપણી માનીએ છીએ, તે ભૂલ છે. તેઓ ઇચ્છે તેમ આપણને રાખે, તેમનો આપણા પર પૂરો હક્ક છે.'

પ્રશ્ન : બહેન માતા-પિતા સાથે લડે તો ભાઈનું શું કર્તવ્ય છે ?

ઉત્તર : ભાઇ ન્યાય જુએ અને ન્યાયમાં પણ તે બહેનનો પક્ષ લે અને માતા-પિતાને કહે કે આ તો મહેમાનની જેમ આવી છે. તેને લાડ-પ્યાર કરવા જોઈએ. પરંતુ બહેનનો અન્યાય હોય તો બહેનને એકાંતમાં સમજાવે કે બહેન ! એકબીજા વચ્ચે પ્રેમનો જ મહિમા છે ઝઘડાનો નહીં. મા-બાપ આદરણીય છે. તેથી તું અને આપણે બધાં મા-બાપનો આદર કરીએ. તુચ્છ ચીજો માટે તેમનો નિરાદર શા માટે કરવો ?

પ્રશ્ન : નાનો ભાઈ ભોજાઈ સાથે લડે તો મોટા ભાઈનું શું કર્તવ્ય છે ?

પ્રશ્ન : મોટા ભાઈએ નાના ભાઈને ધમકાવવો કે 'તું શું કરી રહ્યો છે ? એ શાસ્ત્રની દૃષ્ટિથી મોટા ભાઈની સ્ત્રી મા સમાન હોય છે. લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નએ સીતાજી સાથે કેવો વર્તાવ કર્યો હતો, તેમનાં ચરિત્રોને વારંવાર વાંચો અને મનન કરો, જેથી તારી ભીતર નિર્મળ ભાવ પેદા થશે, તારી બુદ્ધિ સ્વાભાવિક જ શુદ્ધ થઈ જશે.'

પ્રશ્ન : જેઠાણી અને દેરાણી એકબીજા સાથે લડે તો ભાઈઓએ શું કરવું જોઈએ ?

ઉત્તર : તેઓ પોત-પોતાની સ્ત્રીને સમજાવે. નાનો ભાઈ પોતાની સ્ત્રીને સમજાવે કે 'જો ! તારે મારા મોટા ભાઈને પિતાની સમાન અને ભોજાઈને મા સમાન સમજીને તેમનો આદર કરવો જોઈએ.' મોટો ભાઈ પોતાની સ્ત્રીને સમજાવે કે 'તારે માટે મારો ભાઈ પુત્ર બરાબર અને તેની સ્ત્રી પુત્રી સમાન છે, તેથી તારે તેમને વહાલ કરવું જોઈએ. તેની સ્ત્રી કાંઈ પણ કહે, તો તારે તેને ક્ષમા કરી દેવી જોઈએ, કારણ કે તું મોટી છે. જો તું તેની વાત નહીં સહેશે તો તારો દરજ્જો મોટો કેવી રીતે થશે ? તેની વાત સહેવાથી, તેને પ્યાર કરવાથી જ તો દરજ્જો ઊંચો થશે. ક્રોધ કરવાવાળા અંતમાં હારી જાય છે અને બીજાઓના ક્રોધને ધૈર્યપૂર્વક સહેવાવાળા જીતી જાય છે.'

બંન્ને ભાઈઓએ સાવધાની રાખવી જોઈએ કે તેઓ સ્ત્રીઓના ઝઘડાને પોતાનામાં ન લાવે. સ્ત્રીઓમાં સહેવાની શક્તિ (સ્વભાવ) ઓછી હોય છે, તેથી ભાઈઓએ ખૂબ સાવધાનીથી વર્તાવ કરવો જોઈએ, જેથી એકબીજા વચ્ચે ખટપટ ના થાય. જો સ્ત્રીઓને એકબીજા સાથે બને જ નહીં તો અલગ અલગ થઈ જવું જોઈએ *. પણ અલગ-અલગ પણ

---

* રોજનારી રાડ આપસકી આછી નહીં, બને જહાઁતક બાડ ચટપટ કીજૈ ચાકરિયા ।

પ્રેમને માટે જ થવું જોઈએ. જો અલગ અલગ થઈને પણ એકબીજા વચ્ચે ખટપટ રહેતી હોય તો પછી અલગ-અલગ થવાથી શું થયું ? તેથી પ્રેમને માટે જ સાથે અને પ્રેમને માટે જ અલગ થવાનું છે. અલગ થવાથી પોતાના ભાગને માટે ઝઘડો નહીં કરવો જોઈએ. નાના ભાઈએ મોટા ભાઈ જેટલું આપે તેટલું જ લેવું જોઈએ, પણ મોટા ભાઈએ પોતાની દૃષ્ટિથી નાના ભાઈને વધારે આપવું, કારણ કે તે નાનો છે, વહાલને પાત્ર છે. પોતાની દૃષ્ટિથી વધુ આપવાથી પણ નાનો ભાઈ (પોતાની દૃષ્ટિથી) ઠીક ના માને તો મોટા ભાઈએ નાના ભાઈની દૃષ્ટિનો જ આદર કરવો જોઈએ, પોતાની દૃષ્ટિનો નહીં.

ત્યાગ જ મોટી ચીજ છે. તુચ્છ ચીજોને માટે રાગ-દ્વેષ કરવો એ ભારે મોટી ભૂલ છે. કારણ કે ચીજો તો અહીં રહી જશે, પણ રાગ-દ્વેષ સાથે જશે. તેથી મનુષ્યએ હમેશાં સાવધાન રહેવું જોઈએ અને પોતાના અંતઃકરણને કદી મેલું નહીં કરવું જોઈએ.

પ્રશ્ન : પુત્ર એકબીજા સાથે લડે તો ભાઈઓએ શું કરવું જોઈએ ?

ઉત્તર : જ્યાં સુધી બને ત્યાં સુધી પોતાના પુત્રનો પક્ષ ના લેવો, ભાઈના પુત્રનો પક્ષ લેવો. જો ભાઈના પુત્રનો અન્યાય હોય તો તેને શાંતિથી સમજાવવો જોઈએ. તાત્પર્ય એ છે કે પોતાના સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરે તો બધા સાથે સારો વર્તાવ થશે.

પ્રશ્ન : મા અને પત્ની (સાસુ અને વહુ) એકબીજા સાથે લડે તો પુત્રનું શું કર્તવ્ય છે ?

ઉત્તર : એવી સ્થિતિમાં પુત્રને માટે મોટી મુશ્કેલી હોય છે. તે જો માનો પક્ષ લે તો સ્ત્રી રડવા લાગી જાય છે અને સ્ત્રીનો પક્ષ લે તો મા દુઃખી થઈ જાય છે કે આ તો સ્ત્રીનો થઈ ગયો, મારો નહીં રહ્યો ! આવા સંજોગોમાં પુત્રે તો ખાસ કરીને માનો જ આદર કરવો જોઈએ, માની જ વાત સાંભળવી જોઈએ અને સ્ત્રીને એકાંતમાં સમજાવવી કે 'મારા મા સમાન મારા માટે અને તારા માટે પણ પૂજનીય, આદરણીય કોઈ નથી. તેના જેવું આપણા બન્નેનું હિત જોવાવાળું અને હિત ચાહવાવાળું પણ બીજું કોઈ નથી.મા તને

ખરું-ખોટું સંભળાવી પણ દે તો દિલથી તે તારું અહિત કદી ચાહતી નથી, પણ સદા તારું હિત જ ચાહે છે. જો તું મને રાજી રાખવા ચાહતી હોય તો માને રાજી રાખ.' પુત્રે સ્ત્રીને વશ થઈને તેના કહ્યામાં આવી જઈને કલહ, ઝઘડો, દ્વેષ ન કરવો જોઈએ. સ્ત્રીના કહ્યામાં આવી જઈને મા, બહેન વગેરેનો તિરસ્કાર, અપમાન વગેરે કરી દેવું બહુ મોટો અપરાધ છે.

માને પણ એકાંતમાં સમજાવવી કે 'મા ! આ બિચારી પોતાનાં મા-બાપ, ભાઈ-ભોજાઈ વગેરે બધાને છોડીને આવી છે, તેથી તમે જ તેને લાડ-પ્યાર કરી શકો છો. તેનું દુઃખ સાંભળવાવાળું બીજું કોણ છે ? આ પોતાના સુખ-દુઃખની વાત કોને કહે ? તમે જ તેની મા છો. તેના દ્વારા આપના મનથી વિરુદ્ધ વર્તાવ થઈ પણ જાય તોપણ સહન કરીને તેને નિભાવવી જોઈએ, આપણે બે જ તેનો ખ્યાલ નહીં કરીએ તો તે ક્યાં જશે ? તેથી મા ! આને ક્ષમા કરી દો. મેં બાળપણમાં કેટલીય વાર ખોળામાં ટટ્ટી-પેશાબ કરી દીધો, પણ મને તમારું જ અંગ માનીને મારા પર કદી ગુસ્સો કર્યો નહીં, પણ ક્ષમા કરી દીધી અને તેને મારો ગુનો માન્યો જ નહીં. તેવી જ રીતે આને તમારું અંગ સમજીને ક્ષમા કરી દો. જે રીતે દાંતથી જીભ કપાઈ જાય છે તો દાંત સાથે વેર રાખતા નથી, તેના પર ગુસ્સો આવતો નથી, તેવી જ રીતે આના દ્વારા કોઈ અપકાર થઈ જાય તો તમને ગુસ્સો નહીં આવવો જોઈએ, કારણ કે આ આપનું જ અંગ છે, જેવી રીતે હું તમારું અંગ છું , તેવી જ રીતે મારું અંગ હોવાથી આ પણ આપનું જ અંગ થયું.'

પ્રશ્ન : પત્ની અને પુત્રવધૂ એકબીજા સાથે લડે તો પતિ (સસરા)એ શું કરવું જોઈએ ?

ઉત્તર : પતિએ પોતાની પત્નીને ધમકાવવી જોઈએ અને પુત્રવધૂને આશ્વાસન આપે કે હું તારી સાસુને સમજાવીશ. પોતાની પત્નીને

એકાંતમાં સમજાવે કે 'જો ! તું જ આની મા છે. આ પોતાના માતા-પિતા, ભાઈ-ભોજાઈ વગેરે બધાને છોડીને આપણા ઘરે આવી છે. તેથી તારું કર્તવ્ય છે કે તારે તેનું પાલન પોતાની પુત્રીની જેમ કરવું અને તેને પ્યાર કરવો. આ પોતાના દુઃખની વાત તારા સિવાય કોને કહેશે ? પોતાનો આધાર, આશ્રય કોને બનાવશે ?'

પુત્રવધૂને સમજાવવું જોઈએ કે, 'જો દીકરી ! સાસુ જે કરે છે તે વહુના હિતને માટે જ કરે છે. પુત્ર જન્મે છે, ત્યારથી જ તે આશા રાખે છે કે મારી વહુ આવશે, મારું કહેલું કરશે, મારી સેવા કરશે ! એવી આશા રાખવાવાળી સાસુ વહુનું અહિત કેવી રીતે કરી શકે ? બાળપણું હોવાના કારણે, પોતાના મનને અનુકૂળ ન થવાથી તને સાસુની વાત ખોટી લાગે છે. દીકરી ! તું તારા મા-બાપ વગેરે બધાને છોડીને અહીં આવી છે તો શું એક સાસુને પણ રાજી રાખી શકતી નથી ! સાસુ કેટલા દિવસની છે ? અહીંની માલિકણ તો તું જ છે. તમારા બન્નેનો ઝઘડો કોઈ ભલા લોકો સાંભળશે તો આમાં દોષ (ભૂલ) તારો જ માનશે, જેમ કે વડીલો, વૃદ્ધો અને બાળકો એકબીજા ઝઘડે તો દોષ બાળકોનો જ માનવામાં આવે છે. વડીલો, વૃદ્ધોનો નહીં. તેથી આ બધી વાતને ખ્યાલમાં રાખીને તારે પોતાના વ્યવહારનો સુધારો કરવો જોઈએ, જેથી તારો વ્યવહાર સાસુને ખરાબ ના લાગે. ક્યારેય તારાથી કટુ વર્તન થઈ જાય તો સાસુના પગમાં પડીને, રડીને ક્ષમા માગી લેવી જોઈએ. તેથી સાસુ પર ઘણો સારો પ્રભાવ પડશે જેથી તમારી બન્નેની તથા ઘરની શોભા વધશે અને ઘર સુખી થશે. એક તારા બગડવાથી આખું ઘર અશાંત થઈ જશે. ઘરની અશાંતિનું કારણ શા માટે બને છે ? તું વડીલોની આજ્ઞાનું પાલન કર, સવાર-સાંજ વડીલોને પગે લાગ. સાસુ કાંઈ કહે, તારે તેની સામે નહીં બોલવું. જ્યારે તે શાંત થઈ જાય, ત્યારે પોતાના મનની વાત ખૂબ શાંતિથી તેને જણાવી દેવી. તે

માને તો ઠીક, ન માને તોપણ ઠીક. તારો કોઇ વાંક નહીં રહેશે.'

પ્રશ્ન : પિતા અને માતા એકબીજા સાથે ઝઘડે તો પુત્રનું શું કર્તવ્ય છે ?

ઉત્તર : બને ત્યાં સુધી પુત્રએ માનો પક્ષ લેવો જોઇએ, પરંતુ પિતાને આ વાતની ખબર નહીં પડવી જોઇએ કે આ પોતાની માનો પક્ષ લે છે. પિતાને કહેવું જોઇએ કે 'પિતાજી ! આપ અમારા બધાના માલિક છો. મારી મા કાંઇ પણ કહેશે તો આપને જ કહેશે. આપના સિવાય તેનું સાંભળવાવાળું કોણ છે ? વિવાહ સમયે આપે અગ્નિ અને બ્રાહ્મણની સાક્ષીએ જે વચન આપ્યાં હતાં, તેનું પાલન કરવું જોઇએ. મા આપને દીધેલાં વચન નિભાવે છે કે નહીં, તેનો ખ્યાલ નહીં કરીને આપે આપનું કર્તવ્ય નિભાવવું જોઇએ. આપ મર્યાદા રાખશો તો મારા અને મારી માના લોક-પરલોક બન્ને સુધરી જશે, નહીં તો અમે બન્ને ક્યાં જઇશું ? આપના વિના અમારી કેવી દશા થશે ? હું આપને શિખામણ નથી આપી રહ્યો, માત્ર યાદ આપી રહ્યો છું. હું કંઇક અનુચિત પણ કહી દઉં તો આપે ક્ષમા કરી દેવી જોઇએ, કારણ કે આપ વડીલ છો—'**ક્ષમા બડનકો ચાહિયે, છોટનકો ઉત્પાત । કહા વિષ્ણુકો ઘટ ગયો, જો ભૃગુ મારી લાત ॥**' ભૃગુએ લાત મારી તો વિષ્ણુ ભગવાનનું કાંઇ ઘટયું નહીં, ઉલટાનો તેમનો મહિમા વધ્યો. તેથી આપ જાતે વિચારો. આપને શું સમજાવું, આપ ખુદ જ જાણકાર છો.'

પરિવારમાં કલહ ન થાય– તેના માટે પ્રત્યેક વ્યક્તિનું કર્તવ્ય છે કે તે પોતાના અધિકારનો ત્યાગ કરીને બીજાઓનાં અધિકારની રક્ષા કરે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો આદર અને સન્માન ચાહે છે, તેથી બીજાઓને આદર અને સન્માન આપવાં જોઇએ.

પ્રશ્ન : સાસુ પુત્રનો પક્ષ લઇને હેરાન કરે તો વહુએ શું કરવું જોઇએ ?

ઉત્તર : વહુએ એમ સમજવું જોઈએ કે આ તો ઘરના માલિક છે. હું તો બીજા ઘરેથી આવી છું. તેથી આ લોકો કાંઈ પણ કહે, કાંઈ પણ કરે તો, મારે તો તે જ કરવાનું છે. જેથી આ લોકો રાજી રહે. વહુએ સાસુની સાથે સારું વર્તન કરવું જોઈએ. તેનાથી દ્વેષ બહિ કરવો જોઈએ. તેણે પોતાના ભાવોની રક્ષા કરવી જોઈએ. પોતાના ભાવોને અશુદ્ધ નહીં થવા દેવા જોઈએ. તેણે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે 'હે નાથ ! આ લોકોને સદ્‌બુદ્ધિ આપો અને મને સહિષ્ણુતા આપો'.

પ્રશ્ન : પતિ અને સસરા એકબીજા સાથે લડે તો સ્ત્રીએ શું કરવું જોઈએ ?

ઉત્તર : સ્ત્રીનું કર્તવ્ય છે કે તે પોતાના પતિને સમજાવે, જેમ 'અહીંયાં જે કાંઈ છે, બધું પિતાજીનું જ છે. આપની માને પણ પિતાજી જ લાવ્યા છે. ધન-સંપત્તિ, જમીન-મિલકત, ઘર-વૈભવ વગેરે પિતાજીનું જ કમાયેલું છે. તેથી તેમનો બધી રીતે આદર કરવો જોઈએ. તેમની વાત માનવી ન્યાય, ધર્મ છે અને આપનું કર્તવ્ય છે. કાંઈ પણ લખ્યા-કર્યા વિના આપ તેમની સંપત્તિના સ્વતઃસિદ્ધ ઉત્તરાધિકારી છો. તેથી તેઓ કાંઈ પણ કહે તે બધું આપે માન્ય રાખવું જોઈએ. આપે શરીર મન, વાણી, વગેરેથી પૂરેપૂરો તેમનો આદર કરવો જોઈએ. તેઓ ક્યારેય ગુસ્સામાં આવીને કાંઈ કહી દે તો એવું જ વિચારવું જોઈએ કે તેમના સમાન મારું હિત કરવાવાળું બીજું કોઈ નથી. તેથી તેમનું મન, કદી દુખાડવું ન જોઈએ. હું પણ કાંઈ અનુચિત કહી દઉં તો આપે મારી પરવા ન કરીને પિતાજીની વાતનો જ આદર કરવો જોઈએ.'

પ્રશ્નઃ પતિ અને પુત્ર એકબીજા સાથે લડે તો સ્ત્રીએ શું કરવું જોઈએ ?

ઉત્તરઃ સ્ત્રીએ તો પતિનો જ પક્ષ લેવો જોઈએ અને પુત્રને સમજાવવો

જોઈએ કે 'બેટા ! તારા પિતાજી જે કાંઈ કહે, જે કાંઈ કરે, પણ વાસ્તવમાં તેમના હૃદયમાં સ્વતઃ તારા માટે હિતનો જ ભાવ છે. કદી તારું અહિત નહીં કરી શકે અને બીજા કોઈ તારું અહિત કરે તો તે સહી નહીં શકે. તેથી આ ભાવોનો ખ્યાલ રાખીને તારે પિતાજીની સેવામાં જ તૈયાર રહેવું જોઈએ. તું મારો આદર ભલે ઓછો કરે, પણ પિતાજીનો આદર વધારે કરવો. ખરેખર આપણા માલિક તો એ જ છે. મારો આદર ઓછો પણ કરશે તો હું નારાજ નહીં થઈશ, પણ તારા પિતાજી નારાજ નહીં થવા જોઈએ. હું પણ તેમને પ્રસન્ન રાખવા ચાહું છું અને તારી પણ ફરજ છે કે તારે તેમને પ્રસન્ન રાખવા.'

પ્રશ્ન : પત્ની અને પુત્ર એકબીજા સાથે લડે તો પુરુષનું શું કર્તવ્ય છે ?

ઉત્તર : તેણે પુત્રને સમજાવવો જોઈએ કે 'બેટા, માને રાજી રાખવાનું તારું વિશેષ કર્તવ્ય છે. સંસારમાં જેટલા પણ સંબંધ છે, તે બધામાં માનો સંબંધ ઊંચો છે. તેથી પોતાની સ્ત્રીને વશીભૂત થઈને માના મનને દુભાવવું નહીં જોઈએ.'

પત્નીને કહેવું જોઈએ કે 'તે આને પેટમાં રાખી, જન્મ આપ્યો, પોતાનું દૂધ પીવડાવ્યું છે, ખોળામાં ટટ્ટી-પેશાબ કર્યા છતાં પણ તેં આના પર કદી ગુસ્સો કર્યો નથી. બલ્કે ખુશીથી કપડાં ધોયાં છે. હવે આ તને કાંઈ કડવા પણ બોલ બોલી દે છતાં પોતાનો વહાલો પુત્ર માનીને તેને ક્ષમા કરી દે, કારણ કે તું મા છે, પુત્ર કુપુત્ર થઈ શકે છે, પણ માતા કુમાતા થઈ શકતી નથી-'**કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ**' ।

પ્રશ્ન: પરિવારમાં પ્રેમ અને સુખ શાંતિ કેવી રીતે રહે ?

ઉત્તર: જ્યારે મનુષ્ય પોતાના ઉદ્દેશ્યને ભૂલી જાય છે, ત્યારે બધી બાધા, આફતો આવે છે. અગર તે પોતાના ઉદ્દેશ્યને જાગ્રત રાખે કે ભલે જે થવાનું હોય તે થાય, મારે મારી આધ્યાત્મિક ઉન્નતિ કરવી જ છે, તો

પછી તે સુખ-દુઃખને નથી ગણતો— **'मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥'** અને પોતાના સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરવામાં તેને કોઈ મુશ્કેલી પણ નથી. સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ થવાથી વ્યવહારમાં કોઈ બાધા, અડચણ આવતી નથી. વ્યવહારમાં પરસ્પર પ્રેમ થવામાં મુશ્કેલી ત્યારે આવે છે, જ્યારે માણસ પોતાનો કક્કો જ ખરો કરાવવા ચાહે છે, પોતાનો સ્વાર્થ સાધવા ચાહે છે.

બીજાનું ભલું કેવી રીતે થાય, તેનું કલ્યાણ કેવી રીતે થાય, તેનું આદર-સન્માન કેવી રીતે થાય , તેને સુખ-આરામ કેવી રીતે મળે— આ વાત આચરણમાં આવી જાય છે, ત્યારે સૌ કુટુંબીઓ પ્રસન્ન થઈ જાય છે. કોઈ વખત કોઈ કુટુંબી નાખુશ થઈ પણ જાય તો તેની નાખુશી ટકશે નહીં, સ્થાયી નહીં રહેશે, કારણ કે જ્યારે પણ તે પોતાને માટે વિચાર કરશે, ત્યારે તેની સમજમાં આવી જશે કે મારું હિત આ વાતમાં છે. જેમ બાળકને ભણાવીએ ત્યારે રમવા-કરવામાં વૃત્તિ રહેવાને કારણે તેને ભણવું ખરાબ લાગે છે, પણ પરિણામે તેનું હિત થાય છે. આવી જ રીતે કોઈ બાબત બરાબર હોવા છતાં પણ કોઈને ખરાબ લાગે છે તો તે સમયે ભલે તેની સમજમાં ના આવે, પણ ભવિષ્યમાં જરૂર સમજમાં આવશે. કદાચ તેની સમજમાં ના પણ આવે તોપણ આપણને આપણી દાનત અને આચરણ પર સંતોષ રહેશે કે આપણે તેનું ભલું ચાહીએ છીએ અને આપણી અંદર એક બળ રહેશે કે આપણી વાત સાચી અને નક્કર છે.

એકબીજા વચ્ચે પ્રેમ રહેવાથી જ પરિવારમાં સુખ-શાંતિ રહે છે. પ્રેમ થાય છે અને પોતાના સ્વાર્થ અને અભિમાનના ત્યાગથી જ્યારે સ્વાર્થ અને અભિમાન નહીં રહે, ત્યારે પ્રેમ નહીં રહેશે તો શું રહેશે ! બીજી વ્યક્તિ પોતાના સ્વાર્થને વશીભૂત થઈને આપણી સાથે વર્તન કરે છે તો કદી-કદી આ ભાવ પેદા થાય છે કે હું તો તેની સાથે સારો વર્તાવ કરું છું, તેમ છતાં પણ આ ખુશ થતાં નથી, હું શું કરું ! આવો ભાવ થવામાં આપણી

સૂક્ષ્મ સુખ-લોલુપતા જ કારણ છે, કારણ કે બીજી વ્યક્તિ તાત્કાલિક સુખી, ખુશ થવાથી એક સુખ મળે છે. તેથી આ સુખ-લોલુપતાની જાણ થતાં જ તેનો ત્યાગ કરી દેવો જોઈએ, કારણ કે આપણે માત્ર આપણું કર્તવ્ય નિભાવવાનું છે, બીજાનો આદર કરવાનો છે, તેના પ્રત્યે પ્રેમ કરવાનો છે, આપણા ભાવ અને આચરણની તેના પર અસર પડશે જ. હા, અંતઃકરણમાં કઠોરતા હોવાને કારણે તેના પર અસર ના પણ પડે તોપણ આપણે આપણી તરફથી સારું કર્યું— આ વાતને લીધે આપણને સંતોષ થશે. સંતોષ થવાથી આપણો પ્રેમ ઘટશે નહીં અને પરિવારમાં પણ સુખ-શાંતિ રહેશે.

—— ——:: X X :: —— ——

॥ શ્રીહરિ: ॥

કેન્સરની દવા તુલસી !

કેન્સર આ યુગમાં એક અસાધ્ય રોગ મનાયો છે, આ રોગના પ્રતિકારમાં તુલસીનાં પત્તાં અક્સીર ઉપાય છે— એવું જાણવામાં આવ્યું છે.

એક રોગમાં ડોકટરે નિદાન કર્યું કે આને કેન્સર છે, રોગીને ટાટા હોસ્પિટલ (મુંબઇ)માં રાખવામાં આવ્યો. થોડો આરામ થયો. પરંતુ રોગે ફરીથી આક્રમણ કર્યું. ડાકટરોએ કહી દીધું કે 'ઈશ્વર પર ભરોંસો રાખીને ઈલાજ કરતા રહો.'

આવા રોગી પર નીચે લખ્યા પ્રમાણે પ્રયોગ કરવાથી એટલો બધો લાભ થયો કે આજે તે સિત્તેર વર્ષની ઉંમરે ખાય છે, પીએ છે અને ચાલતો-ફરતો છે.

પ્રયોગ – દૂહીંને વલોવીને તૈયાર કરેલા મઠામાં તુલસીનાં ૩૦ થી ૩૬ પત્તાં મસળીને તે મઠો પી જવાનો. સવારે અને સાંજે આ પ્રયોગ કરવો. દૂધ અને દહીંને લગભગ એકથી દોઢ કિલો પ્રમાણમાં લેવાં. આમ કરવાથી થોડા જ સમયમાં આરામ થવા લાગશે, તેલ, મરચાં વગેરેનું સેવન નહીં કરવું જોઈએ.

જોરાવરનગરના મારા એક પ્રેમી સજ્જનને કેન્સર થઈ ગયું. તેમણે ટાટાની હોસ્પિટલમાં ૪૩ લાઈટ લીધી. પરંતુ આરામ નહીં લાગવાથી થોડા હતાશ થઈ ગયા. પછી તેમણે ઉપર્યુક્ત પ્રયોગ શરૂ કર્યો અને તેઓ ખાય છે, પીએ છે અને બોલી-ચાલી શકે છે. એવું લાગે છે કે જાણે નવું જીવન મળ્યુ હોય. 'અખંડ આનંદ'

— 'કલ્યાણ' વર્ષ ૪૩, સં ૫, પૃ ૯૫૬ પરથી

કલ્યાણ માસિક પત્રિકાના ગ્રાહક બનો, બનાવો.
'કલ્યાણ-કાર્યાલય' પો. ગીતાપ્રેસ, ગોરખપુર — ૨૭૩૦૦૫.